માર્ચ-એપ્રિલ ૨૦૧૦
વર્ષ ૪ અંક ૨

# ખોજ

જીવન એક અવિરત ખોજ

## ગુજરાતમાં માઓવાદ ?

## મહિલા આરક્ષણ

## શાહબાનોથી શબાનાબાનો

## સૂફી પરંપરા પ્રેરિત ગુજરાતી સંત સાહિત્ય

## ગણિતના ભેખધારી પ્રા. પ્ર. ચુ. વૈદ્ય

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*

*A Greek bard, 570-475 B.C.*

# ખોજ

## જીવન એક અવિરત ખોજ

માર્ચ - એપ્રિલ ૨૦૧૦
વર્ષ ૪, અંક ૨

| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો | | ૫ |
| પ્રતિભાવ - ગુજરાતી અખબારો અંગે | અશ્વિન ઝિંઝુવાડિયા | ૬ |
| ગરીબ વિદ્યાર્થીઓ અને નવો શિક્ષણ કાયદો | પાર્થ શાહ | ૦૮ |
| ગુજરાતમાં માઓવાદ ? | અંબરીષ / તૃપ્તિ | ૦૯ |
| 'ખાપ' પંચાયતોના પૂર્વગામી ફતવાઓ | તૃપ્તિ પારેખ | ૧૩ |
| મહિલા આરક્ષણ ખરડો | તૃપ્તિ પારેખ | ૧૪ |
| ચિંતાજનક રાજકારણ | મધુ પૂર્ણિમા કિશ્વર | ૧૭ |
| મહિલા આરક્ષણ મુદ્દે રાજકીય ઊથલપાથલો | બરુન મિત્રા | ૧૮ |
| એકવીસમી સદીમાં સ્ત્રીનું સશક્તિકરણ | રાજુલ એલ. દેસાઇ | ૨૦ |
| શાહબાનોથી શબાનાબાનો | ફ્લેવિયા એગ્નસ | ૨૨ |
| શિક્ષણનું મહત્ત્વ સમજાવતી મુન્ની બેગમ | અશ્વિનકુમાર ન. કારીઆ | ૨૫ |
| સૂફી પરંપરા પ્રેરિત ગુજરાતી સંત સાહિત્ય | મહેબૂબ દેસાઇ | ૨૭ |
| ફતવા કોની કોની સામે બહાર પાડશો ? | એમ. જે. અકબર | ૩૪ |
| સર્વસમાવેશક વિકાસ સામેના અવરોધો | દિનેશ શુકલ | ૩૫ |
| ''મેરા ભારત મહાન'' ની સંવેદનશીલ તસવીર | મેમન હાજી અ. રઝાક હાજી દાઉદ | ૩૬ |
| સેવાભાવી સંસ્થાઓ અને કરવેરા | કાલુલાલ છ. મહેતા | ૩૮ |
| જગદીપ સ્માર્તનું પુસ્તક - રંગ રેખા અક્ષર | સવજી છાયા | ૩૯ |
| 'હરિશ્ચંદ્ર'ના હરવિલાસબેન | તૃપ્તિ પારેખ | ૪૦ |
| ગણિતના ભેખધારી પ્રા.પ્ર.ચુ.વૈદ્ય | રેખા મહેતા | ૪૧ |

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com
truptiparekh1@hotmail.com

'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

૯મી માર્ચે રાજ્યસભામાં મહિલા અનામત વિધેયક પસાર થઇ ગયું. દેશના સંસદીય ઇતિહાસમાં કદાચ પહેલી વાર કોંગ્રેસ, ભાજપ તેમજ ડાબેરીઓ એમ સૌએ એના સમર્થનમાં મતદાન કર્યું. લગભગ બધા આ વિધેયકને 'પ્રગતિશીલ' જ માને છે અને લોકસભામાં પણ એ ઝડપથી પસાર કરી દેવામાં આવે તેવી માંગણી કરે છે. લાલુ કે મુલાયમસિંહ જેવાઓ એનો જે વિરોધ કરી રહ્યા છે તે તો વોટબેંકની રાજનીતિને કારણે જ આમ કરી રહ્યા છે એવી વાતો થઇ રહી છે, જે સાચી જ છે. પરંતુ આમ કરતી વખતે આ વિધેયક લાવવામાં પણ વોટબેંકનું રાજકારણ રહેલું છે તેના પર ધ્યાન આપવાનું ચૂકાઇ જાય છે. લાલુ કે મુલાયમ જેવાઓએ આ વિધેયકમાં દલિત, આદિવાસી કે અન્ય પછાત જ્ઞાતિની કે મુસ્લિમ મહિલાઓ માટેની અનામતની કોઇ વ્યવસ્થા ન હોવાનો મદ્દો ઊઠાવ્યો છે. એના જવાબમાં એમ કહેવાય છે કે તેઓ કે તેમના પક્ષ જો ઇચ્છે તો મહિલાઓ માટે અનામત એવી આ ૩૩ ટકા બેઠકોમાંથી બધી બેઠકો ઉપર આવી દલિત, આદિવાસી કે અન્ય પછાત જ્ઞાતિઓની મહિલાઓને કે મુસ્લિમ મહિલાઓને ઊભી રાખી જ શકે છે - કાયદામાં એની સામે કોઇ રોક તો છે નહીં - તો પછી એમને માટે અલગ વ્યવસ્થા કરવાની કોઇ જરૂર ખરી ? આ વાત, અલબત્ત, સાચી જ છે. પરંતુ આ જ તર્કને આગળ લંબાવીએ તો શું તે આ 'મહિલા અનામત'ના વિધેયકને પણ લાગુ નથી પડતો ? અત્યારે પણ કોઇ કે બધા પક્ષો ૩૩ ટકા બેઠકો (૩૩ ટકા જ શું કામ, ૫૦ ટકા કે બધી પણ કેમ નહીં) માટે મહિલાઓને ટિકિટ આપવા ઇચ્છતા હોય તો આપી જ શકે છે ને ? તો પછી એ માટે આ વિધેયક લાવવાની શું જરૂર છે ? આ ઉપરાંત, બંધારણીય લોકતંત્ર સાથે પણ એ કેટલું સુસંગત છે તે પાયાના સવાલ વિશે પણ જોઇએ એટલો વિચાર નથી કરવામાં આવ્યો. તૃપ્તિ, દિલ્હીના બરુન મિત્રા તેમજ મધુ કિશ્વરે તેમના લેખોમાં આ વિધેયકને લગતા આ તેમજ પ્રકાશમાં નહીં આવેલાં બીજાં પાસાંઓની વિગતે છણાવટ કરી છે.

આ જ અંકમાં મુસ્લિમ મહિલાઓના પ્રશ્ને મુંબઇના ફ્લેવિયા એગ્નસનો લેખ 'શાહબાનોથી શબાનાબાનો સુધી' પણ આપી રહ્યા છીએ. રાજીવ ગાંધી સરકારે ૧૯૮૬માં સંસદમાં 'મુસ્લિમ મહિલા (છૂટાછેડા વખતે અધિકારોનું રક્ષણ) કાયદો' પસાર કરાવેલો એ તો આપણે સૌ જાણીએ જ છીએ. એ પણ જાણીએ છીએ કે નામ મુસ્લિમ મહિલાઓના અધિકારોના રક્ષણનું હોવા છતાં આ કાયદો ખરેખર તો છૂટાછેડા પછી ભરણપોષણ મેળવવાના તેમના અધિકારને આંચકી લેવા માટે જ ઘડવામાં આવેલો. અને એમ કરવામાં શાહબાનો કેસમાં સુપ્રીમ કોર્ટે જે ચૂકાદો આપેલો તેને બાજુ પર મૂકી દેવાની તેમજ એમ કરીને મુસ્લિમ મૌલવીઓ / ઇમામોને ખુશ કરીને પોતાની મુસ્લિમ વોટબેંક પાકી કરી લેવાની જ ગણતરી હતી એ પણ સૌ જાણીએ છીએ. પરંતુ ત્યાર પછી હકીકતમાં આ કાયદાનો અમલ કઇ રીતે થઇ રહ્યો છે કે કોર્ટો એનું કેવું અર્થઘટન કરી રહી છે તે વિશે આપણે કશું જાણતા નથી. ફ્લેવિયાએ તેના આ લેખમાં ખૂબ જ રોચક માહિતી આપતા જણાવ્યું છે કે આવો કાયદો હોવા છતાં, આપણી કોર્ટોએ આ કાયદાનું સુંદર અર્થઘટન કર્યું છે અને એની નીચે પણ મુસ્લિમ મહિલાઓને ભરણપોષણ માટે મોટી રકમો અપાવી શકે છે ! આ દાખલો સમાજજીવનમાં કેમ ઘણીવાર અપેક્ષાથી વિપરીત અણધાર્યા પરિણામો (unintended consequences) જોવા મળે છે તેનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે.

આ ઉપરાંત, મહેબૂબ દેસાઇનો 'સૂફી પરંપરા-પ્રેરિત ગુજરાતી સંત સાહિત્ય' તથા અન્ય લેખો આપી રહ્યા છીએ.

હમણાં છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં માઓવાદી પ્રવૃત્તિઓએ પગદંડો જમાવ્યો હોવાની વાતો ફરી જોર પકડતી જાય છે. આ વખતે તો સુરત પોલીસે એ અંગે બાકાયદા ફરિયાદ પણ દાખલ કરી છે અને એ નીચે કેટલાક લોકોની ધરપકડ પણ કરી છે અને હજી કરાઇ રહી છે. એમાં ડાંગના અવિનાશ કુલકર્ણીનો પણ સમાવેશ થાય છે, જેને અમે સારી રીતે ઓળખીએ છીએ અને આદિવાસી મહાસભાના નેજા હેઠળ વન અધિકાર કાયદાના અમલના પ્રશ્ને જેની સાથે અમે અત્યંત ઘનિષ્ટતાથી કામ કર્યું છે. એટલે જ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં માઓવાદી પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાનો પોલીસનો કેસ ખરેખર કેચલો ટકી શકે એવો છે તેની તપાસ કર્યા વગર ચાલે એમ નહોતું. આ સાથે 'ગુજરાતમાં માઓવાદ ?' લેખમાં આ તપાસનાં પ્રાથમિક તારણોરજૂ કરી રહ્યા છીએ. સાથે સાથે અમે જે અવિનાશને ઓળખીએ છીએ તેનું ચિત્ર પણ રજૂ કરીએ છીએ.

*- સંપાદક*

## પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૯૦૨૯૦

''ખોજ''માં પ્રસિદ્ધ થતા લેખોની ગુણવત્તા અંગે કોઇ બે મત હોઇ ન શકે. ''ખોજ''ના સંપાદકો એ દ્રષ્ટિએ એમનું કાર્ય અત્યંત ઇમાનદારીથી કરે છે. ''ખોજ''ના નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૮માં પ્રસિદ્ધ થયેલા મારા લેખ ''ઇસ્લામ અને ઓમ શાંતિ'' (ખોજ નવે.-ડિસે. ૨૦૦૮) ની ગુણવત્તા અંગે ખોજના એક વાચક રંગવાલા હકીમ એચ. એ વ્યક્ત કરેલ પ્રતિભાવ ટાણે જ મને સ્પષ્ટતા કરવાની ઇચ્છા થઇ હતી. પણ સંપાદકશ્રીએ જ તેનો ઉત્તર પાઠવી દીધો હોઇ, મારે તે અંગે કંઇ લખવાનું રહેતું ન હતું. પણ એ સબબ પુનઃ જાન્યુઆરી ૨૦૧૦ ના અંકમાં એ જ વાચકનો એ જ સંદર્ભનો પત્ર વાંચી આ લખવા પ્રેરાયો છું.

''ખોજ''માં પ્રસિદ્ધ થતા લેખોના માપદંડની સત્યતા વ્યક્ત કરતો એક પુરાવો આપવાનું મને ગમશે. ''ખોજ''માં પ્રસિદ્ધ થયેલ મારો લેખ - ''ઇસ્લામ અને ઓમ શાંતિ''નો અંગ્રેજી અનુવાદ આંતરરાષ્ટ્રિય જર્નલ ઓફ નોનવાયોલન્સ ઇન એકશનના ''અનાશક્તિ દર્શન''ના તાજા અંકમાં પ્રસિદ્ધ થયો છે. આ જર્નલ આંતરરાષ્ટ્રિય સેન્ટર ફોર ગાંધીયન સ્ટડી એન્ડ પીસ રિસર્ચ, ગાંધી સ્મૃતિ એન્ડ ગાંધી દર્શન, રાજઘાટ, ન્યુ દિલ્હી દ્વારા પ્રસિદ્ધ થાય છે. આંતરરાષ્ટ્રિય કક્ષાના જર્નલમાં લેખોની પસંદગી માટે વિષય તજજ્ઞોની એક સમિતિ હોય છે, જે લેખની ગુણવત્તા તપાસીને જે તે લેખની પ્રસિદ્ધિ માટે સ્વીકૃતિ આપે છે. વધુ ન લખતાં ''ખોજ''ના લેખોની ગુણવત્તા માટે હું તેના સંપાદકોને બાઅદબ સલામ કરું છું.

*- ડૉ. મહેબૂબ દેસાઈ, ભાવનગર*

'ખોજ' ની ઇંતેજારી રહે છે. કેટલાક લેખ ઝડપથી વંચાઇ જાય છે, કેટલાકને ઊંડાણથી સમજવા- શાંતિથી વાંચવાના રહે છે. વિવિધ વિષયોથી સમૃદ્ધ આ સામયિક શિક્ષણ સંસ્થાઓએ વસાવવું જોઇએ. શિક્ષણના પસંદગી પામેલા લેખોમાં ઉચ્ચ કક્ષાનું ચિંતન હોય છે.

ખોજ (જાન્યુ.ફેબ્રુ.૨૦૧૦) માં પાન ૧૪ પર 'તમારા બાળકને પહેલા ધોરણથી અંગ્રેજી શીખવાડશો નહીં' (લે. ઐયર અનુ. તૃપ્તિ પારેખ) નું શીર્ષક લેખની વિષયવસ્તુને સુસંગત નથી. લેખમાં માતૃભાષા અને અંગ્રેજીનું શિક્ષણ એકસાથે ન કરવાનું બતાવેલ છે- કોઇપણ બે ભાષાઓ શીખવામાં એક ભાષાની હથોટી આવી જાય તે જરૂરી બતાવેલ છે. લેખના છઠ્ઠા ફકરામાં તો અંગ્રેજી ભાષાના ઝાંબિયામાં થયેલા પ્રયોગની પ્રોત્સાહક વાત છે. તેમાં બીજી ભાષા તરીકે અંગ્રેજીને ધો-૧માં મૌખિક રીતે ભણાવવાની વાત છે અને લેખિત બીજા ધોરણમાં ભણાવવું. આ પ્રયોગ ખૂબ જ સારાં પરિણામ આપે છે, તેવું તેમાં સ્પષ્ટ છે. માતૃભાષાને પ્રાથમિકતા આપવાની વાત છે. ૧લા ધોરણમાં શીખવાડશો નહીં એ શીર્ષક ગેરમાર્ગે દોરે છે.

*- પુરુષોત્તમ ગો. પટેલ, અમદાવાદ*

(ગુજરાત અને બીજી કેટલીક રાજ્ય સરકારો સરકારી શાળાઓમાં પહેલા ધોરણથી જ અંગ્રેજી દાખલ કરવાનું વિચારી રહી છે એના અનુસંધાનમાં એની સામે લાલબત્તી ધરવા માટે લેખકે આ લેખ લખ્યો છે અને તેથી જ તેમણે આ શીર્ષક આપ્યું છે - "Don't Teach English to Your Children in Class I".

અલબત્ત, બાળકોના શિક્ષણથી પરિચિત સૌને એક સવાલ તો ઉદ્‌ભવી જ શકે કે પહેલા ધોરણમાં બાળકોને માતૃભાષા પર ખરેખર એટલી સારી હથોટી આવી જાય છે ખરી (જે તેમણે ઝાંબિયાના અનુભવમાં બતાવી છે), જેમાં બાળક એક મિનિટમાં ૪૫-૬૦ શબ્દો ઝડપથી વાંચતું થઇ જાય ? એટલે કયા ધોરણથી બાળકને અંગ્રેજી શીખવાડવું જોઇએ એ પાયાનો સવાલ છે. બીજી બાજુ, લેખક પણ કહે છે અને દુનિયાભરના

અભ્યાસો પણ સ્પષ્ટ છે કે ૮ વર્ષથી નાનાં બાળકો માટે એકથી વધુ ભાષા શીખવી બહુ સુગમ હોય છે, જો એમને એનું પૂરતું exposure મળે તો. એટલે નાનપણથી બીજી ભાષાને દાખલ કરવી જરૂરી તો છે જ, પણ પહેલા ધોરણથી તો નહીં જ, એટલે કે બાળક માતૃભાષા ઝડપથી વાંચતું થઇ જાય તે પહેલાં નહીં. એટલે અહીં માતૃભાષા અને - બન્ને શીખવવા માટે fine balance કરવાની જરૂર છે. - તૃપ્તિ)

'ખોજ' દ્વિ માસિકનું લખાણ, તેમાં આવતા લેખો અને ખાસ અનિલભાઈનો લેખ વાંચું છું. ખોજ પૂરેપૂરું વાંચું છું અને ''પ્રબુદ્ધજીવન'' તેમજ બીજા એક બે English સાપ્તાહિક વાંચું છું. Khoj has impressed me most.

*- પ્રવીણ કે. શાહ, મુંબઈ*

ખોજ શરૂ થયું ત્યારથી ગ્રાહક - વાચક છું. પરામર્શ સમિતિનાં નામ વાંચી આનંદ થયો. 'ખોજ' ને માસિક કરો. પત્રો - પ્રતિભાવોને વિસ્તારવા સૂચન.

ગુજરાતી અખબારો વિશેનાં કેટલાંક નિરીક્ષણોનો પ્રત્યુત્તર છે. પૂરક વિગત છે. વાચકના પત્રોમાં અથવા તમને યોગ્ય લાગે તેમ પ્રસિદ્ધ કરવા વિનંતી છે. આ મુદ્દે અન્ય લેખકો પણ પોતાના વિચારો લખે તો તંદુરસ્ત ચર્ચા થઈ શકે.

*- અશ્વિન ઝિંઝુવાડિયા, મુંદ્રા*

**પ્રતિભાવ**

# ગુજરાતી અખબારો અંગે

**અશ્વિન ઝિંઝુવાડિયા**

'ખોજ' -જાન્યુ. ફેબ્રુ-૧૦ ના અંકમાં- 'ગુજરાતી અખબારો વિશેનાં કેટલાંક નિરીક્ષણો' શ્રી દિનેશભાઇ શુક્લનો લેખ વાંચ્યો. લેખકે શરૂઆતમાં જ કહી દીધું કે -''પત્રકારત્વ એ મારા અભ્યાસનો વિષય નથી, રસનો વિષય છે.'' એટલે આ મુદ્દે ખાસ કંઇ કહેવું નથી.

લેખકનાં નિરીક્ષણો પાણીમાં તરતા ઉપર દેખાતા બરફ જેટલાં જ છે. નીચે ડૂબેલો બરફ તો ધગધગે છે. કટોકટી દરમ્યાન સેન્સરશિપ સામે ''અખબારી સ્વાતંત્ર્ય - ચોથી જાગીર ઉપર ઘા થયો છે'' ની બૂમ બરાડા પાડતી આ જાગીર હવે ચોથી નહીં પણ 'છેલ્લી' જાગીર બનવા જઇ રહી છે. તાજેતરની વિધાનસભા-લોકસભાની ચૂંટણીમાં તેનો બિભત્સ ચહેરો વધુ વિકરાળ બનેલો જોવા મળ્યો હતો. કયું છાપું કયા પક્ષની તરફદારી કરે છે કે વિરોધ કરે છે તેની જાણ રિક્ષાવાળાને પણ છે. કયા સમાચારો છાપવા-ન છાપવા અને છાપવા તો કેમ કેવી રીતે, કયા દ્રષ્ટિકોણથી છાપવા તે સહિતનાં પાસાઓની એકહથ્થુ સત્તા મોટાભાગના અખબારમાલિકો પાસે છે. સમાચાર લાવનાર રિપોર્ટરની સ્વતંત્રતા તો કયારનીયે ચાલી ગઇ છે ! પણ છેલ્લી ચૂંટણી પછી તંત્રી પણ તેના માલિકનો ચિઠ્ઠીનો ચાકર બની ગયો છે. છાપું વ્યવસાય મટીને ધંધો થઇ ગયો છે. રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને સ્થાપિત હિતોએ ચોથી જાગીરને અભડાવી નાખી છે. લગ્નની સિઝનમાં જેમ બેન્ડવાળા-ગોરમહારાજ-ઘોડાવાળા-રસોઇયા અને ફૂલગજરા વેચવાવાળાને તડાકો પડે તેમ ચૂંટણીની સિઝનમાં છાપાવાળાને બખ્ખા થઇ પડે છે. છાપાવાળાની સિઝન એટલે ચૂંટણી. . . જાહેરખબરને જાહેરખબર તરીકે છાપે ત્યાં સુધી તો ઠીક છે.. .પણ 'પેઇડન્યુઝ' અને 'પેકેજ'ના નામે રાજકીય પક્ષો અને તેના ઉમેદવારોને રીતસર લૂંટવામાં આવે છે. એવાય દાખલા ઉપલબ્ધ છે કે ''મેનેજ'' ન થયેલા ઉમેદવાર વિશે-''ડિપોઝિટ જશે''નો સ્પષ્ટ નકારાત્મક અભિપ્રાય મેળવી ચૂકેલો ઉમેદવાર વિજયી થયો હોય -જો તમે વેચાવા માટે તૈયાર થયા હો તો ખરીદનારા મળી જ રહે!

કટોકટી સમયની સેન્સરશિપનો કોઇ બચાવ કરી શકે નહીં. પણ અત્યારે સંખ્યાબંધ ઇશ્યુ ઉપર રૂપિયા-સરકારી જમીન-પ્લોટ - કિંમતી આભૂષણ-જાહેરાતો ને એવું બીજું ઘણુંબધું ખિસ્સામાં સેરવી લઇ ખુદ અખબાર માલિકો જ ચોક્કસ સમાચાર ઉપર સ્વૈચ્છિક ગમતી 'સેન્શરશિપ' ઠોકી બેસાડે છે તેનું શું? એવી જ રીતે પક્ષના પે રોલ ઉપરના કોલમિસ્ટો જે તે પક્ષ કે તેના નેતાની કહેવાતી ઇમેજને ચકચકિત કરવા ચૂંટણીનાં પડઘમ વાગતાં જ 'ફલાણાને મત આપજો'નું માત્ર એક જ વાક્ય લખવાનું બાકી રાખી વાચકના માથે પક્ષીય પ્રચારનો મારો ચલાવ્યે જાય છે. ખુદ તે પક્ષ કે તેના નેતાને પણ ખબર નથી હોતી કે આપણે આટલા સારા છીએ. ટૂંકમાં, વાચકોની વિશ્વસનીયતાનું અખબારોની એ.સી. ઓફિસમાં લિલામ થાય છે. જે ઊંચી બોલી બોલે તે 'કલમ'ને વેચાતી લઇ જાય છે. અઢળક કાળું નાણું ઉમેદવાર અને પક્ષ-પ્રચાર માધ્યમોની ઓફિસોમાં ઠાલવે છે. માધ્યમોએ નથી બીલ બનાવવાનું કે નથી ઉમેદવારે ચૂંટણીપંચને હિસાબ આપવાનો. એક અંદાજ મુજબ ગત લોકસભા ચૂંટણીમાં કરોડો રૂા.ના પેઇડ ન્યુઝ છપાવવામાં આવ્યા હતા. લૂંટારાને ઘેર ચોરી કરવામાં બેઇમાની નથી, તો જવાબ પ્રચાર માધ્યમો આપતાં હતાં. પણ આવું ચૂંટણી સમયે જ બને છે એવું નથી. રોજબરોજની સામાન્ય ઘટનાથી માંડી સામાન્ય નાગરિકને સીધી રીતે સ્પર્શતા મુદ્દા અને અસાધારણ ઘટનાઓના કવરેજ પાછળ પણ અખબાર માલિકની મરજી જ સર્વોપરી છે. પત્રકાર પરિષદ બાદ શાહી ખાણાં અને શરાબની મિજબાની માણ્યા પછી તગડી ભેટ માંગતા કલમનવેશો પાસે શી અપેક્ષા રાખવી? કપાળ કૂટો. . .સાહેબ કપાળ . . .!

અન્ય મુદ્દાની ચર્ચા કરીએ તો ચર્ચાપત્રી કે વાચકોનાં મંતવ્યો-અભિપ્રાયો ભાગ્યે જ કોઇ છાપે છે. જે છપાય છે એ પણ ગમતા અને ધાર બુઠ્ઠી કરેલા જ છપાય છે. અહીં મહત્ત્વનો મુદ્દો એ છે કે ટી.વી. મિડિયા તો આ પ્રકારની પોતાની નૈતિક ફરજ છે એવું માનવા જ તૈયાર નથી!

કમનસીબે પ્રેસ કાઉન્સિલ પાસે પગલાં લેવાની સત્તા નથી. તાજેતરમાં રાજ્યસભામાં આ મુદ્દે સારી એવી ચર્ચા થઇ હતી. મૂળ મુદ્દા ઉપર પાછા ફરીએ તો અદના માનવીની- ક્યુમાં ઊભેલા છેલ્લા માણસની - જેણે ફરિયાદ કરવાનું પણ છોડી દીધું છે એવા કંગાળ અને બદતર જીવન વ્યતિત કરતા, જે આપણાં સૌની ચિંતાનું મધ્યબિન્દુ હોવું જોઇએ એ વર્ગનું ઉપરાણું કરનારો વર્ગ સીમિત બનતો જાય છે. મુંદરામાં ખાનગી કંપનીને કરોડો ચો.મીટર જમીન તદ્દન મામૂલી કિંમતે અપાઇ ગઇ છે, અપાઇ રહી છે. વાંધો એ નથી પણ સખત વાંધો એ છે કે ૧૦૦ ચો.વારના પ્લોટો કેટલા વંચિતોને આપ્યા? આ અને આ પ્રકારના પ્રશ્નો ઊઠતા જ નથી. તરફદારી કરવાવાળું જ કોઇ નથી! વંચિત વર્ગ હાંસિયામાં ધકેલાઇ ગયો છે. સમાચારપત્રોનાં પાનાંમાંથી પણ આ વર્ગની વ્યથા ઉપર સેન્સરશિપ મુકાઇ ગઇ છે! ''તમને વિકાસ દેખાતો જ નથી'' ? તેવો પ્રતિપ્રશ્ન ઉતારી પાડવા માટે કરાય છે ત્યારે વિચલિત થવાની જરૂર નથી. ઉદ્યોગપતિઓ ઝૂબિન મહેતા હોય એમ એના ઇશારે બધાં વાજિંત્રો વાગે છે. આ પ્રશ્ન પણ એ પૈકીનું જ એક વાજિંત્ર છે.

આખા રાજ્યના સમાચાર એક જ અખબારમાં આવે એ વ્યવહારુ નથી. એક જ છાપાની વિવિધ એડિશનો બહાર પડે છે. માટે જ નાના એવા સમાચારને પણ પૂરતી જગ્યા આપી શકાય. (જો ઇરાદા સારા હોય તો) તેમ મહત્ત્વની ઘટનાઓ રાષ્ટ્રનાં બધાં જ છાપાંમાં સંક્ષિપ્તમાં આવે જ છે. દા.ત. કોલકતાની તાજેતરની આગ... વાચક અને ઘટનાસ્થળ વચ્ચેનું અંતર જેમ વધુ તેમ તેની સંવેદનશીલતા ઓછી... પણ રાષ્ટ્રીય ચિંતનના મુદ્દાઓની નિષ્પક્ષ ચર્ચા પ્રમાણમાં ઓછી થાય છે. તેમ સંખ્યાબંધ વિષયો પ્રત્યેનું સર્વગ્રાહી આલેખન પણ ઓછું જ થાય છે. સેન્સેક્સ-નિફ્ટી-એમ.સી.એક્સ., શેર-સટ્ટો જેવા વિષયો શ્રીમંત વર્ગ સાથે સંબંધ ધરાવે છે. અને ઇન્ટરનેટ ઉપરાંત ટી.વી. ઉપર દરેક સેકન્ડે સેકન્ડની માહિતીનો ધોધ વહેતો જ હોવા છતાં પ્રિન્ટ મિડિયામાં પણ આ વિષયો વધુ જગ્યા રોકીને શા માટે કંટાળો આપતા હશે? તેમ આ મુદ્દે અલાયદા છાપાં ચેનલો તો છે જ. .. રિયોડી જાનેરોની નગ્ન (અર્ધ) યુવતીઓની તસ્વીરો છાપવા કરતાં તો બહેતર છે કે ધૂળમાં આળોટતી તદ્દન નગ્ન ચકલીનો ફોટો છાપો. .''પણ વાચકો સેક્સી પોઝ જુએ છે'' (તમે છાપો તો જોવાના જ છે...) તો ચકલીનો ફોટો પણ જોશે જ. પણ મૂળ મુદ્દો માર્કેટિંગનો છે. જે વાચકોની પસંદગીના નામે વટાવવામાં આવી રહ્યો છે.

પત્રકારિતા-અખબારો-પ્રચારમાધ્યમોના મૂળભૂત ઉદ્દેશ્યોની હિફાજત કેટલાંક જૂથો સુપેરે કરે જ છે. મેળવણ જેટલી છાસ બચવા પામી છે. પણ અત્યારે મિડિયા માલિકની મરજી વાચક ઉપર થોપી દેવામાં આવે છે. સેન્સરશિપ જોઇતી નથી ને સ્વયંશિસ્તમાં રહેવું નથી. વિવિધ રાજકીય પક્ષો અને ઉદ્યોગજૂથો પ્રચાર માધ્યમોની તોપનાં નાળચાં ધારે ત્યારે ધારે તેની સામે ફેરવી નાખે છે. અને કોઇ કાણાને કાણો કહે તો જાણે 'અખબારી સ્વાતંત્ર્ય ઉપર ખતરો' -ના બૂમ બરાડા કરવા કેટલું વાજબી છે? તાજેતરમાં એક ગુજરાતી સાપ્તાહિકે જાણીતા ઉદ્યોગપતિની આરતી ઉતારતી કવર સ્ટોરી છાપી. પરિણામ એ આવ્યું કે અન્ય હરીફ ગુજરાતી સાપ્તાહિકે કોલતાલનો ડબ્બો ખોલીને વિરુદ્ધમાં કવર સ્ટોરી છાપી. બન્ને સ્ટોરી પેઇડન્યુઝ છે, એ વાત એના તંત્રીશ્રીઓ સિવાય સૌ સમજી ગયા.

છાપાનો તંત્રી વાસ્તવમાં સ્વતંત્ર હોવો જોઇએ. તેમ એ તંત્રી પણ મનમાની ન કરી જાય એ માટે માલિકે કોઇ એક વ્યક્તિની નહીં પણ વધુ વ્યક્તિની ટીમ બનાવવી જોઇએ. વાચકના પત્રો વિવેકબુદ્ધિ સાથે છાપવા પડે એવી કાયદાકીય જોગવાઇ પણ હોવી જોઇએ. પણ સરવાળે સંખ્યાબંધ છટકબારીઓ વિવિધ તકેદારીમાં રહી જ જવા પામશે. અમોઘ શસ્ત્ર તો વાચકના હાથમાં જ છે. પૂર્વગ્રહયુક્ત લખાણો-અદના આદમીની વ્યથાને વાચા ન આપતું અને કોઇપણ જૂથના ઓછાયાવાળું છાપું કે સામયિક ખરીદવાનું જ જો છોડી દેવામાં આવે તો જ કાંઇક અસર પહોંચે. છાપાઓને તટસ્થ રહેવાની ગાંધીગીરી સ્ટાઇલથી ફરજ પાડવામાં આવે. જાહેરાતો ન આપવી અને છાપાં મેગેઝિન ન ખરીદવાનું બ્રહ્માસ્ત્ર જ્યાં સુધી ઉગામવામાં નહીં આવે ત્યાં સુધી એમની સાન ઠેકાણે નહીં આવે. વાચક વર્ગે વધુ બોલ્ડ બની તેની અસરકારકતા ફરીથી સાબિત કરવી પડશે.

આમ, મુદ્દો એ પણ નોંધવા જેવો છે કે નિયમિત પ્રમાણમાં તટસ્થ અને વ્યવસાયની મૂળભૂત વિભાવનાને વરેલાં છાપાં સામયિકોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. રેકર્ડ ઉપર નોંધાયેલાં તો અધધ... છે પણ વેચાતાં વંચાતાં અખબારની સંખ્યા વધવી જોઇએ. બિઝનેસના એન્ગલથી પણ જો સર્વે કરવામાં આવે તો અખબારી ધર્મ બજાવવાની સાથે રૂપિયા પણ મળે તેમ છે. વાચકને વધુ વિકલ્પની જરૂર છે.

અને છેલ્લે—પહેલાં એમ કહેવાતું -નો ન્યુઝ ઇઝ ગુડ ન્યુઝ. હવે—ગુડ ન્યુઝ ઇઝ નો ન્યુઝ. . .

વાચક રાજા છે એ વાચકે જ પુરવાર કરવું પડશે. . . ■

***૪, અમૃત કૃપા, જવાહર ચોક, મુંદ્રા, કચ્છ. ૯૮૨૫૧૬૯૯૯૭***

# ગરીબ વિદ્યાર્થીઓને નવો શિક્ષણ કાયદો કેટલો ઉપયોગી થશે?

**પાર્થ શાહ**

૧લી એપ્રિલે ભારતે દુનિયાનો સૌથી મોટો વાઉચર કાર્યક્રમ દાખલ કર્યો. બાળકો માટેનો મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ ૨૦૦૯ અમલી બન્યો. એટલે કે હવે પછીના શૈક્ષણિક વર્ષથી સરકારી માન્યતા પ્રાપ્ત એવી તમામ ખાનગી શાળાઓએ કુલ વિદ્યાર્થીઓના ૨૫ ટકા ૬ થી ૧૪ વર્ષની ઉંમરનાં ગરીબ અને પછાત વર્ગોનાં બાળકોને ફરજિયાત દાખલ કરવાં પડશે અને એની ફી સરકાર ચૂકવશે.

આમ તો કદાચ આ જોગવાઈ સભાનપણે વાઉચર કાર્યક્રમ તરીકે મૂકવામાં નહીં આવી હોય, પરંતુ વિદ્યાર્થીઓના હાથમાં શાળાની પસંદગી કરવાની તક આપવાની દૃષ્ટિએ એ એક ક્રાંતિકારી પગલું છે. સાથે જ આજની વાસ્તવિકતાનો સ્વીકાર પણ એમાં છે. કારણ કે આજે એ હકીકત છે કે દેશનાં ગરીબ વાલીઓ પણ પોતાનાં બાળકોને ખાનગી શાળાઓમાં દાખલ કરવા માટે લાઈન લગાડે છે, કારણ કે સરકારી શાળાઓ કરતાં એ ઘણું વધારે સારું શિક્ષણ આપે છે. શહેરી વિસ્તારોમાં ૫૦ ટકા જેટલાં વાલીઓ ખાનગી શાળા પર પસંદગી ઉતારે છે, અને ગ્રામીણ વિસ્તારોમાં એ સંખ્યા, શહેરોના પ્રમાણમાં અલબત્ત ઓછી છે, (જેનું કારણ ખાનગી શાળાઓ ઓછી છે એ છે), તો પણ ખાસ્સી મોટી તો છે જ.

એનું કારણ સ્પષ્ટ છે. ખાનગી શાળાઓ સરેરાશ રીતે ઓછી કિંમતે વધુ સારું શિક્ષણ પૂરું પાડે છે. દિલ્હીની એક સ્વૈચ્છિક સંસ્થાએ બહાર પાડેલ ૨૦૦૯ના એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ દર્શાવે છે કે સરકારી શાળાઓમાં પાંચમા ધોરણમાં ભણતાં બાળકોમાંથી અડધાથી વધુ બાળકો બીજા ધોરણને સમકક્ષ પણ વાંચી શકતાં નથી. સરકારી શાળાના વિદ્યાર્થીઓ કરતાં ખાનગી શાળાના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા વાંચવામાં ૪૧ ટકા સરસાઇ ધરાવે છે. આવડતનો આ તફાવત નવાઈજનક નથી, કારણ કે સરકારી શાળાના ૨૫ ટકા જેટલા શિક્ષકો શાળાએ જતા નથી અને જે જાય છે એમાંના અડધા જેટલા ભણાવતા નથી.

૨૫ ટકા ગરીબ અને સામાજિક રીતે પછાત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની આ જે જોગવાઈ છે એના અમલમાં ગંભીર પ્રશ્નો ઊભા થાય એમ છે. એનું એક કારણ છે કે કયા વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાં પ્રવેશને લાયક છે અને કયા નથી એ નક્કી કરવાનું કામ કાયદો અધિકારીઓના હાથમાં આપે છે. એટલે લાગવગશાહીની કતાર લાગશે. શું એ શાળાઓને નવા જ પ્રકારના ઇન્સપેક્ટર રાજની ચૂંગાલમાં નહીં ફસાવી દે ?

બીજો અગત્યનો સવાલ નિયંત્રણોની ભરમારનો છે, જે ભારતમાં સર્વત્ર વ્યાપેલી સમસ્યા છે, જે હજુ પણ ઘણું કરીને રાજ્ય-સર્વોપરીની - સ્ટેટીસ્ટ માનસિકતા ધરાવે છે. આ નવા કાયદા પ્રમાણે બધી જ ખાનગી શાળાઓએ ૩ વર્ષની અંદર સરકારી માન્યતા મેળવી લેવી પડશે, એને માટે શાળાઓ પાસે અમુક માપનું રમતનું મેદાન અને લાયબ્રેરી, સરકારમાન્ય લાયકાતવાળા શિક્ષકો અને પગારધોરણો વગેરે હોવું જરૂરી રહેશે. નહીંતર શાળાઓ બંધ કરવાની ફરજ પડશે.

પૈસાદારો માટેની ખાનગી શાળાઓને આ નિયમો પાળવામાં કોઇ મુશ્કેલી નહીં પડે પરંતુ ગરીબો માટેની ઓછી ફી (સામાન્ય રીતે ગામોમાં રૂ. ૭૦-૧૫૦ પ્રતિ માસ અને શહેરોમાં રૂા. ૨૦૦-૩૫૦ પ્રતિ માસ) લેતી શાળાઓ માટે આ નિયમોનું પાલન કરવું ખૂબ કઠિન પડશે. જે ઝૂંપડપટ્ટીઓનાં ઘરો અને મકાનો ભારે વરસાદ કે વાવાઝોડાંને પણ ખમી શકે એવાં ન હોય, એવી ઝૂંપડપટ્ટીઓની શાળાઓ ભૂકંપને પણ ખમી શકનારી હોવી જોઇએ એવી અપેક્ષા રાખવી એના જેવી તરંગી અને યુટોપિયન માંગણી બીજી કઇ હોઇ શકે?

સરકારી મદદ વગર ચાલતી ખાનગી શાળાઓમાં શિક્ષકોના પગાર સરકારી શાળાઓના શિક્ષકો કરતાં ચારથી સાત ગણા ઓછા હોય છે. એ શાળાઓ પાસે સરકારી ધોરણના પગાર ચૂકવવાની અપેક્ષા રાખવી એટલે એમનો મૃત્યુઘંટ વગાડવા બરાબર જ થાય. એમણે કાં તો ફીમાં જબરજસ્ત વધારો કરવો પડે અથવા શાળા બંધ કરવી પડે. બન્ને રીતે ગરીબોને માટે તો સહેવાનું જ આવે. ખાડે ગયેલી સરકારી શાળાઓથી બચવાનો એકમાત્ર રસ્તો પણ એમને માટે બંધ થઇ જાય.

આવી કેટલી શાળાઓ બંધ પડશે એનો આંકડો આપવો અઘરો છે, પરંતુ ૩ લાખથી ૭ લાખ શાળાઓનો વારો આવવાનો અંદાજ છે. આમ, આ કાયદો થોડા ગરીબો માટે ખાનગી શાળાઓનાં દ્વાર ખોલે છે, પરંતુ ખાનગી શાળાઓ પર જબરજસ્તી તાળાં લગાવીને બાકીના મોટા ભાગના ગરીબો માટે એ દ્વાર બંધ કરી દે છે. ■

***(લેખક દિલ્હીના Center for Civil Society ના પ્રમુખ છે અને સ્કુલ વાઉચર કાર્યક્રમ અંગે સક્રિય અભિયાન ચલાવી રહ્યા છે. ૩૧ માર્ચ ૨૦૧૦ ના The Wall Street Journal માં પ્રકાશિત થયેલા લેખમાંથી સારવીને સાભાર.)***

# ગુજરાતમાં માઓવાદ?

**અંબરીષ / વૃષ્ટિ**

છેલ્લા બે મહિનામાં સુરત પોલીસે ૮-૧૦ જેટલા કહેવાતા નક્સલવાદીઓ (માઓવાદીઓ)ની કરેલી ધરપકડની સાથે જ ગુજરાતની અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતની આદિવાસી પટ્ટીમાં નક્સલવાદી પ્રવૃત્તિએ પગદંડો જમાવ્યો હોવાની વાતોએ ફરી જોર પકડ્યું છે. છાપાંઓએ પણ આ વાતો ખાસ્સી ચગાવી છે.

આવું પહેલી જ વાર નથી થયું. આપણે જાણીએ છીએ તેમ ફેબ્રુઆરી ૨૦૦૮માં સાબરકાંઠાના વિજયનગર તાલુકામાં 'નરમ નકસલવાદ'ની અસરમાં આવી જઇને ત્યાંના આદિવાસીઓ મોટા પાયે જંગલો કાપી રહ્યા હોવાની વાતો વહેતી કરવામાં આવેલી, જેને ગુજરાતી છાપાંઓએ ખાસ્સી બઢાવી ચઢાવીને ભડકાવનારી રીતે પ્રસિધ્ધ કરેલી. અને એ 'નરમ નકસલવાદ'ને 'ઊગતો જ ડામી દેવાને' પોલીસે ત્વરિત પગલાં પણ ભરેલાં - ૧૩ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ આંતરસુબા ખાતે પોલીસે ગોળીબાર પણ કરેલ, જેમાં ૨ નિર્દોષ આદિવાસીઓએ જાન ગુમાવેલાં તેમજ ૩ આદિવાસીઓ ગંભીર રીતે ઘવાયેલા. એટલું જ નહીં, 'ચોર કોટવાલને દંડે' એ ન્યાયે એક સ્ત્રી સહિત ૩૯ જેટલા આદિવાસીઓને એમણે વન વિભાગ અને પોલીસના અધિકારીઓ/ કર્મચારીઓને મારી નાખવા માટે હિંસક હુમલો કર્યો એ મુજબના સાવ બનાવટી કેસમાં પણ ફસાવી દેવામાં આવ્યા, જે કેસ હજુ ચાલુ છે (જુઓ ખોજ જાન્યુ.-ફેબ્રુ. ૨૦૦૮, નવે.-ડિસે. ૨૦૦૮).

આ બનાવ પછીની અનેક તટસ્થ તપાસોમાં સ્પષ્ટપણે બહાર આવ્યું છે કે વન વિભાગે વન અધિકાર કાયદાને બદનામ કરવાના ઇરાદે સાવ નાના બનાવને અત્યંત મોટું અને વિકરાળ સ્વરૂપ આપી દીધેલું અને નક્સલવાદ પ્રસરી રહ્યો હોવાની ખોટી વાતો વહેતી કરેલી. આ બનાવની તપાસ માટે ગુજરાત સરકારે શ્રી પી. કે. લાહિરીની અધ્યક્ષતામાં જે તપાસ પંચ નીમેલું તેણે પણ પોતાના અહેવાલમાં વન વિભાગની ઝાટકણી કાઢેલી અને આદિવાસીઓ સાથેના વ્યવહારમાં આમૂલ પરિવર્તન લાવીને વન અધિકાર કાયદાના સારા અમલમાં પૂરેપૂરો સહકાર આપવાની વન વિભાગને ભલામણ કરેલી. એ પણ સૂચક છે કે આ બનાવ અંગે જે બે પોલીસ કેસો થયા છે તેમાં પણ ક્યાંય નક્સલવાદનો ઉલ્લેખ સુદ્ધાં કરવામાં નથી આવ્યો. આમ, ગુજરાતમાં નક્સલવાદના પગપેસારાની ત્યારે આ જે વાત પ્રસારિત કરવામાં આવેલી, એ સાવ ઉપજાવી કાઢવામાં આવેલી વાત હતી.

ત્યાર પછી ઓક્ટોબર ૨૦૦૯માં ફરીથી નક્સલવાદી પગપેસારાના સમાચાર છાપાંઓએ વહેતા કર્યા. આ વખતે તે દક્ષિણ ગુજરાતના ડાંગ, સુરત, ભરુચ, નર્મદા જિલ્લાઓમાં ચાલી રહી હોવાની વાતો કરવામાં આવી. જો કે આ વખતે આ વાતો છાપાંઓ સુધી જ સીમિત રહી અને એના આધારે ત્યારે તાત્કાલિક તો કોઇ પોલીસ કાર્યવાહી કરવામાં આવી નહીં.

જો કે આ વખતની વાત જુદી અને વધારે ગંભીર જણાય છે. ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ સુરત ખાતે પોલીસ મહાનિરીક્ષકની કચેરીના પોલીસ સબ ઇન્સ્પેક્ટરે કામરેજ પોલીસ સ્ટેશનમાં સુરત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં નક્સલવાદી (માઓવાદી) પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાની ફરિયાદ દાખલ કરી. એ ફરિયાદના આધારે ૧૫ માર્ચની આસપાસ સુરતથી નિરંજન મહાપાત્ર, મુંબઇથી રામુ પુવાર અને ભાવનગરથી કે. એન. સિંઘ નામની વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી. આ વ્યક્તિઓ કોણ છે, તેઓ શું કામગીરી કરી રહેલ છે તેની અમને કોઇ જ માહિતી નહીં. એટલે શરૂઆતમાં તો અમને એમ જ લાગ્યું કે સુરતમાં ઔદ્યોગિક કામદારોની વચ્ચે કદાચ આવી કોઇ પ્રવૃત્તિ ચાલતી પણ હોઇ શકે, જેની અમને ખબર નહીં હોય !

પરંતુ, ત્યાર પછી ૨૨ માર્ચે આ જ કેસના અનુસંધાનમાં ડાંગના અવિનાશ કુલકર્ણીની પણ ધરપકડ કરવામાં આવી હોવાના ચોંકાવનારા અને માન્યામાં ન આવે એવા સમાચાર મળ્યા. અવિનાશ છેલ્લાં કેટલાંયે વર્ષોથી ડાંગના આદિવાસીઓ સાથે વન વિભાગની કનડગતના પ્રશ્ને ખુલ્લી પ્રવૃત્તિ કરતો આવ્યો છે એ તો ગુજરાતમાં આદિવાસીઓના પ્રશ્નો અંગે જાણકારી ધરાવનાર સૌ કોઇ જાણે છે. વન અધિકાર કાયદાના સારા અમલ માટે આદિવાસી મહાસભાના નેજા હેઠળ છેલ્લાં કેટલાંક વર્ષોથી અમે એની સાથે ઘનિષ્ટ રીતે કામગીરી કરતા આવેલા, એટલે આ પ્રશ્નો બાબતે એના અહિંસક અને રચનાત્મક અભિગમથી પણ પૂરેપૂરા વાકેફ. એટલે એ આવી કોઇ હિંસક અને ગેરબંધારણીય માઓવાદી પ્રવૃત્તિઓમાં સંકળાયેલો હોય એ વાત કોઇ રીતે માની શકાય એમ નહોતી. એની પાછળ ને પાછળ એ જેમના ઘરે રહેતો હતો એ ભરત પુવાર અને સુલાત પુવાર તેમજ સોનગઢ ખાતેથી માકાભાઇ ચૌધરી વગેરેની ધરપકડના સમાચાર પણ આવ્યા. આ સંજોગોમાં અમારા માટે અવિનાશ તેમજ બીજા આદિવાસીઓ

માઓવાદી ષડયંત્રના ભાગરૂપે કામ કરી રહ્યા હોવાનો પોલીસનો કેસ ખરેખર સાચો છે કે નહીં તેની છાનબીન કરવાનું અત્યંત જરૂરી બની જાય એ સ્વાભાવિક છે. આ અંગે અત્યાર સુધીમાં જે જાણી શક્યા છીએ તે મુજબ પ્રથમ નજરે તો અવિનાશ તેમજ બીજા આદિવાસીઓ સામેનો પોલીસ કેસ ટકી શકે એવો લાગતો નથી.

સૌ પ્રથમ, તો જેના આધારે આ લોકોની ધરપકડ કરવામાં આવી છે તે તા. ૨૫-૨-૨૦૧૦ની કામરેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ (નં. ૩૭ /૨૦૧૦)ને તપાસીએ. આ ફરિયાદ આઈ. જી. સુરત રેન્જની કચેરીના પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી આર. વી. નિકમે 'સી.પી.આઇ. માઓઇસ્ટના નામી અનામી હોદ્દેદારો તેમજ સભ્યો' સામે ઇપીકો કલમ ૧૨૦ બી (ગુનાઇત ષડયંત્ર), ૧૨૧ એ (રાષ્ટ્ર-વિરોધી ષડયંત્ર), ૧૨૪ એ (રાજદ્રોહ), ૧૫૩ એ, બી (વર્ગ-વિગ્રહને ઉત્તેજન આપવું, રાષ્ટ્રિય સંવાદિતાને હાનિ પહોંચાડવી) તેમજ અનલોફુલ એક્ટીવીટીઝ (પ્રિવેન્શન) એક્ટની કલમ ૩૮ (પ્રતિબંધિત સંસ્થાના સભ્ય હોવું), ૩૯ (પ્રતિબંધિત સંસ્થાને મદદ કરવી), ૪૦ (પ્રતિબંધિત સંસ્થા માટે ફંડ ઊઘરાવવું) નીચે નોંધાવી છે. એમાં જણાવાયું છે કે પ્રતિબંધિત નક્સલવાદી સંસ્થા સીપીઆઇ (માઓઇસ્ટ) દ્વારા સુરતને કેન્દ્રબિંદુ બનાવી ઉત્તર મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં ક્ષેત્રોમાં ભારતીય ક્રાંતિની સંપૂર્ણ રણનીતિ ઘડવા માટે એક પરિપ્રેક્ષ્ય કાર્યયોજના ઘડવામાં આવી છે, જે અનુસાર આ ક્ષેત્રોના પશ્ચિમ ઘાટ તેમજ સાતપૂડાના ડુંગરાળ વન પ્રદેશને જનયુદ્ધ વિકસિત કરવા માટે તેમજ ગેરિલા ઝોન તરીકે સ્થાપિત કરવા માટે અનુકૂળ ગણીને આયોજન કરવામાં આવેલ છે. સાથે સાથે અન્ય ગેરિલા ઝોન માટે મિલિટન્ટ કેડર તેમજ સંપર્કો પૂરા પાડવાની જવાબદારી પણ ઉપાડવામાં આવી છે. એ ઉપરાંત, આ જ યોજનાના ભાગરૂપે અમદાવાદ-પૂણે વચ્ચેના ઔદ્યોગિક રીતે વિકસિત પટ્ટા - ગોલ્ડન કોરિડોર -ના કેન્દ્રબિંદુ પર આવતા સુરત શહેરના મજદૂર વર્ગ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પણ નક્કી કરવામાં આવેલ છે. ફરિયાદમાં આગળ એમ પણ જણાવેલ છે કે દેશના અન્ય ભાગોમાં સીપીઆઇ (માઓઇસ્ટ)ના જે ગુપ્ત ક્રાંતિકારી કાર્યકરો પકડાયા છે તેમની પૂછપરછ અને અહેવાલ ઉપરથી પણ જાહેર થાય છે કે આ પ્રતિબંધિત નક્સલવાદી સંસ્થા સીપીઆઇ (માઓઇસ્ટ)ના કેટલાક સભ્યો ખૂબ જ ગુપ્તતાથી આ રાષ્ટ્ર-વિરોધી યોજનાના અમલીકરણ માટે સુરત અને દક્ષિણ ગુજરાતના આ ક્ષેત્રોમાં કાર્યરત છે અને પોતાના રાષ્ટ્ર-વિરોધી ઇરાદાઓને પાર પાડવા માટે તેઓએ કવર સંગઠનોની જાહેર કાનૂની લાગતી અને ભૂગર્ભ ગુપ્ત સંગઠનોની ગેરકાનૂની એવી બેધારી અને સુનિયોજિત કાર્યપદ્ધતિ અપનાવી છે. અને આ ક્ષેત્રમાં વ્યાપક જનયુદ્ધ /જનઆંદોલન વિકસિત કરવા માટે રાષ્ટ્ર-વિરોધી, ગેરબંધારણીય અને ગેરકાયદેસર ઇરાદાથી જનાધાર બનાવવા માટે આ ક્ષેત્રની આદિવાસી/ વનવાસી જનસંખ્યા તેમજ ધાર્મિક અલ્પસંખ્યકો, જેવા કે ક્રિશ્ચિયનો અને મુસ્લિમો વચ્ચે ભ્રામક પ્રચાર કરી-કરાવી, રાષ્ટ્રની મુખ્ય ધારાથી વિમુખ કરાવી વર્ગવિગ્રહ પેદા કરાવી બંધારણ દ્વારા પ્રસ્થાપિત સરકારી અને વહીવટી વ્યવસ્થા પ્રતિ વિદ્રોહ કરવા માટે પ્રોત્સાહિત કરવાની લાંબા ગાળાની નીતિ પણ નક્કી કરવામાં આવી છે.

એ તો સ્પષ્ટ છે કે આ ખૂબ ગંભીર પ્રકારની ફરિયાદ છે અને પ્રતિબંધિત સંસ્થા સીપીઆઇ (માઓઇસ્ટ)ના હોદ્દેદારો કે સભ્યો દ્વારા સુરત કે દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં આવી કોઇ ગેરબંધારણીય અને ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ જો ખરેખર ચાલી રહી હોય તો એના પર રોક લગાવવી જ પડે અને તે માટે જરૂરી કાનૂની પગલાં લેવાં જ પડે. આમાં કોઇ બેમત હોઇ શકે નહીં.

પરંતુ આ ફરિયાદમાં આંખે ઊડીને વળગે એવી જે બાબત જોવા મળે છે તે એ છે કે આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કઇ વ્યક્તિઓ કેટલા સમયથી ચલાવી રહી છે એનો કોઇ ઉલ્લેખ સુદ્ધાં કરવામાં આવ્યો નથી. એને બદલે આરોપી તરીકે 'પ્રતિબંધિત નક્સલવાદી સંસ્થા સીપીઆઇ (માઓઇસ્ટ)ના નામી-અનામી હોદ્દેદારો/સભ્યો' એમ જણાવવામાં આવ્યું છે. અને ગુન્હાના સમયના ખાનામાં 'આજદિન સુધી હરકોઇ વખતે' એમ જણાવવામાં આવ્યું છે. એ જ રીતે સ્થળના ખાનામાં 'સુરત તેમજ સમગ્ર દક્ષિણ ગુજરાત' તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં દક્ષિણ ગુજરાતમાં આવી પ્રવૃત્તિ ચાલી રહી હોવાની જાણકારી અન્ય પ્રાંતોમાં પકડાયેલ સીપીઆઇ (માઓઇસ્ટ) કાર્યકરોની પૂછપરછના અહેવાલમાંથી જાણવા મળી છે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો એમ હોય તો આ પ્રવૃત્તિ કોણ કરી રહ્યું છે એના ચોક્કસ નામો પણ મળ્યા જ હોય ને? તો પછી ફરિયાદમાં જ આવી કોઇ ચોક્કસ વ્યક્તિઓના નામોનો ઉલ્લેખ કેમ નથી કરવામાં આવ્યો ?

બીજી ધ્યાનાકર્ષક બાબત એ છે કે આખી ફરિયાદમાં દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં આવી કઇ ગેરકાયદેસર અને ગેરબંધારણીય પ્રવૃત્તિ ખરેખર ચાલી રહી છે એની કોઇ વિગત આપવામાં નથી આવી કે એનો કોઇ ઉલ્લેખ પણ કરવામાં નથી આવ્યો. એને બદલે 'આવી પ્રવૃતિઓ કરવાની યોજના બનાવવામાં આવી છે' કે 'નક્કી કરવામાં આવ્યું છે' કે 'લાંબાગાળાની નીતિ નક્કી કરવામાં આવી છે' એવી અસ્પષ્ટ અને ધૂંધળી વાતો જ કરવામાં આવી છે. આનો અર્થ એ થાય કે ફરિયાદીના મતે પણ દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં આવી ગેરકાયદેસર કે ગેરબંધારણીય પ્રવૃત્તિઓ હાલ ચાલી નથી રહી.

ત્રીજી એક બાબત ધ્યાન ખેંચે છે તે એ કે પોલીસે આ ફરિયાદ નીચે અત્યાર સુધીમાં જે આઠ જેટલી વ્યક્તિઓની ધરપકડ કરી છે, તેઓ ફરિયાદમાં જણાવેલ ગુનાઈત પ્રવૃત્તિઓ સાથે કઇ રીતે સંકળાયેલી છે તે વિશે પણ કોઇ પ્રતીતિજનક ખુલાસા કરવામાં નથી આવ્યા. આ ફરિયાદ પ્રતિબંધિત સંસ્થા સીપીઆઇ (માઓઇસ્ટ)ના નામી-અનામી હોદ્દેદારો કે સભ્યો સામે નોંધવામાં આવી છે એ તો આપણે ઉપર જોયું. પરંતુ અત્યાર સુધીમાં જે ૮ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે તેમાંથી કોઇ સી.પી.આઇ. (માઓઇસ્ટ)ના હોદ્દેદાર કે સભ્ય નથી. પોલીસે ખુદ તેઓ એના સભ્યો છે એવો દાવો પણ કર્યો નથી. એના બદલે તેઓ તો સી.પી.આઇ. (એમ.એલ.) જનશક્તિના સભ્યો છે એવો જ દાવો તેણે કરેલો છે. આ સીપીઆઇ (એમએલ)-જનશકિત એ કોઇ પ્રતિબંધિત સંસ્થા નથી. એટલે એના સભ્ય હોવા માત્રથી આ વ્યક્તિઓ ગુન્હાઇત પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો કોઇ કેસ બની શકે નહીં. આ ઉપરાંત, આ વ્યક્તિઓએ ક્યારે કઇ રીતે કઇ ગુન્હાઇત પ્રવૃત્તિઓ કરેલ છે કે ક્યારે કઇ રીતે આદિવાસીઓ કે ધાર્મિક અલ્પસંખ્યકોને ગેરમાર્ગે દોરવાને ભ્રામક પ્રચાર કરેલ છે કે ક્યારે કઇ રીતે એમને રાષ્ટ્રની મુખ્ય ધારાથી વિમુખ કરવાને કે વર્ગવિગ્રહ પેદા કરવાને કે બંધારણ દ્વારા પ્રસ્થાપિત સરકારી અને વહીવટી વ્યવસ્થા પ્રતિ વિદ્રોહ કરવાને પ્રોત્સાહિત કર્યા છે તેની કોઇ ચોક્કસ માહિતી આપી નથી.

અવિનાશની વાત કરીએ તો એ તો છેલ્લાં કેટલાંયે વરસોથી ડાંગમાં જંગલ જમીનના પ્રશ્ને આદિવાસીઓ વચ્ચે કામ કરતો આવ્યો છે. એની આ પ્રવૃત્તિઓને જેમણે નજીકથી જોઇ છે તેઓ એ નક્સલવાદી પ્રવૃત્તિ કરતો હોવાનું માની શકે નહીં. આદિવાસી મહાસભા તેમજ રાષ્ટ્રિય સ્તરે કેમ્પેઇન ફોર સર્વાઇવલ એન્ડ ડિગ્નીટીના નેજા હેઠળ અમે સૌ છેલ્લાં કેટલાંક વરસોથી એની સાથે ઘનિષ્ટતાથી કામ કરી રહેલ છે અને એની પ્રવૃત્તિઓને ઘણી નજીકથી જોઇ છે. પ્રશ્નોના ઉકેલ માટે અમે એને હંમેશા શાંતિમય અને બંધારણીય રીતરસમો અપનાવતો જ જોયો છે. એને ઓળખનાર કોઇએ એને ક્યારેય ઉશ્કેરણીજનક કે ગેરબંધારણીય વાતો કરતો સુદ્ધાં સાંભળ્યો નહીં હોય. સૌથી અગત્યની વાત તો એ છે કે પ્રશ્નોનો ખરેખર ઉકેલ આવે અને આદિવાસીઓની પરિસ્થિતિ અહીં જ અને અત્યારે જ સુધરે તે માટે તે પૂરા ખંત અને ચીવટથી કામ કરતો હતો. આ પ્રશ્નોને, તેનો ઉપયોગ કરીને આદિવાસીઓનું સમર્થન પ્રાપ્ત કરી લેવાના માત્ર સાધન તરીકે જ નહોતો જોતો. આ ખૂબ જ અગત્યની બાબત છે, એટલે એને થોડી વિગતે જોઇએ.

વન અધિકાર કાયદો બન્યો નહોતો અને એવો કાયદો બને એ માટે રાષ્ટ્રિય સ્તરે જ્યારે કેમ્પેઇન ચાલી રહી હતી ત્યારે સૂચિત કાયદાઓના એક પછી એક આવતા ડ્રાફ્ટનું વાકયેવાકય, શબ્દે-શબ્દ વાંચીને એનો શું અર્થ થાય, આદિવાસીઓને એમાં કોઇ ધોખો તો નહીં થઈ જાયને, એને હજી વધારે સારો કઇ રીતે બનાવી શકાય, વગેરે બાબતો અંગે અમારી વચ્ચે કલાકોના કલાકો ચર્ચા-વિચારણા ચાલતી. એ તમામ ચર્ચાઓમાં અવિનાશે હંમેશા ખૂબ સક્રિય ભૂમિકા ભજવેલી.

કાયદો બની ગયા પછી ફેબ્રુ. ૨૦૦૮થી એનો અમલ શરૂ થયો ત્યારથી એનું મુખ્ય કામ આ કાયદાનો સારામાં સારો અમલ થાય એ માટે લોકોને તૈયાર કરવાનું રહ્યું છે. એટલું જ નહીં, એ માટે સ્થાનિક તેમજ ગાંધીનગર કક્ષાના સરકારી અધિકારીઓ સાથે પણ પૂરેપૂરા સહકાર અને સંવાદિતાથી કામ થાય એ માટે પણ એ હંમેશા પ્રયત્નશીલ રહ્યો છે. કાયદાનો અમલ શરૂ થયો કે તરત જ સૌથી પહેલું કામ દરેકે દરેક દાવેદારે પોતાની દાવા અરજી સાથે ક્યા ક્યા પુરાવાઓ જોડવા એની વિગતવાર સમજણ આપવાનું અને એ પુરાવાઓ ભેગા કરવામાં એમને મદદ કરવાનું કરેલું. એટલું જ નહીં, દરેકે દરેક દાવેદારે એ પ્રમાણે બધા પુરાવાઓ જોડ્યા છે કે નહીં તે પાકું કરવા એ પોતે જ બધી ફાઇલો જોઇ પણ ગયેલો. ત્યાર પછી બીજું કામ એણે જે કર્યું તે ગામોની વન અધિકાર સમિતિઓના સભ્યો દરેક દાવાની સ્થળચકાસણીની કામગીરી બરાબર કરે અને તે માટે રોજકામ, પંચનામું, વગેરેના કાગળો વ્યવસ્થિત રીતે તૈયાર કરે એ માટે એમને તાલીમ આપવાનું. અને ત્યાર પછી પણ એ કામ કરતી વખતે કોઇ મુશ્કેલી પેદા થાય અને જરૂર પડે ત્યારે મદદ માટે પણ તે હાજર હોય જ. આ ઉપરાંત, આ મદદ કરતી વખતે લોકોને પણ તે એક વાત સ્પષ્ટ રીતે કહેતો કે આ કાયદામાં ડિસેંબર ૨૦૦૫ કે ત્યાર પહેલાથી જે જમીનો લોકોના કબજામાં હોય તે જ નામે કરી આપવાની જોગવાઇ છે અને એટલે તે માત્ર એવા કેસોમાં જ મદદ કરશે અને જે જમીનો નવી ખોલેલી હશે તેમાં મદદ નહીં કરે. આ ઉપરાંત, આ કાયદામાં જમીન પરના વ્યક્તિગત અધિકારોની સાથે સાથે જંગલો સાચવવાના અને ઉછેરવાના જે સામુદાયિક અધિકાર અને જવાબદારી આપવામાં આવ્યા છે તેને પણ તે ગંભીરતાથી લેતો અને લોકો પણ એટલી જ ગંભીરતાથી લે એ માટે પૂરેપૂરી કોશિશ કરતો.

આ ઉપરાંત, અમારો અનુભવ એ પણ છે કે જ્યારે આદિવાસી મહાસભાની મીટીંગમાં કોઇ કાર્યકર કે આદિવાસીઓ જંગલખાતાની હેરાનગતિઓથી કંટાળીને, તેમની જમીનમાં ખાડા ખોદવા આવનાર કે હેરાનગતિ કરનાર જંગલખાતાના કર્મચારીઓને ઠમઠોરી દેવાની વાત ભૂલેચૂકે પણ કરે કે તે તરફ ગર્ભિત ઇશારો પણ કરે ત્યારે એનો ભારપૂર્વક અને જોરદાર વિરોધ કરવામાં પણ અવિનાશ અચૂક અમારી સાથે જ

હોય. ગાંધીનગરના કે જિલ્લા કક્ષાના સંબંધિત અધિકારીઓ સાથે મળીને કે ચર્ચા વિચારણા કરીને પ્રશ્નોના ઉકેલો માટે મથવામાં પણ એ કાયમ આગળ રહેતો. ટૂંકમાં, આદિવાસીઓને જંગલ જમીન અને જંગલો પરના હક્કો મળે અને એ પણ કાયદાનો સારામાં સારો અમલ કરી - કરાવીને, લોકતાંત્રિક અને બંધારણીય માળખામાં રહીને, શાંતિમય અને ગાંધી-ચીંધ્યા માર્ગે આદિવાસીઓને એમના પેઢીઓથી ઉવેખાયેલા અધિકારો મળે એ માટે એ સમર્પિત હતો અને છે - એમ કોઇ પણ જાતના ખંચકાટ વગર કહી શકાય એમ છે. અને એટલે જ બજાર, નવી આર્થિક નીતિ કે વૈશ્વિકીકરણ જેવા મુદ્દાઓ અંગે અમારી વચ્ચે પાયાના વૈચારિક મતભેદ હોવા છતાં, વન અધિકાર કાયદાના અમલ માટે કોઇ પણ જાતની મુશકેલી વગર અમે સાથે મળીને કામ કરી શક્યા છીએ.

હવે આ વાત તો દીવા જેટલી સ્પષ્ટ છે કે એની કાર્યશૈલીનાં આ જે લક્ષણો જોવા મળે છે તે કોઇ માઓવાદી કે નકસલવાદીનાં લક્ષણો નથી જ, ન હોઇ શકે. નકસલવાદી વિચારસરણીમાં નથી લોકતાંત્રિક, બંધારણીય રાજવ્યવસ્થાને કોઇ સ્થાન કે નથી શાંતિમય અહિંસક માર્ગને. અને એટલે જ લોકોનું સમર્થન મેળવવાને તેઓ તેમના સવાલોને વાચા આપતા જરૂર જોવા મળે છે, પરંતુ એ સવાલોનો ઉકેલ આવે, અને તે પણ બંધારણીય કે શાંતિમય રીતે, તેમાં તેઓ રસ લેતા ક્યારેય જોવા નહીં મળે. ઉલટાનું એ પ્રશ્નો વણઉકલ્યા રહે તેમાં જ તેઓ જાણ્યે અજાણ્યે પોતાનું હિત જોતા થઈ જાય છે. આનું કારણ સ્પષ્ટ છે - જો આજની આ 'કહેવાતી' લોકતાંત્રિક વ્યવસ્થામાં જ ગરીબ લોકોના પ્રશ્નોના ઉકેલ આવવા માંડે તો પછી આ વ્યવસ્થાને ઉથલાવીને નવી વ્યવસ્થા લાવવાના એમના ક્રાંતિકારી કાર્યમાં લોકોને રસ શું રહે ? અને તો પછી એ ક્રાંતિનું શું થાય ?

આમ, એ તો સ્પષ્ટ છે કે લક્ષ્ય અને કાર્યરીતિ (ends and means) એ બન્ને અંગે નકસલવાદી અને બિન-નકસલવાદી વચ્ચે બહુ મોટું અંતર છે. એકને રસ હોય છે લોકોની સમસ્યાઓને મોટાપાયે વાચા આપીને, લોકોનો વિશ્વાસ સંપાદિત કરીને, પછી લોકોને હાથા બનાવીને પોતાનું ધ્યેય- હિંસક સત્તા પરિવર્તન- હાંસિલ કરવામાં. જ્યારે બિન-નક્સલવાદીને રસ હોય છે લોકો સાથે મળીને એક પછી એક પ્રશ્નો દૂર કે ઓછા કરતા જઇને, લોકોનાં હક્ક-હિતોનું રક્ષણ કરતા જઇને, લોકોને અધિકારો મળે એ ધ્યેયને હાંસિલ કરવામાં. અમે જે અવિનાશને ઓળખીએ છીએ, એ આ બીજા પ્રકારની વ્યક્તિ છે, જેને લોકતાંત્રિક માળખામાં રહીને લોકોના પ્રશ્નો ખરેખર ઉકલે અને લોકોને હક્કો મળે એ માટે કામ કરવામાં રસ છે. અને એટલે જ એ નક્સલવાદી કે માઓવાદી નથી, ન હોઇ શકે, એ વિશે અમારા મનમાં કોઇ શંકા નથી.

દેશનાં પડોશી રાજ્યો અને ખાસ કરીને મહારાષ્ટ્ર, મ.પ્ર., છત્તીસગઢ જેવાં રાજ્યોના આદિવાસી વિસ્તારોમાં જ્યારે માઓવાદીઓએ પોતાનો પગદંડો જમાવી દીધો છે, ત્યારે આપણે ત્યાં ગુજરાતની આદિવાસી પટ્ટી એની અસરથી મુક્ત રહી છે એ ખરેખર તો આપણા સૌ માટે અત્યંત ગૌરવની બાબત છે અને હોવી જોઇએ. અને એ દર્શાવે છે કે આપણે ત્યાંના આદિવાસી વિસ્તારોમાં સરકારના સિવિલ વહીવટીતંત્રની પહોંચ પડોશી રાજ્યો કરતાં ખાસ્સી વધારે છે અને અનેક પડતર સવાલો ઉકેલાવાના બાકી હોવા છતાં આપણે ત્યાંના આદિવાસીઓ હજી રાજ્યની મુખ્ય ધારાથી ખાસ વિમુખ નથી થઈ ગયા અને કાયદેસરની લોકતાંત્રિક રીતરસમો અપનાવીને પોતાના સવાલો હલ કરવાની કાર્યપધ્ધતિમાંથી વિશ્વાસ નથી ગુમાવી બેઠા. એ માટેનું એક અગત્યનું કારણ એ છે કે આપણે ત્યાં અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ / સંગઠનો વરસોથી એમની વચ્ચે કામ કરી રહ્યાં છે અને એમના પ્રશ્નો ઉકેલવામાં એમને મદદ કરી રહ્યાં છે. આ સ્થિતિ હોવા છતાં સરકારી તંત્ર કે છાપાંઓ કેમ થોડા થોડા સમયે 'ગુજરાતમાં પણ માઓવાદી સંગઠનોએ પગપેસારો કરી દીધો છે' એવી બુમરાણ મચાવતા રહે છે તે સમજમાં નથી આવતું. એનાથી તો લાંબાગાળે ગુજરાતને નુકસાન જ છે એ સૌએ સમજી લેવું જોઇએ.

અલબત્ત, આ કહેવાનો મતલબ એ નથી જ કે ગુજરાતમાં તો માઓવાદીઓ આવી શકે એમ નથી એમ માનીને શાંતિથી બેસી રહેવું, કે એવી કોઇ પ્રવૃત્તિ શરૂ થઇ રહી હોય તો તેને નજરઅંદાજ કરવી કે ભવિષ્યમાં આવી પ્રવૃત્તિ પગપેસારો ન કરે એ માટે કોઇ આગોતરાં પગલાં ન લેવાં. પરંતુ એમ કરતી વખતે આદિવાસીઓના પ્રશ્નોના ઉકેલ માટેની કે તેમના હક્કો માટેની લડતોને ખોટી રીતે 'નકસલવાદી' લડતનો થપ્પો ના લાગી જાય તેની કાળજી રાખવી ખાસ જરૂરી છે. કારણ કે ગુજરાતમાં નક્સલવાદીઓને પ્રવેશતા રોકવા હોય તો તેનો સારામાં સારો ઉપાય આદિવાસીઓના પડતર સવાલોના વહેલામાં વહેલા ઉકેલમાં અને તેમના વિકાસ આડેના અવરોધો દૂર કરવામાં જ રહેલો છે, અવિનાશ જેવાઓ એ માટે જ તો કામ કરી રહ્યા છે.

આ કેસની તપાસ જેમની રાહબરી નીચે ચાલી રહી છે તે સુરત રેન્જના આઇ.જી. શ્રી એ. કે. સિંઘે થોડા દિવસો પહેલાં જ સરપંચોની મિટીંગમાં કહેલું કે ગુજરાતના આદિવાસીઓએ નક્સલી પ્રવૃત્તિને સમર્થન નથી આપ્યું અને પ્રશ્નોના નિરાકરણ માટે કે હક્કો માટે જે કોઇ લડત ચાલતી હોય એ બધી લડતોને તેઓ નક્સલવાદી નથી ગણતા. એમણે જ કહેલી આ વાત ધ્યાનમાં રાખીએ તો અવિનાશ અને એના જેવા બીજાઓની સામેનો એમનો આ કેસ ટકી શકે એમ છે ખરો? ■

# ‘ખાપ’ પંચાયતોના પૂર્વગામી ફતવાઓ કાયદાના રાજમાં ન ચાલે

**તૃપ્તિ પારેખ**

૨૧ એપ્રિલ ૨૦૧૦ના રોજ હિસાર જિલ્લાના મિર્ચપુર ગામમાં બે જૂથો વચ્ચે ચાલેલા ઘર્ષણ બાદ ૧૭ વર્ષની પોલિયોગ્રસ્ત અપંગ દલિત છોકરી - સુમન અને એના બુઢા બાપને સવર્ણોએ ઝૂંપડીમાં જલાવી દીધાં. પોલીસ સાક્ષી હતી, પણ નિષ્ક્રિય હતી. છેવટે ઊહાપોહને લીધે એસજીઓને સસ્પેન્ડ તો કર્યા છે, પણ આગળ શું થાય છે તે જોવાનું છે.

૭ એપ્રિલના રોજ સોનેપત જિલ્લાના ભૈસ્વાન જિલ્લાની ઉષારાણી કશ્યપને સગોત્રીય પાડોશી રાકેશ કશ્યપના પ્રેમમાં પડવા બદલ એના ભાઈઓએ લટકાવીને મારી નાખી (honour killing) અને બીજે દિવસે એના પ્રેમીને ઝાડ પર લટકાવીને પૂરો કર્યો.

૩ માર્ચ ૨૦૧૦ના રોજ ભિવાની જિલ્લાના સમસાપુર ગામના રણધીર સિંઘને ‘ખાપ’ પંચાયતે એના પુત્રના લગ્ન સગોત્રીય અનિતા સાથે કરાવવા બદલ બધી મિલકત વેચીને ગામ છોડીને ચાલી જવાનો આદેશ આપ્યો. ૨૫ માર્ચ ૨૦૧૦ના રોજ બેડવા ગામના અજયના પુનમ સાથેના સગોત્રીય લગ્ન ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યાં. ૩૧ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ રોહતક જિલ્લાના ખેરી ગામની કવિતા અને એના પતિ સતિષ (જેમને એક બાળક પણ છે)નાં લગ્ન ‘ગેરકાયદેસર’ જાહેર કર્યાં કારણ કે એમના ગોત્ર અને ગામ એક છે. એમને ભાઈ-બહેનની જેમ રહેવાનું ફરમાન પંચાયત દ્વારા કાઢવામાં આવ્યું.

યાદી લાંબી બને એમ છે. આ વાંચતાં એવું જ લાગે ને કે આ કોઈ તાલિબાન હેઠળના રાજ્યની વાત હશે ? ના, આ વાત છે દેશના સમૃદ્ધ રાજ્યમાં જેની ગણના થાય છે એવા હરિયાણાની. દેશના સરેરાશ ૭.૨ ટકાના વૃદ્ધિ દર સામે એ લગભગ ૯ ટકાથી વૃદ્ધિ કરી રહ્યો છે. કૃષિ ઉત્પાદનમાં પણ એ આગળ છે અને ઉદ્યોગીકરણ અને પાયાની સગવડોમાં પણ. કોલેજ સુધી કન્યા કેળવણી મફત અને સ્ત્રીઓને શિક્ષિકાની નોકરીઓમાં ૩૩ ટકા આરક્ષણ તેમજ પેન્શનરો માટે મહત્ત્વના સુધારા વગેરે કરીને એ ઝડપથી પોતાનું નામ બનાવી રહ્યું છે.

પણ આ સમૃદ્ધ અને વિકાસશીલ હરિયાણામાં રાજ ચાલે છે સવર્ણ પુરુષોની બનેલી ‘ખાપ’ પંચાયતોનું, જે આ સમૃદ્ધ રાજ્યને પણ નીચે ખેંચી લઈ જવાની ક્ષમતા રાખે છે. રાજ્યનો વગદાર જાટ સમુદાય હજી આજે પણ દલિતોને પણ ‘પગ આવે’ એ સહન નથી કરી શકતો. તેથી જ પરંપરાના ઓઠા હેઠળ ‘ખાપ’ પંચાયતના નામે તેઓ ફતવા બહાર પાડે છે. એમાંનો એક ફતવો છે- ‘એક જ ગામમાં કે એક જ ગોત્રમાં લગ્ન ન થઈ શકે’. જોવાની વાત એ છે કે આ ફતવાઓ ઘણું કરીને દલિતો - પછાત જાતિઓ પર જ ઉગામાય છે, જ્યારે વગદાર, પૈસાપાત્ર સવર્ણો એવું કરે એ તો ‘લીલા’ !

પણ હરિયાણાની કરમકહાણી માત્ર આટલેથી અટકતી નથી. રાજકારણીઓ કે પોલીસતંત્રને પણ કાયદો હાથમાં લઈ રહેલ આ તત્ત્વો સામે ચૂપ છે. મુખ્યમંત્રી હૂડા ‘ખાપ’ પંચાયતોને અડકીને મતબેંક ખોવા નથી માગતા. તો ઓમપ્રકાશ ચૌટાલાએ એથી આગળ વધીને ‘ખાપ’ પંચાયતે ‘હિંદુ મેરેજ એક્ટ’માં સગોત્ર લગ્ન પર પ્રતિબંધ મૂકતો સુધારો કરવાની જે માંગણી કરી છે તેને ટેકો જાહેર કર્યો છે!

અને પોલીસતંત્રનો લૂણો તો બહુ ઊંડો છે. રૂચિકાને આપઘાત સુધી દોરી ગયેલ છતાં જેનો વર્ષો સુધી વાળ પણ વાંકો ન થયો એ નિવૃત્ત ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ એસ.પી.એસ. રાઠોર તો સૌને યાદ હશે (ખોજ નવે.ડિસે. ૦૯). નિવૃત્તિ બાદ એમનો પોલીસ ચંદ્રક ઊતરડી લેવામાં આવ્યો. એવું જ જે બીજા પોલીસ અધિકારીના કિસ્સામાં બન્યું એ ખૂનના દોષી ભૂતપૂર્વ ઇન્સપેક્ટર જનરલ ઓફ પોલીસ આર.કે. શર્મા પણ હરિયાણાના જ છે. બળાત્કારનો ભોગ બનનાર એક યુવતીની ફરિયાદ ધ્યાને ન લેતાં એણે ડીજીપીની ઓફિસ સામે આત્મહત્યા કરી, તો બીજા કિસ્સામાં આઈજીપીની ઓફિસ સામે જાન દઈ દીધો. કાયદો અને વ્યવસ્થાના રખવાળાઓની રાજ્યમાં આ સ્થિતિ છે!

અલબત્ત, તાજેતરમાં, ૩૦મી માર્ચે કરનાલ કોર્ટે ૫ વ્યક્તિને ફાંસીની અને ખાપ પંચાયતના પ્રમુખને આજીવન કેદની સજા સુણાવી છે, કારણ કે એમણે ૨૦૦૭માં મનોજ અને બબલી નામના એક યુગલને ક્રુરતાથી મોતને ઘાટ ઊતારેલું. એટલા માટે કે તેઓએ સગોત્ર લગ્ન કર્યા હતા ! જોવાનું એ છે કે આગળ ઉપર આની કોઈ અસર પડે છે ખરી!

ગરીબો, દલિતો, સ્ત્રીઓ સામે મધ્યયુગી ‘બંધ’ સમાજના લક્ષણરૂપ, પ્રતિગામી પરંપરાના નામે, ફતવાઓ બહાર પાડતી પંચાયતોનું રાજ ચાલે છે, ત્યારે રાજકારણીઓ એમને છંછેડવા માગતા નથી. એમણે યાદ રાખવું ઘટે કે રાજ્ય ગમે એટલું સમૃદ્ધ અને વિકાસશીલ હોય પરંતુ કાયદાના રાજની આવી સ્થિતિ હોય તો એ રાજ્યને નીચે જ ઘસડી જાય. ■

# મહિલા આરક્ષણ ખરડો :
# સ્ત્રી સશક્તિકરણ અને લોકતાંત્રિક વ્યવસ્થા માટેના સૂચિતાર્થો

**તૃપ્તિ પારેખ**

૮ માર્ચ ૨૦૧૦. વિશ્વ મહિલા દિને કેન્દ્ર સરકારની અને ખાસ કરીને યુપીએ પ્રમુખ સોનિયા ગાંધીની ખ્વાહિશ હતી કે બંધારણીય (૧૦૮મો સુધારો) ખરડો ૨૦૦૮, એટલે કે મહિલા આરક્ષણ ખરડો, રાજ્યસભામાં પસાર થઇ જાય. મજાની વાત એ હતી કે ત્રણે મુખ્ય પક્ષો - કોંગ્રેસ, ભાજપ અને ડાબેરી પક્ષો - આ ખરડો પસાર કરવાની તરફેણમાં હતા, અને કોંગ્રેસ - ભાજપે તો પોતાના બધા સાંસદોને એની તરફેણમાં મત આપવાનો અનુલ્લંઘનીય આદેશ (whip) પણ આપ્યો હતો. પરંતુ, એ દિવસે લાલુપ્રસાદ, મુલાયમસિંઘ, માયાવતીના પક્ષોએ વર્તમાન સ્વરુપના ખરડાનો વિરોધ કરીને હલ્લાગુલ્લા મચાવીને એ પસાર ન થવા દીધો. અલબત્ત, બીજે દિવસે એ પસાર થઇ ગયો. મુલાયમસિંઘ કે લાલુ યાદવનો વિરોધ મુખ્યત્વે અન્ય પછાત જાતિઓ અને લઘુમતીઓ માટેની અનામતના મુદ્દે હતો. એમની એક દલીલ એ છે કે સ્ત્રીઓ માટેની અનામતનો લાભ સવર્ણ સ્ત્રીઓ જ લઇ જશે, અને અન્ય પછાત જાતિઓ - લઘુમતીઓની એમાંથી સાવ બાદબાકી થઇ જશે. તેથી આ ખરડામાં એમને માટેની અનામતની પણ સ્પષ્ટ જોગવાઇ હોવી જોઇએ. હાલના તબક્કે રાજ્યસભામાં તો આ ખરડો વર્તમાન સ્વરૂપમાં પસાર થઇ ગયો છે. પરંતુ, યુપીએ સરકાર ફાઇનાન્સ બીલ મંજૂર ન થાય ત્યાં સુધી એને લોકસભામાં પેશ કરે એની કોઇ સંભાવના નથી. છેલ્લાં ૧૪ વર્ષથી આમ તો આ સુધારા ખરડો ઠેલાતો જ આવ્યો છે. (સૌથી પહેલાં ૧૯૯૬માં દેવગૌડા સરકારે એને ૮૧મા બંધારણીય સુધારા તરીકે રજૂ કરેલો, જેને ફરીથી ૧૯૯૮માં વાજપેયીની એનડીએ સરકારે ૮૪મા સુધારા તરીકે પેશ કરેલો. ત્યારબાદ ૧૯૯૯, ૨૦૦૨, ૨૦૦૩માં એ લોકસભામાં રજૂ થયેલો. છેવટે ૨૦૦૮માં યુપીએ સરકારે એ ખારિજ ન થઇ જાય એ માટે એને રાજ્યસભામાં મૂકેલો, જે છેવટે આ ૯ માર્ચ ૨૦૧૦ના રોજ પસાર થયો.) જોવાનું એ છે કે યુપીએના આ શાસન કાળ દરમિયાન એ પસાર થાય છે કે નહીં.

### શું છે આ ખરડો ?

મહિલા આરક્ષણ બીલ તરીકે જાણીતો આ ખરડો નવો કોઇ કાયદો નથી, પરંતુ બંધારણમાં સુધારો કરતો ખરડો છે. આપણા બંધારણમાં લોકસભા અને વિધાનસભામાં સભ્યોની વધુમાં વધુ કેટલી સંખ્યાથી લઇને અનુસૂચિત જાતિ-જનજાતિ માટે કેટલા પ્રમાણમાં અને કેટલાં વર્ષ માટે આરક્ષણ હોવું જોઇએ વગેરે તમામ બાબતો આવરી લેવામાં આવી છે. એટલે મહિલાઓ માટે ઉપલાં ધારાગૃહોમાં આરક્ષણની જોગવાઇ કરવા માટે બંધારણમાં સુધારો કરવો જરૂરી છે.

પહેલા આ ખરડાની મુખ્ય જોગવાઇઓ જોઇ જઇએ.

- લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં કુલ બેઠકોમાંથી એક-તૃતીયાંશ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવી.
- લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિ-જનજાતિ માટેની કુલ બેઠકોમાં પણ એક-તૃતીયાંશ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવી.
- આવી અનામત બેઠકો દર ચૂંટણીએ બદલાતી રહેશે. (એટલે પહેલી ચૂંટણીમાં જે બેઠકો અનામત રાખવામાં આવી હોય, એ સિવાયની બેઠકોમાંથી અનામત રાખવામાં આવશે.)
- સ્ત્રીઓ માટેની આ અનામત વ્યવસ્થા આ સુધારો આવ્યા પછી ૧૫ વર્ષ માટે ચાલુ રાખવામાં આવશે.

### ખરડાની તરફેણ અને વિરોધમાં ઊઠેલા પ્રતિભાવો - પ્રત્યાઘાતો

આ ખરડાએ સામસામા ઉગ્ર પ્રત્યાઘાતો પેદા કર્યા છે. આમ, જોવા જઇએ તો સૌ પ્રથમ તો મોટાભાગના સાંસદો (પુરુષો)ને પોતાની બેઠકો છિનવાઇ જવાનો ભય હશે, તેથી જ લગભગ દોઢ દાયકાથી આ ખરડો પસાર થઈ નથી શક્યો.

રાજકીય પક્ષોમાં ઊઠેલા પ્રત્યાઘાતો તપાસીએ તો લાગ્યા વગર ન રહે કે બહુ થોડા રાજકારણીઓને બાદ કરતાં તમામ પક્ષોએ આ બંધારણીય સુધારો પસાર થાય તો પોતાના પક્ષની બેઠકો વધશે કે ઘટશે એની ગણતરીઓના આધારે જ મોટેભાગે ખરડાનો વિરોધ કે તરફેણ કરી છે. તેથી એમની દલીલોમાં ઊંડાણથી ન જઇએ. પણ, જેમને આ બદલાવથી પોતાને કોઇ અસર થવાની નથી એવા ઘણા વિચારકો,

બૌદ્ધિકો અને નારી-સ્વાતંત્ર્ય અંગે કટિબદ્ધ વ્યક્તિઓએ અને સિવિલ સોસાયટીએ જે પ્રતિભાવો આપ્યા છે એના મુખ્ય અંશો જોઇ જવા જેવા છે.

### ખરડાની તરફેણની દલીલો

ખરડાની તરફેણ કરનારાઓનું માનવું છે કે દેશની આઝાદી પછી આટલાં વર્ષે પણ સ્ત્રીઓની સ્થિતિ ઘણી ખરાબ છે એનું એક કારણ એ છે કે દેશના વહીવટમાં સ્ત્રીઓની ભાગીદારી ખૂબ ઓછી છે, અને એટલે જ સ્ત્રીઓને લગતી સમસ્યાઓ જોઇએ એટલી ગંભીરતાથી નથી લેવામાં આવતી. તેથી આજે સમયનો એ તકાજો છે કે વધારે ને વધારે સ્ત્રીઓ એમાં ભાગીદાર બને. પરંતુ, પુરુષપ્રધાન સમાજમાં મોટાભાગની સ્ત્રીઓ ધારે તો પણ દેશના વહીવટ જેવાં ક્ષેત્રોમાં આગળ ન આવી શકે. તેથી સ્ત્રીઓના સશક્તિકરણ માટે ખાસ સકારાત્મક પગલાં (affirmative action)ની અને આવા આરક્ષણ આપતા બંધારણીય સુધારાની જરૂર છે. સ્ત્રી સશક્તિકરણ અને જાતિની સમાનતા (gender equality) લાવવા માટેનું આ બહુ અગત્યનું પગલું છે.

### ખરડાની વિરુદ્ધની દલીલો

બીજી બાજુ, ખરડાના વિરોધીઓ, જેમાં નારી-સ્વાતંત્ર્ય સાથે સંકળાયેલ બૌદ્ધિકો પણ છે, એમનું કહેવું એ છે કે આ હેતુ ખૂબ ઉમદા અને સરાહનીય છે એમાં કોઇ બેમત નથી. સ્ત્રી સશક્તિકરણની ખૂબ જરૂર છે એમાં કોઇ શંકા નથી. પરંતુ, એનો ઉપાય ઉપલાં ધારાગૃહોમાં સ્ત્રીઓને આરક્ષણ આપવામાં રહેલો નથી. એમનો વિરોધ મુખ્યત્વે બે -ત્રણ બાબતોના આધારે છે : સ્ત્રી સશક્તિકરણ, બંધારણીય યોગ્યાયોગ્યતા અને નૈતિક મૂલ્યોની બાબતે.

### સ્ત્રી સશક્તિકરણના મુદ્દે

વિરોધીઓની આ મુદ્દે બે-ત્રણ સ્તરીય દલીલો છે. એમની પહેલી દલીલ અમુક અંશે મુલાયમસિંહ આણિ કંપનીની જે દલીલો છે એને મળતી આવે છે કે આ આરક્ષણનો લાભ ઘણું કરીને ઉચ્ચ જાતિની, ભદ્રવર્ગની સન્નારીઓ જ વધારે લેશે, અને અન્ય જાતિની કે સામાન્ય કક્ષાની સ્ત્રીઓને કોઇ પક્ષ ટિકિટ જ નહીં આપે. એમની બીજી દલીલ છે - 'બહુ - બેટી'ની (જે આ જ અંકમાં આપવામાં આવેલ નારી સ્વાતંત્ર્યવાદી લેખિકા મધુ કિશ્વરના લેખમાં વિસ્તૃતપણે ચર્ચવામાં આવી છે), એટલે કે મોટાભાગના કિસ્સાઓમાં પુરુષો પોતાની પરંપરાગત બેઠકો પરથી પોતાની પત્ની કે દીકરીઓને જ ઊભી રાખશે કે જેથી કરીને એ બેઠકો એમના હાથમાંથી નીકળી ન જાય. વિરોધીઓની ત્રીજી દલીલ એ છે કે બંધારણના ૭૩ અને ૭૪મા સુધારાઓ પછી ગ્રામપંચાયતો કે નગરપાલિકાઓમાં મહિલા આરક્ષણ કરવામાં આવ્યા પછી પણ સ્ત્રીઓની સ્થિતિમાં ખાસ કોઇ ફરક નથી પડ્યો. મહદ્અંશે સ્ત્રી સરપંચોને બદલે એમના પતિઓ જ 'સરપંચ'પણું બજાવતા જોવા મળ્યા છે. અને જ્યાં સ્ત્રી સરપંચો છે, ત્યાં અમુક સુખદ અપવાદોને બાદ કરતાં એમણે સ્ત્રીઓની કોઇ સમસ્યાઓ હાથ ધરી હોય કે એના માટે મથી હોય એવું જોવા મળ્યું નથી. વિરોધીઓનો એક મુદ્દો એ પણ છે કે અત્યાર સુધીમાં જે મહિલાઓ પોતાના આપબળે ઉપર આવી છે અથવા એવી ક્ષમતા ધરાવે છે એમને માટે 'અનામત'નું ખોટું બિરુદ લાગે એમ છે, જે એમની માનહાનિ બરાબર કહેવાય. એટલે ઉપલાં ગૃહોમાં સ્ત્રીઓને આરક્ષણ આપવાથી સ્ત્રી સશક્તિકરણ થઇ જશે એમ માનવું ભૂલભરેલું છે. અને એમ કરવા જતાં તો આપણે ઊલટું લોકતંત્રને મોટું નુકસાન પહોંચાડીશું.

### લોકતાંત્રિક વ્યવસ્થાતંત્ર અને બંધારણીય યોગ્યાયોગ્યતાના મુદ્દે

સૌથી પહેલું તો આ પ્રકારનાં આરક્ષણો - સ્ત્રીઓ અને એમાં પછી અન્ય પછાત જાતિઓ કે લઘુમતીઓ માટેના આરક્ષણની ઊભી થયેલી માંગના સૂચિતાર્થો તપાસીએ તો ખ્યાલ આવે દેશની પ્રજાના ન્યાત, જાતિ, ધર્મ વગેરે આધારિત પ્રમાણસર પ્રતિનિધિત્વની પ્રથા દાખલ થતી જાય એવી સ્થિતિ જાણે ધીમે ધીમે ઊભી થતી જાય છે. મુલાયમ-લાલુની માંગણી સામે પણ ઘણા પ્રત્યાઘાતો ઊઠ્યા છે. ખાસ કરીને, એક જે પ્રખર ટીકા થઇ છે એ છે કે આ તો વસ્તી પ્રમાણે પ્રતિનિધિત્વ (proportional representation) આપવાની જ વાત થઇ, જેને લઇને બંધારણીય સભા (Constituent Assembly)માં ખૂબ ઉગ્ર અને વિસ્તૃત ચર્ચાઓ થઇ હતી અને એ ચર્ચાના અંતે બંધારણીય સભાના માંધાતા સભ્યોને એમ લાગ્યું હતું કે આનાથી તો દેશ જુદા જુદા અનેક વાડાઓમાં વહેંચાઇને તૂટતો જશે. પરિણામે એવી સહમતી બની હતી કે એને બંધારણમાં સ્થાન ન આપવું. ત્યારે પણ એ દેશને તોડવાની જ રેસીપી ગણાઈ હતી અને આજે પણ એ જ છે. એટલે આ માંગણી સ્વીકારવી એટલે જે બાબત આપણા બંધારણના ઘડવૈયાઓએ ખાસ્સી ચર્ચા બાદ નકારી કાઢેલી, એને જ પાછલે બારણેથી ઘુસાડવી. કોઈ એવી દલીલ કરે કે આ ખરડો તો ૧૫ વર્ષ માટે જ છે, ત્યારે અનુસૂચિત જાતિ-જનજાતિના આરક્ષણ મુદ્દે શું થયું છે (બંધારણના ઘડવૈયાઓએ એની મર્યાદા ૨૦ વર્ષની રાખી હતી, એ અવધિ પછી દર દસ વર્ષે બંધારણમાં સુધારો કરીને દસ-દસ વર્ષ વધારતા જવામાં આવી છે.) એ ધ્યાનમાં રાખવા જેવું છે.

એ ઉપરાંત, આ ખરડામાં મતદાન વિસ્તાર બદલતા રહેવા (rotation)ની જે જોગવાઈ કરવામાં આવેલ છે એના પણ બહુ ગંભીર સૂચિતાર્થો છે. કારણ કે આવી વ્યવસ્થા એવી લોકશાહીને જન્મ આપે છે, જેમાં લોકતાંત્રિક જવાબદારી - ઉત્તરદાયિત્વ (democratic accountability) ન રહે. અલબત્ત, એની સામે એ દલીલ કરી શકાય કે આજે એવી કોઈ જવાબદારી મોટાભાગના ઉમેદવારોમાં આમ પણ કયાં જોવા મળે છે ? મોટાભાગના ઉમેદવારો પોતાના મતદાન વિસ્તારના વિકાસ માટે, એના પ્રશ્નો ઉકેલવા માટે, એને સાચવી લેવા માટે આમ પણ કોઈ જહેમત ઉઠાવતા નથી. અને બીજી બાજુ એવી કોઈ જહેમત ઉઠાવી ન હોય તેમ છતાં લોકો એ બધાને ખોબલે ખોબલે મત આપે છે, એ આજની વાસ્તવિકતા છે. મતદાન વિસ્તારો બદલાતા રહેવાની આ જોગવાઈ માત્ર ૧૫ વર્ષને બદલે લંબાયા કરે એ શકયતાને ધ્યાનમાં રાખીએ તો ઉમેદવારો પોતાના મતદાન વિસ્તારો પર ધ્યાન આપવાની જવાબદારી સાવ જ કોરાણે મૂકી દે.

આ ઉપરાંત, આ ખરડો બંધારણના ‘મૂળભૂત માળખા’ને કે મૂળભૂત હાર્દને હાનિ પહોંચાડે છે કે બદલે છે કે નહીં તે મુદ્દો પણ ખરડાનો વિરોધ કરનાર ઘણી વ્યક્તિઓએ ઊભો કર્યો છે. સંસદ આવો બંધારણીય સુધારો કરી શકે કે નહીં, સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે ‘કેશવાનંદ ભારતી’માં આપેલા ચુકાદા મુજબ આવો કોઇ સુધારો બંધારણના ‘પાયાના માળખા’ને બદલે છે કે નહીં એ અંગે વિસ્તૃત બંધારણીય ચર્ચા-વિચારણાની જરૂર છે.

### નૈતિક જવાબદારીના મુદ્દે

આપણા સમાજમાં પ્રવર્તતા વર્ણ, જાતિ (gender), વર્ગ, ધર્મ વગેરેના ભેદ અને એમાંથી ઊભી થયેલ સામાજિક અને ઐતિહાસિક અસમાનતાને મિટાવવા માટે ઠોસ કદમ ભરવાને બદલે આપણે હંમેશા આરક્ષણનો સહેલો રસ્તો અપનાવીને સંતોષ માનીએ છીએ. અને એમ કરીને સમાજમાં પાછળ રહી ગયેલાં જૂથો આગળ આવે અને અગ્ર જૂથોને સમકક્ષ બની શકે એ માટે વધારે મહેનત કરવાની નૈતિક જવાબદારીમાંથી છટકી જવા માગીએ છીએ. સ્ત્રીઓને આરક્ષણ આપવાની આ વાત પણ આવી જ કાંઈ છે, જેથી આપણે એ અંગે પણ ‘કાંઈક કર્યું’ એવા આત્મસંતોષમાં રાચી શકીએ.

### શું કરવાની જરૂર છે?

વિરોધી દલીલમાં દમ તો છે જ. પરંતુ સ્ત્રીઓ પણ સમાજજીવનમાં, રાજકારણમાં, ધંધા-રોજગારમાં આગળ આવે, સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્વમાનભેર જીવે, એ આપણા સ્વપ્નનો સમાજ છે, એ આપણું અંતિમ ગંતવ્ય - ધ્યેય છે. એને માટે ખરેખર તો દેશના ખૂણે-ખૂણાની, ગામડાંઓની, બસ્તીઓની, શહેરોની બધી જ સ્ત્રીઓના સામાજિક-આર્થિક બહુઆયામી, જુદા જુદા પ્રકારના પ્રશ્નો સુધરતા જાય એ જરૂરી છે. એનો કોઇ વિકલ્પ કે short cut ન હોઇ શકે. પરંતુ, આજે આ ખરડો લોકસભામાં પસાર થઈને ૯૬મો બંધારણીય સુધારો બનીને વાસ્તવિકતા બનવા જઈ રહ્યો છે, ત્યારે દેશમાં થઇ રહેલા અનેક નીતિગત ફેરફારોમાંના એક ફેરફાર તરીકે એને માનીને પણ એને સાર્થક કરવાના પ્રયત્નો તો કરવા જ રહ્યા. એ સંજોગોમાં દેશમાં અણચિંતવ્યા બદલાવ પણ ભાવિના ગર્ભમાં છૂપાયેલા હોઇ શકે છે.

આજે પંચાયતોમાં ૧૦ લાખથી વધુ સ્ત્રીઓ સરપંચ બની છે. એમાંની ઘણી કદાચ હજી એમના પુરુષ સંબંધીઓથી દબાયેલી હશે. પરંતુ, સાથે જ આગળ આવવા મથતી સ્ત્રીઓને આરક્ષણ એક અગત્યનો ટેકો પૂરો પાડે છે. અને આ ખરડાથી તો સ્ત્રીઓએ ફરજિયાતપણે દિલ્હી કે રાજયોનાં પાટનગરોમાં જઇને લોકસભા કે વિધાનસભાઓમાં જાતે બેસવું પડશે. એમના પતિઓ કે નજીકના પુરુષ સંબંધીઓ ગ્રામપંચાયતની ઓફિસોમાં બેસીને ‘સરપંચગીરી’ કરી શકતા હશે, એમની અવેજીમાં તેઓ લોકસભા / વિધાનસભાઓમાં તો નહીં જ બેસી શકે. એને કારણે સ્ત્રીઓ માટે પોતાનું સત્ત્વ - પોતાનું કાઠું બતાવવાની મોટી તક ઊભી થશે. સાથે જ, સ્ત્રી-સહજ ખાસિયતોને પણ બહાર આવવાની મોકળાશ વધશે, એનું એક critical mass ઊભું થતું જાય એવી પણ શકયતા છે. જો આવું કાંઈ થાય તો નવા જ પ્રકારનું ભવિષ્ય આકાર લે એની મોટી સંભાવના રહેલી છે.

પણ, સાથે જ એક બીજી પાયાની વાત. આ સુધારો આવવાથી દેશની લાખો - કરોડો સ્ત્રીઓની સ્થિતિ સુધરી ગઈ છે કે સુધરી જશે, કે એમનું સશક્તિકરણ થઈ જશે એવા દિવાસ્વપ્નમાં રાચીને સંતોષ માનીને બેસી રહેવાની જરૂર નથી. અને એકવારના આરક્ષણને ‘યાવત્ચંન્દ્રદિવાકરો’ માનીને એ ટેકણલાકડીને કાયમ કરવાની આશા પણ રાખવાની ન હોય. હવે તો આપણી જવાબદારી ખૂબ વધી જાય છે. મજબૂરીનું કોઇ કારણ આગળ ધરવું હવે પાલવશે નહીં. અને આટલો ઊંચે કૂદકો નાનાં નાનાં પગલાંઓની અવેજી ના બની શકે, એ ઊંચા ચઢાણ તો ટૂકડે ટૂકડે જ ચઢવાં પડશે. બહુ મોટી મદદ જ્યારે બંધારણ કરી રહ્યું હોય, ત્યારે સહુએ એ ધ્યેયને પહોંચવા માટે પૂરેપૂરી કમર કસવી પડશે. અને એ ધ્યેય છે - સહુથી છેવાડેની સ્ત્રી પણ સારામાં સારું જીવન જીવી શકે. ■

# ચિંતાજનક રાજકારણ

## સ્ત્રીઓના પ્રશ્નો એટલા બધા છે કે મહિલા આરક્ષણ બીલના ઓઠા હેઠળ છાવરી ન શકાય

**મધુ પૂર્ણિમા કિશ્વર**

લાંબા સમય પછી, મહિલા-તરફી કહેવાય એવો કાયદો, ભલે પછી એ ગમે એટલો બેવકૂફીભર્યો અને હાનિકારક કેમ ન હોય, તો પણ રાજ્યસભામાં પસાર થઇ ગયો, કારણ કે, કોઇપણ કાયદો સ્ત્રીઓને મદદ કરે એવો છે એમ બતાવવામાં આવે તેટલા માત્રથી જ એનો નૈતિક પ્રભાવ વધી જતો હોય છે.

આ ખરડાને સંસદમાં ખૂબ જોરદાર વિરોધનો સામનો કરવો પડયો એનું કારણ એ છે કે દરેક રાજકારણીના ભાવિ પર એની અસર પડશે. જો આ ખરડા માટે ગુપ્ત મતદાન કરાવવામાં આવ્યું હોત તો સોનિયા ગાંધી અને ભાજપના અગ્રણી નેતાઓ, જેમણે પોતપોતાના પક્ષના સાંસદો પર આદેશ (whip) આપ્યો હતો, તો સૌને ખબર પડી જાત કે એમના પક્ષના સભ્યો જ આ ખરડાથી કેટલા નારાજ છે.

આ ખરડો જે સ્વરૂપમાં પસાર થયો છે, એમાં ખૂબ ગંભીર, મરણતોલ કહી શકાય એવી ક્ષતિઓ રહેલી છે. એ જો લોકસભામાં પણ પસાર થઇને કાયદાનું સ્વરૂપ પામશે, તો એ આપણી લડખડાતી રાજકીય વ્યવસ્થાને વધુ બહાવરી બનાવી દેશે. આ ખરડા મુજબ, લોકસભા - વિધાનસભાની કુલ બેઠકોમાંથી એક તૃતીયાંશ બેઠકોને લોટરી પ્રથાથી પસંદ કરીને મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. એનો અર્થ એ થાય કે દરેક ચૂંટણી વખતે કોઇ પણ ૧૮૦ (લોટરી મુજબ) પુરુષ સાંસદોએ પોતાનું મતદાન ક્ષેત્ર મહિલાઓ માટે ખાલી કરવું પડશે. પછી પાછું બીજી ચૂંટણી વખતે લોટરી પ્રથાથી બીજાં ૧૮૦ મતદાનક્ષેત્રો મહિલાઓ માટે અનામત માટે પસંદ થશે. એનો અર્થ એ કે પહેલી ચૂંટણીમાં મહિલાઓ જે બેઠકો પરથી લડેલી તેના પરથી તેઓ બીજી વાર નહીં લડી શકે, કારણ કે એકનું એક મતદાન ક્ષેત્ર સતત બે વાર મહિલાઓ માટે અનામત નહીં રાખી શકાય.

આમ, દરેક ચૂંટણી વેળાએ બે-તૃતીયાંશ સાંસદોએ પોતાની બેઠકો છોડવી પડશે. એના લીધે મહિલા પ્રતિનિધિઓને પોતાનું મતદાન ક્ષેત્ર માટેનું ઉત્તરદાયિત્વ પણ નહીં રહે અને એને જાળવી રાખવાનું કોઇ પ્રોત્સાહક તત્ત્વ પણ નહીં રહે. કારણ કે દરેક ચૂંટણી વખતે એમણે કાં તો ચૂંટણી લડવામાંથી ખસી જવું પડશે અથવા બીજા મતદાનક્ષેત્રમાંથી લડવું પડશે.

આમ, અનામતની આવી અક્કલ વગરની યોજનાને લીધે પુરુષો અને સ્ત્રીઓ બન્ને માટે આયોજનપૂર્વક ચૂંટણી લડવાની શક્યતા પર જ પાણી ફરી વળશે. વળી, મોટાભાગની મહિલા રાજકારણીઓનો ખુદનો રાજકીય આધાર ખાસ ન હોવાથી આ અનિશ્ચિતતાને લીધે તેઓ પોતાના પક્ષની પુરુષ નેતાગીરી પર વધારે આધારિત રહેશે. આવા સંજોગોમાં, પુરુષ રાજકારણીઓ માટે પોતાની પત્ની કે દીકરીઓને પોતાની બેઠકો માટે રાજકારણમાં લાવવું વધુ સારું પડશે, કે જેથી બીજી ચૂંટણી સુધી તેઓ પોતાની બેઠકોને સાચવી રાખી શકે!

આમ તો રાજકારણીની પત્ની કે બેટી હોવું એ કોઇ ગેરલાયકાત નથી. આમ પણ, વકીલોનાં કે ડોકટરોનાં બાળકો પોતાના પિતાના ધંધામાં જ ઘણું ખરું જોડાતાં હોય છે. પરંતુ, તેમણે પોતાના અસીલો કે દર્દીઓ સામે રોજે રોજ પોતાની સક્ષમતા પુરવાર કરવી પડતી હોય છે. જ્યારે અહીં તો મોટાભાગની સ્ત્રીઓને એમના પુરુષ કુટુંબીઓ પોતાની અવેજીમાં જ લાવે છે, જે એમના વતી બીજી ચૂંટણી સુધી એમની બેઠક જાળવી રાખે અને પછી ગરજ સર્યા પછી ઘેરભેગા કરી શકાય. લાલુ યાદવને બદલે રાબડી દેવી કે મધુ કોડાને બદલે એમની પત્નીને આ જ રીતે રાજકારણમાં લાવવામાં આવી છે.

આપણી સંસદ કે વિધાનગૃહોને આવી રાબડીદેવીઓથી ભરી ના દઇ શકાય. આની બીજી ક્ષતિઓની વાત તો છોડો, પરંતુ તેઓ સ્ત્રીઓ સામે ખોટા આદર્શ તરીકે બહાર આવે છે, એવો આદર્શ જેમાં સ્ત્રીઓ ઘરેલુ ક્ષેત્રમાં તો છે જ પરંતુ રાજકીય અને જાહેર ક્ષેત્રમાં પણ પુરુષોથી ઊતરતી કક્ષા તરીકે સ્થપાય છે. એમનું એક માત્ર કામ એમના પતિઓની જગ્યા જાળવી રાખવાનું જ રહે છે. અને એ સિવાય તેઓ કશું કરતા પણ નથી અને એવો ડોળ પણ નથી કરતા. આવી સ્ત્રીઓ કઇ રીતે મહિલા સશક્તિકરણનો હેતુ બર લાવી શકે?

આવી બીબી-બેટીઓની ફોજ હકીકતમાં તો સ્વતંત્ર મગજ ધરાવતી બીજી સ્ત્રીઓ, જેઓ પોતાના જોર પર જાહેર ક્ષેત્રમાં આવવાની શક્તિ

ધરાવે છે, એમને માટેની મોટી અડચણ બની જાય છે. પક્ષના પુરુષ આગેવાનોના જોર પર રાજકારણમાં આગળ આવેલી સ્ત્રીઓ જે તે પક્ષની મહિલાશાખામાં ચાવીરૂપ સ્થાને આવી ગઇ હોવાથી, અન્ય સ્વતંત્ર મહિલાઓ માટે આગળ વધવા સામે મોટી રૂકાવટો ઊભી થાય છે. હાલના આ મહિલા અનામત ખરડામાં વિચારણા વગરની જે વ્યવસ્થા દર્શાવવામાં આવેલી છે તેનાથી તો સ્ત્રીઓ માટે રાજકારણમાં આવવાનો અવકાશ બીબી-બેટી ફોજથી જ ભરાઇ જાય એવી જ શક્યતા રહેલી છે, જે સ્ત્રી સશક્તિકરણની વિભાવનાને જફા પહોંચાડે છે.

આ ખરડો જ્યારે લોકસભામાં મૂકવામાં આવે, ત્યારે બધા સંસદોએ આ અગત્યના બંધારણીય સુધારા અંગે ગુપ્ત મતદાન કરવાની માંગણી કરવી જોઇએ. વિધેયકોને પોતપોતાના વિશ્વાસ મુજબ મતદાન ન કરવા દેવામાં આવે તો લોકતંત્ર અર્થ વગરનું બની રહે છે. ■

**(લેખિકા દિલ્હીના Center for the Study of Developing Society માં પ્રાધ્યાપિકા છે અને નારીવાદી સામયિક 'માનુષી'ના સ્થાપક તંત્રી છે. ૧૦/૩/૧૦ ના ઈન્ડિયન એક્સપ્રેસમાંથી સારવીને સાભાર.)**

---

# મહિલા આરક્ષણ મુદ્દે રાજકીય વમળો

**બરુન મિત્રા**

રાજકારણમાં પ્રતીકાત્મકતા મોટી ભૂમિકા ભજવતી હોય છે. એટલે જ યુપીએ સરકારની બહુ મોટી ખ્વાહેશ ૮ મી માર્ચ, એટલે કે આંતરરાષ્ટ્રિય મહિલા દિને જ સ્ત્રીઓના સશક્તિકરણ માટે બંધારણીય સુધારો કરીને સંસદ અને વિધાનસભાઓમાં ૩૩ ટકા બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખતું વિધેયક પસાર કરવાની હતી. અને એટલે જ કેટલાક સાંસદોએ જ્યારે હલ્લા-ગુલ્લા મચાવીને રાજ્યસભાને છ વાર સ્થગિત કરીને કામ અટકાવી દીધું ત્યારે દિવસના અંતે કાયદામંત્રીએ કહેવું પડ્યું કે એ દેશ માટે શરમનો દિવસ હતો.

અલબત્ત, બીજે જ દિવસે, એ ખરડો રાજ્યસભાએ અમુક વિરોધ પક્ષોના સદન-ત્યાગ પછી ૧ સામે ૧૮૬ (કુલ ૨૨૫માંથી)ની જંગી બહુમતીથી પસાર કર્યો. સરકારે ખરડામાં થોડા ફેરફારો કરવાનું વચન આપ્યું અને બજેટસત્રમાં નાણાંકીય ખરડો પસાર ન થઇ જાય ત્યાં સુધી એને લોકસભામાં પેશ કરવાનું ખાળ્યું.

સ્ત્રીઓનું રાજકારણમાં પણ વધારે યોગદાન અને ભાગીદારી હોવી જોઇએ એ વિચારના તો ભાગ્યે જ કોઇ વિરોધી હોય, તેમ છતાં આ ખરડો જે રાજકીય અને બૌદ્ધિક તફાવતો સપાટી પર લાવ્યો છે એને નજરઅંદાજ કરી ન શકાય. એના અમલને કારણે દેશના રાજકીય માહોલ અને વહીવટમાં ગંભીર પરિણામો આવે એમ છે.

આમ તો મુખ્ય રાજકીય પક્ષોએ આ ખરડાને પોતાનો ટેકો જાહેર કરેલો એટલે એ પસાર કરવો બહુ રમત વાત હોવી જોઇતી હતી. તેમ છતાં, હકીકતમાં તો આ ખરડાએ બહુ કઠિનાઇઓનો સામનો કરવો પડ્યો છે, એ જ બતાવે છે કે એ પસાર કરવા માટે જે દેખીતી એકમતતા દેખાય છે એ કેટલી પોકળ છે. ૧૪ વર્ષથી આ ખરડો પડેલો છે, અને ઘણા રાજકીય પક્ષોએ તો છેલ્લા દાયકાથી એને પોતાના ચૂંટણી ઢંઢેરામાં સમાવ્યો છે. જો કે આ પ્રશ્ને પહેલેથી જ સામ-સામા પક્ષો હોવા છતાં એના સૂચિતાર્થો સમજવા કે ચર્ચવાનો કોઇ જ ગંભીર પ્રયાસ નથી રાજકીય પક્ષોએ કર્યો, કે નથી અન્યોએ કર્યો.

સૌ પ્રથમ તો પક્ષોના ચૂંટણી ઢંઢેરા તૈયાર કરનાર આગેવાનો પોતે જ એને એટલી ગંભીરતાથી લેતા નથી હોતા કે એના અગત્યના મુદ્દાઓ પર પક્ષના ઉમેદવારોના અભિપ્રાય લેવાની એમને જરૂર લાગી હોય.

બીજું, પક્ષોએ આપેલી વ્હીપ (અનુલ્લંઘનીય આદેશ)ને ઉવેખવાની અને તેમ કરીને સદનમાંથી નિષ્કાષિત થવાની બીક ન હોત તો આ ખરડો રાજ્યસભામાં પણ પસાર થઇ શક્યો હોત ખરો? રાજ્યસભામાં જ્યારે આ બીલ મૂકવામાં આવ્યું ત્યારે લૈંગિક સમાનતા તરફની પોપટિયા પ્રતિબદ્ધતા બતાવવા સિવાય એની અગત્યની કોઇ જોગવાઇ પર કોઇ ચર્ચા પણ ન થઇ. અલબત્ત, અફઘાનિસ્તાન અને રવાન્ડા જેવા દેશોને સ્ત્રી સશક્તિકરણના આદર્શ જરૂર દર્શાવવામાં આવ્યા!

જો સંસદ કે વિધાનગૃહોમાં સ્ત્રીઓની બેઠકોના અનામતને ખરા અર્થમાં અને વ્યાપક રીતે રાજકીય અને સામાજિક ટેકો હોત તો આવા બંધારણીય સુધારાની જ ખરેખર જરૂર રહી હોત ખરી? અને રાજકીય પક્ષોને વધુ સ્ત્રી ઉમેદવારો ઊભા રાખતા કે જ્યાં પક્ષ રાજકીય રીતે જીતી જાય એવી સ્થિતિમાં હોય એવા મતદાન વિસ્તારમાં સ્ત્રી ઉમેદવારોને પસંદ કરતા

તો કોઇ રોકતું નથી. તો વધુ સ્ત્રીઓ સંસદ/ વિધાનસભાઓમાં પ્રવેશી શક્ત. પરંતુ કોઇ પક્ષો, વધુ સ્ત્રીઓને, તેઓ ચૂંટણી નહીં જીતી શકે એમ માનવાને કારણે, ચૂંટણી ટિકિટો આપતા નથી!

એવું માનવામાં આવે છે કે આવા બંધારણીય સુધારા કરીને સ્ત્રીઓને વધારે ભાગીદારી આપવાથી દેશની મહિલાઓનું સ્થાન અને માન-પાન સુધરી જશે. એ અલગ વાત છે કે ભારતમાં ૬૦ના દાયકામાં સ્ત્રી વડાપ્રધાન હતાં, જે દુનિયાભરમાં સ્ત્રી વડા તરીકે ગણ્યાગાંઠયામાંનાં એક હતાં. પરંતુ તેમ છતાં દેશની મોટાભાગની સ્ત્રીઓની સ્થિતિમાં ખાસ ફરક પડ્યો નથી. સ્ત્રીઓ તરફના કનિષ્ઠ પ્રકારના ભેદભાવો અને અભાવો હજુ આજે પણ મૌજુદ છે, અને એમના પર રોજિંદા અત્યાચારો આચરાઇ રહ્યા હોવા છતાં રાજકીય રીતે સક્રિય એવી ઘણી ઓછી મહિલાઓ એની સામે અવાજ ઉઠાવે છે.

જોવા જઇએ તો કોઇ અનામત વગર પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી, ઉત્તર પ્રદેશમાં માયાવતી કે તામિલનાડુમાં જયલલિતા પોતાની મેળે રાજકીય રીતે આટલા ટોચના સ્થાન પર આવ્યાં છે, એ પણ દેશના આજના રાજકીય માહૌલમાં! એ જ રીતે, સુષ્મા સ્વરાજ, વસુંધરા રાજે, બ્રિંદા કરાત, અને બીજી પણ રાજકીય રીતે આગળ વધેલી હસ્તીઓ છે. સોનિયા ગાંધીને કૌટુંબિક વારસો હોવા છતાં, પોતાના પક્ષને તિતરબિતર થતો રોકીને, એને સદ્ધર બનાવવામાં એમણે ખાસ્સી જહેમત કરવી પડી છે. આ કોઇ મહિલાઓને રાજકીય અનામતની જરૂર નથી પડી. એટલે સ્ત્રી સશક્તિકરણના નામે આ ખરડો ઊલટાની એ જ માન્યતાને દૃઢ કરે છે કે રાજકારણમાં સ્ત્રીઓ પોતાની જાતે આગળ ના વધી શકે!

આ ખરડો બીજો એક અગત્યનો સવાલ ભારતની પ્રાતિનિધિક લોકશાહી અંગેનો ઊભો કરે છે. અનુસૂચિત જાતિ-જનજાતિ માટે મતદાન વિસ્તારો અનામત કરવાના પગલાને ઐતિહાસિક ભૂલ સુધારવા માટેનું જરૂરી, પરંતુ હંગામી અને વિસંગત એવું પગલું ગણવામાં આવ્યું હોય, તો વસ્તીના અડધો-અડધ ભાગ- સ્ત્રીઓ માટે અનામત જાહેર કરવું એટલે ભારતની ચૂંટણી વ્યવસ્થાના સિદ્ધાંત - 'જે સૌથી આગળ એની જીત'-ને જફા પહોંચાડે છે. એટલું જ નહીં, ખરડાની આસપાસ ઊભા થયેલા વિવાદો પરથી દેશના જુદા જુદા ખેમાઓ- ન્યાત, જાત, જાતિ (લિંગ), ધર્મના અનુપાતમાં પ્રતિનિધિત્વ આપીને વસ્તીને વિભાજિત કરવા તરફ દોરી જાય તેવો ભય પણ રહેલો છે. મહિલા આરક્ષણમાં પણ ન્યાત અને લઘુમતીઓની અલગ અનામતની માંગ પણ એની જ તાર્કિક ફલશ્રુતિ કહેવાય. દેશની બંધારણીય સભામાં અલગ મતદાતાઓ અંગેના મુદ્દા પર બહુ મોટી ચર્ચા-વિચારણા થઇ હતી, અને એને નકારી નાખવામાં આવેલો. આજે આ જ મુદ્દો ઊભો થયો છે તેને બંધારણના મૂળભૂત માળખામાં પાયાના ફેરફાર રૂપ  ગણી શકાય એમ છે.

અનુસૂચિત જાતિ-જનજાતિની અનામત બેઠકોના આપણા અનુભવ પરથી એ સ્પષ્ટ છે કે એનાથી એ સમુદાયોમાં જેને ખરા અર્થમાં નેતૃત્વ કહી શકાય એવું નેતૃત્વ ખાસ ઊભર્યું નથી. હકીકતમાં એના કારણે પણ જે આગેવાનો આગળ આવ્યા છે તેમાંના મોટાભાગના પોતાના સમુદાયના લોકોને બદલે પોતપોતાના પક્ષને જ વધુ વફાદાર રહ્યા છે અને એમનું જ પ્રતિનિધિત્વ કરે છે. બીજા અમુક પછાત સમુદાયોનું નેતૃત્વ, જે અનામત વગર ઊભર્યું, તેમણે ઊલટાં પોતાનાં રાજકીય ક્ષેત્રો બનાવ્યાં છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે સ્ત્રીઓને વધુ અવકાશ આપવાથી એનો રાજકીય લાભ લેવાય એમ છે કારણ કે સ્ત્રી મતદારો એમને થોકબંધ મતો આપશે. આ મતોનું રાજકારણ છે. સ્ત્રીઓ માટે પણ કોઇ રાષ્ટ્રિય મતદાનક્ષેત્ર નથી હોતું, જેમ પુરુષોનું નથી હોતું!

આમ, બધી રીતે જોતાં સવાલ ઊઠ્યા વગર ન રહે કે જો સામાજિક કે રાજકીય પ્રસ્તુતતા ન હોય તો પણ શા માટે મહિલા આરક્ષણની આવી માંગ ઊભી થાય છે?

સહુ કોઇ એ સ્વીકારે છે કે આ દરખાસ્ત, દેશના રાજકીય માહોલને મોટા પાયા પર બદલી નાખશે. સૌ પ્રથમ તો દરેક ચૂંટણી વખતે મહિલાઓ માટેનું અનામત મતદાનક્ષેત્ર બદલાતું રહેશે, જેને કારણે દર વખતે મોટી રાજકીય ઊથલપાથલો થશે. જે રાજકીય નેતાઓએ વર્ષોથી પોતાનાં મતદાન ક્ષેત્રોનું ધ્યાન રાખ્યું હશે તેમને એક ઝાટકે હાનિ પહોંચાડશે. ખાસ કરીને મતદાતાઓને બહુ મોટો ફટકો પડશે, કારણ કે ચૂંટાયેલા પ્રતિનિધિઓને પોતાના મતદાનક્ષેત્રની સમસ્યાઓ અંગે ખાસ કોઇ દિલચસ્પી નહીં રહે. આ એક જ એટલું સબળું પાસું છે જે આ સુધારાની બંધારણીયતા તપાસવા માટે પર્યાપ્ત થઇ પડે, કારણ કે એ રાજકીય બાધ્યતા અને લોકશાહીનું પ્રાતિનિધિકત્વના લક્ષણને નબળું પાડે છે, જે સુપ્રીમ કોર્ટે પ્રબોધેલા બંધારણના મૂળભૂત માળખાના સિદ્ધાંતના ત્રાજવે ઊણું ઊતરે છે. ■

**(લેખક દિલ્હીની Liberty Instituteના પ્રમુખ છે. The Pragati -National Interest માટે લેખકે તૈયાર કરેલા લેખમાંથી સારવીને સાભાર.)**

# એકવીસમી સદીમાં સ્ત્રીનું સશક્તિકરણ

**પ્રા. રાજુલ એલ. દેસાઇ**

'સ્વર્ણિમ્ ગુજરાત' અંતર્ગત ગુજરાત સરકાર 'સ્ત્રી સશક્તિકરણ'ને સાચા અર્થમાં સાર્થક કરવા પ્રયત્નશીલ છે એવું લાગી રહ્યું છે. તેની કટિબદ્ધતાનું ઉદાહરણ છે, તાજેતરમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા સ્ત્રી પ્રતિનિધિત્વ અંગેનો નિર્ણય. તે ખરેખર સરાહનીય છે. રાજ્યસભામાં છેલ્લાં ૧૪ વર્ષથી હવામાં લટકતો 'મહિલા આરક્ષણ ખરડો' પસાર કરવામાં આવ્યો છે.

ઇ.સ.૧૯૧૦માં કોપનહેગનમાં ભરાયેલા આંતરરાષ્ટ્રિય મહિલા સંમેલનમાં ૮ માર્ચના દિવસને 'આતંરરાષ્ટ્રિય મહિલા દિવસ' તરીકે ઊજવવાની જાહેરાત કરવામાં આવી. આ વાતને સો વર્ષ થયાં છે. આ વર્ષોમાં મહિલાઓએ મેળવેલી સિદ્ધિઓ અપૂર્વ કહી શકાય તેવી છે, પણ સામે છેડે તેના સામાજિક મોભાની વાત કરીએ તો એ હજુ ત્યાંની ત્યાં ઊભેલી દેખાય છે. પ્રોફેસર ટ્રેવેલિયને તેમના જાણીતા પુસ્તક 'હિસ્ટરી ઓફ ઇંગ્લેન્ડ'માં નોંધ્યું છે : 'સ્ત્રીને મારવી એ પતિનો હક્ક મનાતો હતો અને સદીઓ સુધી આ હક્કનો પૂરેપૂરો ઉપયોગ દરેકે દરેક વર્ગના પતિઓએ નિઃસંકોચપણે કરેલો. આ વાત છે પંદરમી સદીની. આજે પાંચસો વર્ષ પછી પણ આ પરિસ્થિતિમાં કોઇ વિશેષ બદલાવ આવ્યો નથી.'

આજે, એકવીસમી સદી પરોઢ કાઢી ચૂકી છે. સમગ્ર વિશ્વની મહિલાઓને આશા છે કે એકવીસમી સદી સ્ત્રીઓની સદી હશે. તેઓ એવું સપનું સેવે છે કે આગામી વર્ષોમાં નારી તેની તમામ જંજીરોમાંથી મુક્ત બની સફળતા અને સ્વતંત્રતાના આકાશમાં વિહરશે, તેના 'સ્વ'ને પ્રસ્થાપિત કરી પોતાની આગવી પહેચાન બનાવશે અને સમાન દરજ્જો પ્રાપ્ત કરશે.

**સ્ત્રી સશક્તિકરણ ક્યારે કહેવાય ?**

સ્ત્રી સશક્તિકરણ એ રાજકીય અને સામાજિક પ્રક્રિયા છે. કાયદાઓ અને નીતિઓ તો સ્ત્રી સશક્તિકરણ માટે માત્ર એક પાયાનું માળખું રચી આપે છે. હકીકતમાં જ્યાં સુધી સ્ત્રીઓનું અને સમગ્ર સમાજનું માનસિક પરિવર્તન નહીં થાય, ત્યાં સુધી ખરા અર્થમાં સ્ત્રી સશક્તિકરણ શક્ય નહીં બને. આપણા બંધારણે સ્ત્રીઓને મત આપવાનો, સમાન નાગરિક તરીકેનો, સમાન વેતનનો, શિક્ષણનો, મિલકતનો, છૂટાછેડાનો તેમજ સ્વતંત્રતાનો અધિકાર આપ્યો છે, પણ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે સમાજની કેટલી સ્ત્રીઓ આ અધિકારોને સંપૂર્ણપણે ભોગવી શકે છે? વિમેન એમ્પાવરમેન્ટ એટલે માત્ર સ્ત્રીઓને અધિકાર આપી દેવા એમ નહીં, બલકે, દરેક સ્ત્રી પોતાને મળેલા એ અધિકારોનો જરા પણ ખચકાટ વગર ઉપયોગ કરવા સક્ષમ બને, તેના પર લાદવામાં આવેલ સામાજિક અને સાંસ્કૃતિક મર્યાદાઓમાંથી મુક્ત બનીને અને તેની સામે સતત તોળાતા રહેતા શારીરિક-માનસિક હિંસાના ડરથી મુક્ત બનીને એ અધિકારનો ઉપયોગ કરી શકે, એ જ સાચા અર્થમાં સ્ત્રી સશક્તિકરણ છે. આવા સ્ત્રી સશક્તિકરણ માટે આપણને એવા સમાજની જરૂર છે જ્યાં સ્ત્રીનો 'વ્યક્તિ' તરીકેનો સ્વીકાર થાય. જેટલી વિકાસની તકો પુરુષોને મળે તેટલી સ્ત્રીઓને પણ મળે, જાહેર/ખાનગી જીવનના દરેક ક્ષેત્રમાં સ્ત્રીની સહભાગીદારીની અને નિર્ણય કરવાની સક્ષમતાની સામાજિક સ્વીકૃતિ વાસ્તવિકતામાં દૃષ્ટિગોચર થાય.

આજે એક પણ ક્ષેત્ર એવું નથી, જેમાં ભારતીય મહિલાઓએ પ્રવેશ ના કર્યો હોય. વીસમી સદીના અંતે કારકિર્દીનાં તમામ ક્ષેત્રો જેવાં કે વિજ્ઞાન, એન્જિનિયરીંગ, આર્કિટેકચર, મેડિસીન, પત્રકારત્વ, મોડેલિંગ, બેન્કિંગ, ફાઇનાન્સ અને કોર્પોરેટ ક્ષેત્રો વગેરેમાં મહિલાઓએ પદાર્પણ કર્યું છે અને જ્વલંત સિદ્ધિ પણ મેળવી છે. આજની ભારતીય સ્ત્રીનો આ ચહેરો પચાસના દાયકાની ભારતીય સ્ત્રી કરતાં ઘણો જુદો છે. આજની ભારતીય સ્ત્રી તેની પુરોગામી સ્ત્રીઓ કરતાં વધુ મુક્ત વિચારો અને આકાંક્ષાઓ ધરાવે છે. નવી નવી ક્ષિતિજો સર કરવા તે મથી રહી છે અને ઉડાન ભરી રહી છે.

એકવીસમી સદીમાં પ્રવેશી ચૂકેલ ભારતીય સ્ત્રીઓની સિદ્ધિ નિઃશંકપણે સરાહનીય છે, પણ હજુ આ સિદ્ધિઓ એકલ-દોકલ છે. એટલે કે આખાયે ભારતીય મહિલા સમાજે આ મુકામ સિદ્ધ કર્યો નથી, જેવું કે પશ્ચિમી મહિલા સમાજમાં બન્યું છે. હકીકતમાં બાળલગ્ન, દહેજપ્રથા અને સામાજિક અસમાનતા જેવાં દૂષણો હજુ પણ આપણા સમાજમાંથી દૂર નથી થયાં, જેનો ભોગ ઘણી મોટી સંખ્યામાં મહિલાઓ આજે પણ બની રહી છે. હજુય સ્ત્રીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું ઊંચું છે. ગ્રામીણ અને આદિવાસી સ્ત્રીઓમાં તો સાક્ષરતાનું પ્રમાણ અનુક્રમે ૩૦ ટકા અને ૨૦ ટકા જેટલું જ છે. ઇ.સ. ૧૯૦૧ માં દેશમાં સ્ત્રીઓનો સાક્ષરતા દર ૦.૬ ટકા હતો, જે ૧૯૫૧માં વધીને માત્ર ૭.૮ ટકા સુધી પહોંચ્યો. ૧૯૯૧માં સેન્સસના આંકડા પ્રમાણે સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૯.૪

ટકા જેટલું છે, જે પુરુષોના સાક્ષરતા પ્રમાણ કરતાં ૨૪ ટકા જેટલું ઓછું છે. જે બાળકીઓ શાળાનાં પગથિયાં ચડે છે, તેમાંની ૬૨ ટકા જેટલી તો પ્રાથમિક શિક્ષણ પૂરું થયા પહેલાં જ શાળામાંથી ડ્રોપઆઉટ થઇ જાય છે. સાથે સાથે અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતી મોટાભાગની સ્ત્રીઓનું શારીરિક, આર્થિક અને જાતીય શોષણ થઇ રહ્યું છે. સ્ત્રીઓના અધિકારોને રક્ષતા અનેકવિધ કાયદાઓ હોવા છતાં સ્ત્રીઓ વિરુદ્ધ આચરવામાં આવતા ગુનાઓ જેવા કે, બળાત્કાર, છેડતી, અપહરણ, શારીરિક - માનસિક સતામણી, ખૂન વગેરેનું પ્રમાણ વધતું રહ્યું છે. પહેલાં બાળકીઓને દૂધપીતી કરી નાંખવામાં આવતી, હવે સ્ત્રીભૃણહત્યાઓ કરવામાં આવે છે. જેના પરિણામે દેશમાં મહિલાઓની વસ્તી ચિંતાજનક રીતે ઘટી રહી છે. રાજકીય ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી નહીંવત્ છે અને વિજ્ઞાન, સાહિત્ય, સંશોધન, રમત-ગમત વગેરે ક્ષેત્રે હજુ પણ મહિલાઓની સંખ્યા ઘણી પાંખી છે.

પરિવર્તનોની માત્રા બધાં ક્ષેત્રે એકસરખી નથી હોતી એ દૃષ્ટિએ શહેરી સ્ત્રીઓ કરતાં, ગ્રામીણ સ્ત્રીઓમાં પરિવર્તન પ્રમાણમાં ઓછું આવ્યું છે, પરંતુ શહેરી શિક્ષિત મહિલા પણ હજુ પૂર્ણ સ્વતંત્રતા અને સમાનતા ક્યાં મેળવી શકી છે? આ પુરુષપ્રધાન સમાજમાં પુરુષ સમકક્ષ સામાજિક દરજ્જો, અધિકારો અને તકો પ્રાપ્ત કરવા તે આજે પણ સંઘર્ષરત છે અને હજુ ઘણા મોરચે તેણે લડવાનું છે. પરંતુ એટલું ચોક્કસ છે કે ભારતીય મહિલા હવે જાગૃત થઇ રહી છે. પોતાની વૈયક્તિક ઓળખ અને અસ્તિત્વને સ્થાપિત કરવાની ચેતના અને સભાનતા તેનામાં પ્રગટી ચૂકી છે અને એટલે જ એકવીસમી સદી તેના માટે સંઘર્ષોની સાથે સિદ્ધિઓની, નવચેતનાની સદી પણ બની રહેશે તેમાં કોઇ શંકા નથી.

''મૈં એક સ્ત્રી''
સીમિત હો જાતી હૂં
માચિસ મેં રખી તીલી કી તરહ,
ઔર. . .
તબ તક ચૂપચાપ પડી રહતી હૂઁ,
જબ તક મુઝે જલાને કી
ગુસ્તાખી ન કી જાય,
અગર જલ ઉઠે .. .
તો એક હી તીલી કાફી હોતી હૈ,
બહુત કુછ સ્વાહા કરને કે લિયે
ઇસ લિયે. . .
મૈં એક તિલી કી તરહ સીમિત રહતી હૂઁ
માચિસ કી ડિબ્બી મેં

**-ડો. મંગલા અનૂજા**

અંતમાં, આ સદીમાં સ્ત્રીઓ તરફનો સ્વસ્થ અને સન્માનીય દૃષ્ટિકોણ સમાજમાં પ્રસ્થાપિત થશે તેવી અપેક્ષા સહ. . .

"Empowerment means that women should take part on an equal basis with men in economic, social, cultural and political decision- making at all levels and in all spheres of public and private life." ■

**બી.કે.મર્કે. બેંક લો કોલેજ, પાલનપુર (બ.કાં.)**

**પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)**

પુસ્તક પ્રેમી પરિવાર, જેમને વાંચી-વિચારી સ્વસ્થ જીવન પદ્ધતિ ગોઠવવામાં રસ છે તેવા મિત્રોનું અનૌપચારિક, લચીલું તથા બિનનોંધાયેલું સંગઠન છે. આ સંગઠનનો હેતુ સૌ કોઈ ભાઇ-બહેનોમાં વાંચવા-વિચારવાની ટેવ પાડવા -વિકસાવવા માટે સમ્યક્ પ્રવૃત્તિઓના આયોજન - અમલીકરણમાં મદદરૂપ થવાનો છે. આણંદ-વિદ્યાનગરનું કાર્યરત એકમ મહિનામાં એક પુસ્તકનો પરિચય કરાવવાનો કાર્યક્રમ આયોજિત કરે છે. આવું મૈત્રીસભર એકમ ૨૫ જેટલા સભ્યોથી સ્વતંત્રપણે અથવા પુસ્તકપ્રેમી પરિવારની પેટા-શાખા તરીકે પણ બની શકે. કોઇ સમૂહને આવા પ્રકારની પ્રવૃત્તિમાં રસ હોય તો એના આયોજન માટે જરૂરી સઘળી મદદ પુસ્તક પ્રેમી પરિવાર કરવાની નેમ ધરાવે છે. આવું એકમ કોઇપણ સ્થળે અને સ્થાને કાર્યરત થઇ શકે. જેમ કે શાળાઓ, મહાવિદ્યાલયો, અનુસ્નાતક કેન્દ્રો, યુવા કેન્દ્રો, વગેરે. વ્યક્તિગત અથવા સંસ્થાકીય આયોજન કરવા, વિશેષ માહિતી મેળવવા સંપર્ક કરવા હાર્દિક આમંત્રણ છે.

કલ્પેશ જોષી, મંત્રી
બી /૨૯, જીસેટ ક્વાર્ટર્સ,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦
મો. ૯૭૧૨૧૯૭૦૮૪

સુરેશ પરીખ, પ્રમુખ
૯૭૨૬૩૬૬૭૦૪

# શાહબાનોથી શબાનાબાનો
## મુસ્લિમ સ્ત્રીઓના લાભમાં 'મુસ્લિમ લો'નાં નવતર ન્યાયિક અર્થઘટનો
### ફ્લેવિયા એગ્નસ

છેલ્લાં થોડાં વર્ષોમાં ન્યાયતંત્રે જે રીતે મુસ્લિમ લોનું નવતર રીતે અર્થઘટન કર્યું છે એનાથી મુસ્લિમ સ્ત્રીઓના અધિકારો વધ્યા છે. પરંતુ, કમનસીબે આ અગત્યનાં સીમાચિહ્નો પર જોઈએ એટલું ધ્યાન નથી બૌદ્ધિકો, વિચારકો કે સ્વૈચ્છિક સંગઠનોએ આપ્યું, કે નથી વકીલો અને ન્યાયાધીશોએ આપ્યું. તેથી આવા સકારાત્મક સુધારા થયા હોવા છતાં સામાન્ય મુસ્લિમ સ્ત્રીઓ સુધી પોતાના અધિકારો અંગે જરૂરી માહિતી પહોંચી નથી અને તેઓ હજી પણ સહન કર્યે જાય છે. આ લેખ એ અગત્યના બદલાવો તરફ ધ્યાન દોરે છે.

**મુસ્લિમ વીમેન એક્ટની અસર**

૧૯૮૫ના શાહબાનો કેસના ચુકાદા (મોહંમદ અહેમદખાન વિ. શાહબાનો બેગમ)થી ઊઠેલા વિવાદ અને એ પછી ઘડવામાં આવેલા મુસ્લિમ વીમેન (પ્રોટેકશન ઓફ રાઈટ્સ ઓન ડીવોર્સ) એક્ટ ૧૯૮૬ પછી એમ જ લાગ્યું હતું કે મુસ્લિમ સ્ત્રીઓનો ભરણપોષણનો અધિકાર ખતમ થઈ ગયો છે. એવું લાગેલું કે રાજ્યે મતદાનના રાજકારણને કારણે મુસ્લિમ ધાર્મિક વડાઓને ખુશ કરવા છૂટાછેડા પામેલી મુસ્લિમ સ્ત્રીઓના અધિકારોનો ભોગ આપી દીધો. આ કાયદાનો વિરોધ કરનારાઓ પાસે એને કોર્ટમાં પડકારીને એ રદ કરાવવા સિવાય બીજો કોઈ ચારો નહોતો રહ્યો. તેથી એ પછીનાં ૧૫ વર્ષોમાં જુદાં જુદાં બિન-સાંપ્રદાયિક જૂથો અને નેશનલ કમિશન ફોર વીમેન સહિત અનેક સ્ત્રી સંગઠનોએ એની સામે અનેક પીટીશનો કોર્ટોમાં દાખલ કરેલી. સૌથી પહેલી પીટીશન શાહબાનો બેગમના વકીલ ડેનિયલ લતીફીએ કરેલી, જે ચાલવા પર આવી ત્યાં સુધીમાં તો એ મોટી ઉંમરને કારણે ગુજરી પણ ગયેલા.

આ બધી પીટીશનો હજુ કોર્ટોમાં પડી પડી ધૂળ ખાતી હતી, ત્યારે બીજી બાજુ, જુદી જુદી હાઈકોર્ટોએ મુસ્લિમ વીમેન એક્ટ નીચેના કેસોમાં જે ચુકાદાઓ આપેલા એ બધાની સામે સુપ્રીમ કોર્ટમાં એ સ્ત્રીઓના પતિઓની અપીલો આવવી શરૂ થઈ ગઈ. એટલે સ્વાભાવિક કૌતુક એ વાતનું હતું કે જો આ કાયદો મુસ્લિમ સ્ત્રીઓને એમના હક્કોથી વંચિત કરનારો અને એમના પતિઓને ભરણપોષણની જવાબદારીમાંથી મુક્ત કરનારો હતો તો પછી આ બધા પતિઓને આ કાયદા નીચે કરવામાં આવેલા ચુકાદાઓ સામે અપીલમાં શાને જવું પડી રહ્યું હતું? હકીકતમાં, નીચલી કોર્ટોમાં કાયદાનું જે રીતે અર્થઘટન થઈ રહ્યું હતું એ કોઇક જુદી જ વાસ્તવિકતા ઘડી રહ્યું હતું.

**૧૯૮૮થી ૨૦૦૦ વચ્ચેના હાઈકોર્ટોના ચુકાદાઓ**

કાયદાની દેખીતી રીતે નિર્દોષ લાગતી એક જોગવાઈ કદાચ એના વિરોધીઓ અને એની તરફદારી કરનારા સૌની નજરમાંથી છટકી ગઈ હતી એમ લાગે છે. કાયદાની કલમ ૩(૧) અ જણાવે છે કે ''છૂટાછેડા પામેલી મુસ્લિમ સ્ત્રી ઈદ્દત ગાળા સુધીમાં એના પતિ દ્વારા કરવામાં આવનાર અને ચૂકવવામાં આવનાર ઉચિત અને સંતોષકારક વ્યવસ્થા અને ભરણભોષણ (reasonable and fair provision and maintenance)ની હકકદાર રહેશે''. કાયદાની પ્રસ્તાવનામાં જણાવવામાં આવ્યું છે કે ''આ કાયદો પોતાના પતિઓથી છૂટાછેડા પામેલી કે છૂટાછેડા લીધેલી મુસ્લિમ સ્ત્રીઓના અધિકારોના રક્ષણ માટેનો'' કાયદો છે. પ્રસ્તાવનાના આ પરિપ્રેક્ષ્યમાં ઉપરોક્ત કલમનું અર્થઘટન સ્ત્રીઓના અધિકારોના બચાવ માટે આગળ ધરવામાં આવ્યું છે.

આ બાબતે ગુજરાત અને કેરાલા હાઈકોર્ટે અગુઆઈ કરી છે. એમણે એ પ્રતિપાદિત કર્યું કે નવા કાયદાનો ઉદ્દેશ્ય હકીકતમાં મુસ્લિમ સ્ત્રીઓના હક્કો રક્ષવાનો હતો, નહીં કે તેનાથી તેમને વંચિત કરવાનો. એમણે એના પર ભાર મૂકયો કે જો કોઈ જોગવાઈમાં કોઈપણ સંદિગ્ધતા લાગે તો એનું અર્થઘટન કાયદાના શીર્ષકમાં જે ઉદ્દેશ્ય દર્શાવવામાં (છૂટાછેડા વખતે અધિકારોનું રક્ષણ) આવ્યો હોય એને અનુરૂપ કરવામાં આવવું જોઈએ. એમણે સ્પષ્ટ કર્યું કે છૂટાછેડા પામેલી સ્ત્રીઓને નિઃસહાય અભાવગ્રસ્ત જિંદગીમાં ધકેલી દેવી એટલે કાયદા મુજબ એમના હક્કોનું રક્ષણ કર્યું ના કહેવાય.

કાયદો બન્યાના દોઢ જ વર્ષમાં ગુજરાત હાઈકોર્ટે સૌથી પહેલો બહુ અગત્યનો ચુકાદો ૧૮ ફેબ્રુઆરી ૧૯૮૮ના રોજ આરબ અહેમદિયા અબ્દુલા વિ. આરબ બેઈલ મોહમુના સૈયદભાઈના કેસમાં આપેલો. જો

કે એના પહેલાં લખનૌના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટે ફાતિમા સરદારને ઈદ્દત ગાળા સુધીમાં રૂા. ૮૫૦૦૦ ઉચિત અને સંતોષકારક ભરણપોષણ તરીકે આપવાનો ચુકાદો આપેલો. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એમ. બી. શાહે ચુકાદામાં જણાવ્યું કે ''ઉચિત અને સંતોષકારક પ્રબંધ અને ભરણપોષણનું નિર્ધારણ છૂટાછેડા પામેલી સ્ત્રીની જરૂરિયાતો, એના લગ્ન દરમિયાનનું એનું જીવનધોરણ અને તેના ભૂતપૂર્વ પતિની આવક વગેરે પર આધારિત રહેશે. એ રકમમાં એના ભવિષ્યના રહેઠાણ, કપડાં, ખોરાક અને જીવન-જરૂરિયાતની બીજી ચીજવસ્તુઓ માટેની વ્યવસ્થા પણ સામેલ કરવી પડશે''.

એ જ વર્ષે કેરાલા હાઈકોર્ટે અલી વિ. સુફૈરામાં અને અલિયાર વિ. પાથુ કેસમાં અને પાછળથી ૧૯૯૦માં અહેમદ વિ. આયેશાના કેસમાં આ જ વાતને અનુમોદન આપ્યું. ૧૯૯૫માં કેરાલા હાઈકોર્ટની ડિવિઝન બેંચે સ્પષ્ટતા કરી : ''આ જોગવાઈ- ઈદ્દત ગાળા સુધીમાં ઉચિત અને સંતોષકારક પ્રબંધ અને ભરણપોષણ કરવો અને ચૂકવવું એનો અર્થ એ થાય કે પ્રબંધ કરવો અને ભરણપોષણ ચૂકવવું. પત્નીની આજીવિકા સુનિશ્ચિત કરવા માટે પ્રબંધ કે વ્યવસ્થા ગોઠવવાની છે. એ પૈસાના સ્વરૂપમાં જ હોય એ જરૂરી નથી. એ સ્થાવર મિલકત કે અન્ય મૂલ્યવાન મિલકત આપવાના સ્વરૂપમાં પણ હોઈ શકે. આ વ્યવસ્થા ઈદ્દત ગાળા સુધીમાં કરી નાખવી પડે અને એ ઉચિત અને સંતોષકારક હોવી જોઈએ. શાહબાનો ચુકાદા સામેનો અમુક મુસ્લિમોનો બળવો માત્ર સતત ઉત્તરદાયિત્વ સંબંધે જ હતો. પતિએ કરવાના ચુકવણાની જવાબદારી સંબંધે કોઈ તકરાર નહોતી. સંસદે વળતરની કોઈ જ જોગવાઈ કર્યા વિના ફોજદારી કાયદા (ક્રીમીનલ પ્રોસિજર કોડ)ની કલમ ૧૨૫ નીચેના મુસ્લિમ સ્ત્રીઓના હક્કો સંપૂર્ણપણે ઝૂંટવી લેતો કાયદો કર્યો હોય તેમ માનવું અઘરું છે''.

૨૦૦૦માં બોમ્બે હાઈકોર્ટની આખી બેંચે કરીમ અબ્દુલ રહેમાન શેખ વિ. શહેનાઝ કરીમ શેખમાં સ્પષ્ટ કર્યું કે ''ભરણપોષણ અને ઉચિત અને સંતોષકારક પ્રબંધનો, મેહર (પતિ તરફથી લગ્ન સમયે પત્નીને અપાયેલી ભેટ) સાથે ગુંચવાડો ના કરી શકાય. મેહર તો એ ઉત્તરદાયિત્વ છે, જેને બીજી કોઈ પણ પ્રકારની ચુકવણી કે પરિણામ સાથે સંબંધ નથી''. જે કિસ્સાઓમાં પતિ પૂરી રકમ ભરવા સક્ષમ ન હોય તેવા કિસ્સામાં કોર્ટે ઠરાવ્યું કે ''એ રકમ હપ્તે હપ્તે ચૂકવી શકાય અને જ્યાં સુધી એ રકમ પૂરેપૂરી ચૂકવાઈ ન જાય ત્યાં સુધી મેજિસ્ટ્રેટ પત્નીને દર મહિને સીધું ચુકવણું, ઈદ્દત ગાળા પછી પણ, કરવાનો પતિને આદેશ આપી શકે''.

## ડેનિયલ લતીફી કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાથી વિવાદનો અંત

૨૦૦૧માં સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચે ડેનિયલ લતીફી કેસમાં ચુકાદો આપીને આખા વિવાદનો અંત આણ્યો અને મુસ્લિમ વીમેનના એકટની બંધારણીય વૈધતાને પુષ્ટિ આપી. કોર્ટે અનુમોદન આપ્યું કે સીઆરપીસીની કલમ ૧૨૫ હેઠળના ભરણપોષણ અંગેના પહેલાના અધિકારને સ્થાને આ કાયદો છૂટાછેડા પછી તરત ચૂકવવાના અને કરવાના થતા અમુક રકમના પ્રબંધનો નવો હક્ક આપે છે. જો પતિ એ વ્યવસ્થા કરવામાં નિષ્ફળ જાય તો છૂટાછેડા પામેલી મુસ્લિમ સ્ત્રીને આ કાયદાની કલમ ૩ નીચે મેજિસ્ટ્રેટની કોર્ટમાં જવાનો અધિકાર રહે છે.

આ ચુકાદા પછી એ સ્પષ્ટ થઈ જાય છે કે છૂટાછેડા પામેલી મુસ્લિમ સ્ત્રીઓ પતિ પાસેથી ઈદ્દત ગાળા સુધીમાં એના ભવિષ્યની જરૂરિયાતો માટે યોગ્ય અને સંતોષકારક પ્રબંધ અને ભરણપોષણ મેળવવાને હક્કદાર છે.

મજાની વાત એ છે કે આ લાંબી ચાલેલી લડાઈમાં બન્ને પક્ષો - એક બાજુ, આ કાયદાના અર્થઘટનથી દુઃખી પતિઓ અને બીજી બાજુ આ કાયદાની વૈધતાને જ પડકારતાં બિનસાંપ્રદાયિક જૂથો - હારી ગયા. જીત થઈ છે એ સામાન્ય, વ્યક્તિગત મુસ્લિમ સ્ત્રીઓની, જેઓ પોતાના જીવવાના હક્ક માટે લડેલી.

## ફેમિલી કોર્ટની હકૂમત માન્ય

જ્યાં ફેમિલી કોર્ટોનું માળખું છે, ત્યાં સીઆરપીસીની કલમ ૧૨૫ હેઠળની હકૂમત ફેમિલી કોર્ટ હોય છે. પરંતુ મુસ્લિમ વીમેન એકટ હેઠળ હકૂમત મેજિસ્ટ્રેટની કોર્ટની છે. એને કારણે મુસ્લિમ સ્ત્રીઓને ઘણી કઠણાઈઓ સહન કરવી પડતી. મોટાભાગે એવું બને છે કે જ્યારે પતિથી તરછોડાયેલી સ્ત્રી ફેમિલી કોર્ટમાં સીઆરપીસીની કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણની અરજી દાખલ કરે છે ત્યારે એનો પતિ, વકીલ સાથે મળીને એને તલ્લાકનામું મોકલી આપે છે અને દાવો કરે છે કે મુસ્લિમ વીમેન એકટ બન્યા પછી તેની છૂટાછેડા આપી દીધેલી પત્નીને ભરણપોષણ આપવાને એ બંધાયેલો નથી. આપણે આગળ જોયું તેમ કોર્ટના ચુકાદાઓમાં મુસ્લિમ સ્ત્રીને ઈદ્દત સમય દરમિયાન કે બાદ પણ ભરણપોષણ કે ભવિષ્યના પ્રબંધ રૂપે અમુક રકમ કે સ્થાવર મિલકત ચૂકવવાની કે ગોઠવણ કરવાની સત્તા મેજિસ્ટ્રેટની કોર્ટને આપવામાં આવી છે. એ આમ તો શકવર્તી અર્થઘટન હતું, પરંતુ એનું એક પરિણામ એ આવ્યું કે સ્ત્રીએ ફેમિલી કોર્ટમાં કરેલી ભરણપોષણની અરજી પાછી

ખેંચીને મેજિસ્ટ્રેટની કોર્ટમાં નવેસરથી અરજી કરવી પડતી. તેને લીધે સ્ત્રીની હેરાનગતિ બહુ વધી જાય છે. અને એને અધિકારો મેળવવામાં પણ ખૂબ સમય લાગે છે.

આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટની જસ્ટિસ દિપક વર્મા અને બી. સુદર્શન રેડ્ડીની ડિવિઝન બેન્ચે ૪ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ શબાનાબાનોના કેસમાં આપેલો ચુકાદો બહુ અગત્યનો છે.

એ કેસની વિગતો આ મુજબ છે : શબાનાબાનોએ ફેમિલી કોર્ટમાં રૂા. ૩૦૦૦ના ભરણપોષણનો દાવો કરેલો. એની યાચિકા પ્રમાણે જયારે તે સુવાવડ માટે એના પિયર ગઈ હતી, ત્યારે એના પતિએ એને સૂચના આપેલી કે જો એની દહેજની માંગણી પૂરી નહીં કરે તો બાળકના જન્મ પછી એને ઘરમાં પાછી નહીં આવવા દે. તેથી શબાનાબાનોએ ગ્લાલિયરની ફેમિલી કોર્ટમાં સીઆરપીસીની કલમ ૧૨૫ નીચે ભરણપોષણનો દાવો મૂક્યો. એના પતિએ અરજ કરી કે એણે તો શબાનાને છૂટાછેડા આપી દીધા હતા અને એટલે એ એને ભરણપોષણ આપવા બંધાયેલો નહોતો. તેથી કોર્ટે છૂટાછેડા આપ્યાની તારીખથી શબાનાની અરજી કર્યાના ૪ મહિનાના ગાળા માટે રૂ. ૨૦૦૦ પ્રતિ માસ આપવાનો હુકમ કર્યો. શબાનાએ મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં અપીલ કરી, જેને હાઈકોર્ટે કાઢી નાખી. એટલે શબાનાએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી, જેમાં કોર્ટે એની તરફેણમાં ચુકાદો આપ્યો.

સ્ત્રીના અધિકારો પ્રતિપાદિત કરતા આ ચુકાદામાં ન્યાયમૂર્તિઓએ આગલા બે ચુકાદાઓ પર આધાર રાખ્યો છે. એક છે ૨૦૦૧નો ડેનિયલ લતીફી કેસમાં બંધારણીય બેંચે આપેલો એ ઐતિહાસિક ચુકાદો અને બીજો છે ૨૦૦૭માં ઈકબાલબાનો વિ. સ્ટેટ ઓફ યુપીમાં આપવામાં આવેલો તાજેતરનો ચુકાદો. ઈકબાલબાનો ચુકાદામાં ઠરાવવામાં આવ્યું છે કે સીઆરપીસીની કલમ ૧૨૫ નીચેની કાર્યવાહીનું સ્વરૂપ સિવિલ પ્રકારનું છે. તેથી છૂટાછેડા પછી પણ સ્ત્રી કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણનો દાવો કરવા માટે હક્કદાર રહેશે.

આના પરથી આપણે તારવી શકીએ કે :

૧. છૂટાછેડા પામેલી મુસ્લિમ સ્ત્રીઓનો પતિ પાસેથી ભરણપોષણ (કે ભવિષ્ય માટે પૈસા કે મિલકતની વ્યવસ્થા) મેળવવાનો અધિકાર છૂટાછેડા થાય એટલે મટી જતો નથી. મુસ્લિમ વીમેન એકટ હેઠળ એ અમુક રકમ (કે મિલકત)ના સેટલમેન્ટની હક્કદાર રહે જ છે.

૨. મુસ્લિમ વીમેન એકટ નીચે મેજિસ્ટ્રેટ કોર્ટની હકૂમત માન્ય હોય છે, તેમ છતાં જ્યાં ફેમિલી કોર્ટનું માળખું ગોઠવાયેલું હોય ત્યાં જો સ્ત્રીએ સીઆરપીસી કલમ ૧૨૫ નીચે ભરણપોષણની અરજી ફેમિલી કોર્ટમાં દાખલ કરી હોય અને એના પતિએ એવી દલીલ કરી હોય કે એણે એની પત્નીને છૂટાછેડા આપી દીધા છે તો તેવા કેસમાં ફેમિલી કોર્ટે જ મુસ્લિમ વીમેન એકટની જોગવાઈઓ ધ્યાનમાં રાખીને એ કેસનો નિકાલ લાવવો પડશે. એ સ્ત્રીએ મેજિસ્ટ્રેટની કોર્ટમાં નવેસરથી અલગ અરજી દાખલ નહીં કરવી પડે.

**આ ચુકાદાઓ શોભાના ગાંઠિયા ના બની રહે એ જોવું રહ્યું**

લાંબા ગાળાની સકારાત્મક અસરો કરતા આ ખૂબ અગત્યના ચુકાદાઓ છે. પરંતુ જ્યાં સુધી એને નીચલી કોર્ટો સુધી લઈ જવામાં નહીં આવે અને મુસ્લિમ સમુદાયોની અંદરના સામાજિક નિયમો બદલવા માટે વાપરવામાં નહીં આવે, ત્યાં સુધી એ બધા કાયદાની જર્નલોમાં શોભાના ગાંઠિયા રૂપ જ રહેશે. જયાં સુધી ગરીબ મુસ્લિમ સ્ત્રીઓના અધિકારોને રક્ષવા માટે નિસબત ધરાવનાર સૌ - કે જેઓ એને રક્ષવાની બંધારણીય ફરજ ધરાવે છે તેઓ સૌ - વકીલો, સ્ત્રી સંગઠનો, સામાજિક કર્મશીલો - આ ચુકાદાઓથી જાણકાર ન બને, ત્યાં સુધી આ ન્યાયિક વિધાનોની મુસ્લિમ સ્ત્રીઓની જિંદગીઓ પર કોઈ સકારાત્મક અસર નહીં થાય.

શબાનાબાનોના કેસમાં આવું જ બનેલું ને ? નહિતર ડેનિયલ લતીફીના ઐતિહાસિક ચુકાદા પછી જેના લગ્ન થયેલા એ શબાનાબાનુએ ન્યાય માટેની આટલી લાંબી લડત લડવી જ ન પડત. કાશ, ગ્વાલિયરની ફેમિલી કોર્ટ અને મધ્યપ્રદેશ હાઈકોર્ટ ડેનિયલ લતીફી કેસમાં પ્રતિપાદિત થયેલા સિદ્ધાંતોને અનુસરી હોત!

સામાન્ય નાગરિક માટે કાયદાની અજ્ઞાનતા જેમ ગુન્હો કરવા માટેનો બચાવ નથી બની શકતો, તેમ જેમના અધિકારોનું રક્ષણ કરવાની જેમની ફરજ છે તેઓ - વકીલો, ન્યાયાધીશો કે લવાદો માટે આ હાંસિયામાં મુકાયેલી નિ:સહાય વ્યક્તિઓ માટેની સ્પષ્ટ ન્યાયિક જોગવાઈઓનું અજ્ઞાન કયારેય એમનો બચાવ ન બની શકે. ■

**(લેખિકા સ્ત્રીઓ માટેના મુંબઈના કાનૂની કેન્દ્ર - મજલિસનાં ડાયરેકટર છે. Communalism Combat ના જાન્યુઆરી ૨૦૧૦ના લેખમાંથી સાભાર - ભાવાનુવાદ તૃપ્તિ પારેખ)**

# શિક્ષણનું મહત્ત્વ સમજાવતી મુન્ની બેગમની જીવન કથની

**અશ્વિનકુમાર ન. કારીઆ**

ઉત્તર પ્રદેશમાં પ્રતાપગઢ જિલ્લો તેની સામંતશાહી પાર્શ્વભૂને કારણે ખ્યાતનામ છે. ત્યાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક રીતે જમીનદારોનું વર્ચસ્વ છે. કેટલાક અન્સારી (મુસ્લિમ) કુટુંબો હેન્ડલૂમના કામમાં અસંગઠિત રીતે વર્ષોથી જોડાયેલા છે. દલિતો પાસે પોતાની જમીન ન હોવાના કારણે અત્યંત મુશ્કેલીથી જીવન ગુજારી રહ્યા છે.

પ્રતાપગઢ જિલ્લાની પટ્ટી તકેસીલમાં મુન્ની બેગમ નામની એક પાતળી, તંદુરસ્ત અને ઊંચી સ્ત્રીએ અન્યાયો સામેની પોતાની લડતથી તોફાન જગાવ્યું છે. પોતાની નિષ્ઠા અને નિસ્વાર્થ સેવાઓના કારણે ગ્રામ વિસ્તારના સીમાંત લોકો અને ભૂમિહીન મજૂરોની તે પ્રવકતા બની રહી છે. મુન્ની બેગમ દલિતો અને મુસ્લિમોને તેમના જમીનના અધિકારો માટે સંગઠિત કરી રહી છે. જુદાં જુદાં ગામોના ધૂળિયા રસ્તાઓ સાયકલ પર ખૂંદી વળે છે. રાષ્ટ્રિય ગ્રામ રોજગારી બાંહેધરી યોજનામાં ભ્રષ્ટાચાર થતાં ગરીબ લોકો અને સ્ત્રીઓના પૂર્ણ વેતન માટે તેણે અધિકારીઓ સામે લડત આપીને ન્યાય અપાવ્યો હતો. મુન્ની બેગમ એટલી બધી લોકપ્રિય થઈ ચૂકી છે કે ૨૦૦૦ના વર્ષમાં જિલ્લા પંચાયતની બેઠક પર તમામ શક્તિશાળી ઉમેદવારોને હરાવીને વિજય પ્રાપ્ત કર્યો હતો. તેને હરાવવા અનેક કાવા-દાવાઓ થયા હતા. પરંતુ મુન્ની બેગમને લોકોનું જ સીધું સમર્થન હતું.

મુન્ની બેગમ ભૂમિહીન ખેતમજૂર કુટુંબની પુત્રી છે. તેના પિતા પાવરલુમના કામદાર હતા અને અનેક આર્થિક મુશ્કેલીઓ વચ્ચે તેમનું ગુજરાન ચાલતું હતું. ૧૯૮૩માં ૧૨ વર્ષની ઉંમરે મુન્નીનાં લગ્ન થયાં. તેનો પતિ વડોરાની વાસણ બનાવતી ફેકટરીમાં કારીગર હતો. લગ્ન બાદ મુન્નીનો પતિ તરત જ વડોદરા કામ પર ચાલ્યો ગયો હતો, તે બિલકુલ અભણ હતો. તેણે પોતાના મિત્ર મારફત મુન્નીને પત્ર લખ્યો. મુન્નીએ પણ પત્ર વાંચવા માટે અન્યની મદદ લેવી પડતી. એક દિવસ મુન્નીના સસરાએ મુન્નીને પત્ર વંચાવવા જવાની ના પાડી, તે જ વખતે મુન્નીએ ભણવાનો નિશ્ચય કર્યો. પછીના પંદર દિવસ ઘણા સંઘર્ષપૂર્ણ પસાર થયા, કારણ કે સાસરીમાંથી શાળાએ જવાની મંજૂરી કોઈ પણ સંજોગોમાં મળી શકે તેમ ન હતી. મુન્નીએ ઘરમાં જ ક, ખ, ગ શીખવાનું શરૂ કર્યું. કોલસાની મદદથી દીવાલ પર લખતી. કારણ કે ચોક, પેન, નોટબુક પોસાઈ શકે તેમ ન હતાં. ધીમે ધીમે ૮ ધોરણ અને ત્યારબાદ ખાનગી વિદ્યાર્થી તરીકે બોર્ડની પરીક્ષા આપી. તેમાં ઉજ્વળ સફળતા પ્રાપ્ત થતાં સ્થાનિક શાળામાં રૂા. ૫૦૦થી નોકરી મળી. દરમિયાનમાં તેના પતિને ટી.બી. રોગનું નિદાન થતાં, આપત્તિ આવી પડી. પરંતુ મુન્નીએ જરાયે હિંમત હાર્યા વિના ૧૨ ધોરણની પરીક્ષા પાસ કરી. કપરા સંજોગો વચ્ચે પણ મુન્ની સ્ત્રીઓના અધિકારો અને ન્યાય માટે લડતી રહેતી હતી, સ્ત્રીઓનું જૂથ લઈને ભ્રષ્ટ અધિકારીઓ સામે દલીલો કરવા હવે તે ટેવાઈ ગઈ હતી, આવા અધિકારીઓ હવે મુન્નીથી બીવા લાગ્યા હતા. વિધવા, અપંગ સ્ત્રીઓ માટે તેણે આપેલ લડતથી લોકો મુન્ની તરફ માનની નજરે જોવા લાગ્યા.

જાન્યુઆરી ૨૦૦૮માં લખનૌ ખાતે ઉત્તર પ્રદેશ જમીન સંગઠનના ઉપપ્રમુખ તરીકે તેને ચુંટી કાઢવામાં આવેલ. ડિસેમ્બર ૨૦૦૮માં ઉત્તરાંચલમાં દલિતો અને આદિવાસીઓની જમીન અધિકારો માટેની પદયાત્રામાં તેણે અગ્રભૂમિકા ભજવી હતી. પોતાના અંગત જીવનની અનેક મુશ્કેલીઓ છતાં, મુસ્લિમ અને દલિત મહિલાઓને ન્યાય અપાવવામાં સફળ રહી. મુન્નીના પતિ ટી.બી. બીમારીના કારણે પથારીવશ હોવા છતાં, અનેક સભાઓ અને કાર્યક્રમોમાં મુન્ની હાજરી આપતી રહી અને પોતાની મુશ્કેલીઓની કોઈને જાણ પણ ન થવા દીધી. આ પીડાઓ વચ્ચે મુન્નીએ સ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કરી હતી, અને અનુસ્નાતક પરીક્ષાની તૈયારી કરી રહી હતી. પરંતુ પરીક્ષા પૂર્વ તેના પતિનું અવસાન થયું. તેના માટે આ મોટો આઘાત હતો. પતિના મૃત્યુ બાદ તેણે ઈદ્દતના દિવસો માટે ઘરની ચાર દીવાલોમાં પુરાઈ રહેવાનું હતું. તેની કમાણી પર જ ઘરનો આધાર હતો. સ્થાનિક મુસ્લિમ આગેવાનોએ તેને ટેકો આપ્યો અને મુશ્કેલીમાં ખડે પગે રહ્યા.

મુન્ની હવે ફરીથી અનુસ્નાતક પરીક્ષાની તૈયારી કરી રહી છે. તેનો પુત્ર સ્નાતક થવાના આરે છે. અન્ય સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ પ્રેરવા મુન્ની સખત પરિશ્રમ કરી રહી છે. સ્ત્રીઓને થતા અન્યાયો સામે મુન્ની હજી પણ અગાઉના જેવા જ મનોબળ સાથે લડી રહી છે. રાજકારણમાં રહીને અન્યની માફક મુન્ની સંપત્તિ એકત્ર કરી શકી હોત. પરંતુ તેમ કરવાથી તે દૂર રહી છે. હજી પણ મુન્ની એક નાના ઘરમાં જ નિવાસ કરી રહી છે. પ્રવાસ માટે તેણે દ્વિચક્રી વાહન ખરીદ કરેલ છે. હાલ મુન્ની નારી ચેતના સમિતિની અધ્યક્ષ છે. નજીકનાં ગામોમાં ૨૫૦ મહિલાઓને તેણે શિક્ષણ આપ્યું છે. સમાનતા અને માનવ અધિકારોના સંઘર્ષ માટે લડતાં જૂથો માટે મુન્નીની કથની પ્રેરણા રૂપ છે.

***૧, શ્રીઆંગણ એપાર્ટમેન્ટ્સ, એલ.જે. કોલેજ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ***

# જળની જન્મોત્રી માંડતું ભારતનું સર્વપ્રથમ માધ્યમ :
# પહેલી મે, ગુજરાતની સુવર્ણ જયંતિ નિમિત્તે
# હવે ફરી અવતરે છે

જલસેવા




પાણીની તંગી એ ગુજરાતની કાયમી સમસ્યા છે. એ વિષે લોકોનું ધ્યાન દોરવા અને તે વિષે મહત્વની જાણકારી ઉપલબ્ધ કરાવવાના હેતુથી "જલસેવા" નામનું સાપ્તાહિક શરૂ કર્યું છે. તે 'જળની જન્મોત્રી માંડતુ ભારતનું સર્વપ્રથમ માધ્યમ છે.' કેવળ જળની સમસ્યાને જ કેન્દ્રમાં રાખીને સામયિક પ્રકાશિત કરવાનો વિચાર જ અનોખો છે અને જે ચીવટ અને ધગશથી તેઓ તેનું પ્રકાશન કરી રહ્યા છે તે ધન્યવાદને પાત્ર છે. કોઈપણ જાતના આર્થિક પીઠબળ વગર 'જલસેવા' નું પ્રકાશન કરાય છે. એ તેમની નિષ્ઠા અને લગન સૂચવે છે. 'જલસેવા' ની કોઈ છૂટક કિંમત નથી. તેનું કોઈ લવાજમ પણ નથી 'જલસેવા' જરૂરી જાણકારી અને માર્ગદર્શન આપતું રહે છે. તરસ્યાને પાણી આપવા જેવું આ કામ છે.

\- મહાનગર કલકત્તા હલચલ

જલ સમાચાર સંકલન મિલા. બહુત હી ઉપયોગી પ્રયાસ હૈ. હમ સબકી બધાઈ સ્વીકાર કરે. આજ પાણી કા પ્રશ્ન ઈતના ગંભીર હો ગયા હૈ કિ ગરમી કે બદલે ઠંડ કે મૌસમમેં ભી ઉસકી કમી અનુભવ હો રહી હૈ. લોગ ઉત્તેજીત હો રહે હૈં ઔર ઉન્હેં જાનકી બાજી તક લગાની પડે ઈસસે ભયંકર ઔર ક્યા હોગા ?

-અનુપમ મિશ્રા (ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન, નવી દિલ્હી)

ગુજરાત જે ભોગવી રહ્યું છે અને જેનાથી આવનારા વિનાશના દહાડા જોઈ શકાય છે તેવી પાણીની અછત અંગે ગંભીર વિચારણાનો પ્રયાસ ખરેખર આવકારદાયક છે. આ સમસ્યા ઉકેલવાની દિશાના તમામ પ્રયાસોનું સ્વાગત હો. કારણ માત્ર બે જ સ્રોત ઉપલબ્ધ છે. એક ભુગર્ભ જળ અને બીજું સ્વર્ગેથી વરસતું પાણી. બંને ઉપયોગમાં લેવાશે તો જ પરિણામ આવી શકશે. શુભેચ્છા. સફળતા ઈચ્છું છું.

-માધવસિંહ સોલંકી (પૂર્વ મુખ્યપ્રધાન, ગાંધીનગર)

"જલસેવા" દ્વારા જે નિષ્ઠા અને ખંતથી આ ક્ષેત્રે કાર્ય કરી રહ્યા છો એની હું કદર કરું છું. પંજાબ અને હરિયાણામાં જળની વહેંચણી બાબતમાં તાજેતરમાં જે બન્યું તે મારા અભિપ્રાય અનુસાર શરૂઆત માત્ર છે. હજુ વધારે કષ્ટદાયક કાળ હવે પછીના દિવસોમાં આવી રહ્યો છે, આશા રાખું છું, હું ખોટો પડું.

-જયનારાયણ વ્યાસ (સરકારના પ્રવક્તા)

## આજે જ તમારી નકલ માટે લખો :

જલસેવા

સત્યજીત ટ્રસ્ટ, બી-૧, નીલદીપ એપાર્ટમેન્ટ, સંદેશ પ્રેસ રોડ, અમદાવાદ-૧૫. ફોન : ०૭૯-૨૬૮૫૧૨૩૦

# સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય

**પ્રો. મહેબૂબ દેસાઇ**

## ૧. સૂફીવાદનો ઉદ્‌ભવ

સૂફીવાદના ઉદ્‌ભવના પાયામાં ઇસ્લામનો માનવતાવાદી દૃષ્ટિકોણ દટાયેલો પડ્યો છે. તેની સાક્ષી પૂરતી સમજ એનસાઇક્લોપિડિયા બ્રિટાનિકામાં આપવામાં આવી છે. તેમાં સૂફીવાદ અંગે લખ્યું છે : ''એક આધ્યાત્મિક ઇસ્લામિક પંથ અને ઉપાસના પદ્ધતિ, જેમાં ખુદા અંગે પ્રત્યક્ષ અને વ્યક્તિગત અનુભવોના માધ્યમ દ્વારા અલૌકિક પ્રેમ અને જ્ઞાનનું સત્ય જાણવાનો પ્રયાસ થાય છે.''

ઇસ્લામના આ આધ્યાત્મિકવાદને અરબી ભાષામાં ''તસવ્વુફ'' અને ફારસીમાં ''સૂફી'' કહે છે.''તસવ્વુફ'' એટલે ઊનનું વસ્ત્ર પહેરનાર. ''સૂફી'' શબ્દ પણ સૂફ એટલે ઊન પરથી આવ્યો છે. સૂફી સંતો મોટે ભાગે ઊનનું વસ્ત્ર કે ચોગો પહેરતા હતા. એ પરથી તેમની વિચારધારાને સૂફીવાદ કહેવાનો આરંભ થયો હશે, એમ મોટે ભાગે માનવામાં આવે છે. પણ માત્ર પોષાકને કોઇ વિચારધારાની ઓળખ ગણાવી, તેનું નામાભિધાન કે અર્થઘટન કરવું યોગ્ય નથી. સૂફી શબ્દની ઉત્પત્તિ અંગે સૂફી સંતોના જીવનપ્રસંગોને અસરકારક શૈલીમાં આલેખતા ફારસી ગ્રન્થ ''તઝકીર્તુલ ઓલિયા''ની પ્રસ્તાવનામાં લખ્યું છે,

'''સૂફ' ફારસી ભાષાનો શબ્દ છે. ફારસીમાં હકીમ અને દાનીશ્વરો (જ્ઞાનીઓ)ને ફિલસૂફ કહેવામાં આવે છે. ફિલ એટલે મુહીબ અર્થાત્ મહોબ્બત કરનાર. અને સૂફ એટલે દાનીશ-હિકમતથી મહોબ્બત કરનાર. એ અર્થમાં એકાગ્ર ચિત્તે ખુદાની મહોબ્બત કરનાર એટલે સૂફી.''

એ જ રીતે ''સૂફી'' માટે અરબીમાં ''તસવ્વુફ'' શબ્દ વપરાયો છે. અલ્લામા ઇબ્ન મલ્દુન તેનો અર્થ સ્પષ્ટ કરતાં લખે છે, '''તસવ્વુફ' એટલે ઇબાદત (ભક્તિ)માં પાબંદ (એકાગ્ર) રહેવું. દુનિયાના સુખચેનથી, ધનદોલતથી મુક્ત થઇ માત્ર ખુદાની એકાગ્રચિત્તે ઇબાદત કરવી.''

''સૂફ'' અને ''તસવ્વુફ'' શબ્દનાં ઉપરોક્ત અર્થઘટનો સૂફીના આધ્યાત્મિક પાસાને ઉજાગર કરે છે. ઊનનું વસ્ત્ર ધારણ કરનાર સૂફી, એવું શાબ્દિક અર્થઘટન ભલે સૌ સ્વીકારતા હોય, પણ તે સૂફી સંતોનાં સાચાં કાર્યોને વ્યક્ત કરતું નથી. સૂફી શબ્દના આધ્યાત્મિક અર્થઘટન સુધી સીમિત ન રહેતાં, સૂફી પરંપરાના મૂળ સુધી પહોંચવું જરૂરી છે.

ઇસ્લામનો ઇતિહાસ તપાસતાં સૂફી પરંપરાનાં મૂળ ઇસ્લામની સૌથી જાણીતી અને જૂની મસ્જિદ-એ-નબવી સુધી દટાયેલાં જોવા મળે છે. ઇસ્લામના અંતિમ પયગમ્બર હઝરત મહંમદ સાહેબે મદીનામાં પોતાના હાથે ઇસ્લામની બીજી 'મસ્જિદ-એ-નબવી''નું સર્જન કર્યું હતું. એ મસ્જિદના એક ખૂણામાં એક છતનો ચબૂતરો તેમણે બનાવ્યો હતો. આ ચબૂતરો એવા લોકો માટે હતો જેઓ ઘરબાર વગરના દરવેશો કે ફકીરો હતા. આવા ફકીરો ત્યાં એકઠા થતા અને ઇલ્મ અને ઇસ્લામના સિદ્ધાંતોની છણાવટ કરતા. આ ચબૂતરાને ઇસ્લામી ઇતિહાસમાં 'સુફ્ફહ ખંડ' કહેવામાં આવે છે. આ સુફ્ફહ ખંડ અંગે 'સીરતે સરકારે મદીના' (મહંમદ સાહેબનું જીવન ચરિત્ર)માં કહ્યું છે, ''કેટલાક મુસલમાન બનનાર અગાઉથી ઘરબાર વગરના હતા. કેટલાક બહારથી આવીને ઇસ્લામ સ્વીકાર્યા બાદ, ઇલ્મ-એ-દીન શીખવા મદીનામાં રોકાઇ ગયા હતા. તેઓના ઉતારા માટે કોઇ જગ્યા ન હતી. આવા ફકીરો, દરવેશો માટે આ ચબૂતરો નેઅમત (આશીર્વાદ)રૂપ હતો. (હથુરાની, મોં. અહેમદ મોહંમદ, સીરતે સરકારે મદીના, ભાગ-૧, નુરાની કુતુબખાના, છાપી, બનાસકાંઠા, પૃ. ૫૫૯ -૫૬૦)

## ૨. ભારતના સૂફી સંતો અને તેમનો પ્રભાવ

ભારતમાં સૂફી વિચારનો પ્રચાર મુઘલકાળ (૧૫૨૬-૧૭૦૭) દરમ્યાન થયાનું મનાય છે. જોકે તુર્ક-અફઘાન શાસનકાળ (૧૨૦૬-૧૫૨૬)માં પણ સૂફી વિચારધારાને મોકળું મેદાન મળ્યું હતું. પ્રસિદ્ધ સૂફી સંત મીર અબ્દુલ વહીદ મીલ્ગ્રામીએ ''હકીકી હિન્દ'' નામક સૂફી ગ્રન્થ ઇ.સ.૧૫૨૬માં લખ્યો હતો. આ પછી સૂફી માન્યતાઓ, વિચારો અને વ્યવહારોનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો. આ જ અરસામાં સૂફીવાદની ''વહ્‌દ-અલ-વજૂદ'' વિચારધારા ભારતમાં પ્રસરી. વહ્‌દ-અલ વજૂદ એટલે જીવનની એકતા. આ વિચારનો મુખ્ય ઉદેશ જીવ કે આત્માની એકતા હતો. દરેક શરીર એક આત્માનું નિવાસ છે. અને આત્મા નાશ પામતો નથી. આત્મા એ જ ખુદાનું ઘર છે. આ વિચારધારા સામે સૂફીવાદની નકશબંદી શાખાએ ''વહ્‌દ-અલ-શૂહુદ'' અર્થાત્ ''વિચારની એકતા''ને પ્રાધાન્ય આપ્યું. આત્મા ખુદા છે. પણ તેના વિચાર-આચાર અને ગતિ મહત્ત્વના છે. આ વિચારને સૂફી સંત સરેહિન્દ શેખ અહેમદે (૧૫૬૪-૧૬૨૪) ભારતમાં પ્રસરાવ્યો. તેમણે લખેલ ગ્રંથો ''રિસાલે તહલીલીયા'' અને ''રિસાલે ફી ઇત્હાત અલ નબુવ્વત''એ સૂફી વિચારને સ્પષ્ટ અને

અસરકારક રીતે રજૂ કર્યો.

૧૮મી સદીમાં દિલ્હીના સૂફી સંત શાહ વલી અલ્લાહે આ બંને સૂફી વિચારધારાઓ વચ્ચે સમજૂતી સાધવાનો પ્રયાસ કર્યો. તેમણે કુરાન-એ-શરીફનો મુઘલ ભારતની રાજભાષા ફારસીમાં અનુવાદ કર્યો. આ જ અરસામાં મીર દર્દ જેવા ઉર્દુ શાયરોએ ''ઇશ્ક-એ-મિજાજી'' (માનવપ્રેમ)ના સ્થાને ''ઇશ્ક-એ-ઇલાહી''ને કેન્દ્રમાં રાખી શાયરીઓની રચના કરી, સૂફીવાદને પ્રજા સુધી પહોંચાડ્યો. ઇ.સ. ૧૧૮૮માં મુલતાન શહેર નજીક કોઠાવાલ ગામમાં જન્મેલ સૂફી સંત ફરીદે ભારતમાં સૂફી પરંપરામાં નોંધપાત્ર ફાળો આપ્યો. બાબા ફરીદનાં ઉપદેશાત્મક કથનોમાં જીવનની સરળ ફિલસૂફી સમાયેલી હતી. તેમના ગ્રન્થ ''સીઅરુલ ઓલિયા''એ તે યુગમાં લોકોને ઘેલું લગાડયું હતું. તેમના સૂફી વિચારો સરળ અને જીવનમૂલ્યોને સાકાર કરતા હતા. જેમ કે, ''શરીરની માંગણીઓ પૂરી ના કરો, કારણ કે તેનું મોં બહુ મોટું છે.'' ''મૃત્યુને ક્યારેય, ક્યાંય ન ભૂલશો.''

બાબા ફરીદના આવા સરળ વિચારોએ એ યુગના સાહિત્ય પર ગાઢી અસર કરી હતી. શીખ ધર્મના ધર્મગ્રન્થ ''ગુરુગ્રન્થ સાહિબ''માં બાબા ફરીદની વાણી પાંચમા ગુરુ અર્જુનદેવે અક્ષરશઃ મૂકી.''ગુરુગ્રન્થ સાહિબ''માં ફરીદવાણીના ૧૨૨ શ્લોકો અને ચાર પદો સમાવિષ્ટ થયાં છે. ગુરુ નાનક (ઇ.સ.૧૪૬૯-૧૫૩૯) અને બાબા ફરીદ (ઇ.સ.૧૧૮૮-૧૨૮૦) વચ્ચે બે શતાબ્દીનું અંતર હોવા છતાં ગુરુ નાનકે ''ગુરુગ્રન્થ સાહિબ''માં મુકાયેલ ફરીદવાણીના એક પણ શબ્દમાં ફેરફાર નથી કર્યો. એ જ બાબત ઇસ્લામ અને સૂફી સંતોના યુગોના પ્રભાવને વ્યક્ત કરે છે. ફરીદબાબાના શિષ્ય નિઝામુદીન ઓલિયાએ પણ એ પછી સૂફી પરંપરાને ભારતમાં જીવંત રાખવામાં નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું. એ પછી તો સૂફી સંતોની મોટી હારમાળા ભારતના જનજીવન પર પ્રસરી ગઇ હતી. સંત જોજન (૧૫૦૪), કુત્બન (૧૪૯૪), મલિક મોહંમદ જાયસી (૧૪૬૪-૧૫૪૨), ઉસ્માન (૧૬૧૪), રહીમ (૧૬૨૭), નુર મહંમદ (૧૭૪૫), અબ્દુલ કુન્દુસ ગંગોહી (૧૪૫૬-૧૫૩૭), સૂફી સંત નાઝીર (મૃ.૧૮૨૧), સંત સચલ (૧૭૩૯-૧૮૨૭), અબ્દુલ લતીફ શાહ (૧૬૮૯-૧૭૫૨), બુલ્લેશાહ (૧૬૮૦-૧૭૫૭) જેવા સંતો સૂફીવાદના પાયાના પથ્થર બની રહ્યા. (દેસાઇ, ડો.મહેબૂબ, સૂફીજન તો તેને રે કહીએ, પ્ર.ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૭. પૃ.૧૬)

કબીર (૧૫૧૮), દાદુ દયાલ (૧૫૭૭), યારી સાહેબ (૧૫૫૬) અને દરિયા સાહેબ (૧૫૭૭) જેવા સૂફીઓને આઝાદ સૂફીઓ કહેવામાં આવે છે. આ સંતો ઇસ્લામ કે સૂફીવાદના કોઇ સંપ્રદાય સાથે જોડાયા ન હતા. છતાં તેમના સાહિત્યમાં સૂફી પરંપરાના ધબકારા મહેસૂસ થાય છે. કબીર લખે છે,

> ''પ્રેમભાવ એક ચાહિયે, ભેશ અનેક બનાય
> ચાહે ઘરમેં બાસ કરે, ચાહે બન કો જાય''

(દલાલ, સુરેશ (સંપાદક), કહત કબીર, ઇમેજ પબ્લીકેશન, મુંબઇ-અમદાવાદ, ૨૦૦૫ પૃ.૧૨)

એ જ લયમાં યારી સાહેબ કહે છે,

> ''બિન બંદગી ઇસ આલમ મેં,
> ખાના તુઝે હરામ હૈ રે
> બંદા કરે સાઇ બંદગી
> ખિદમત મેં આઠો જામ હૈ રે''

આમ ભારતના સાંસ્કૃતિક અને સાહિત્યક માહોલમાં સૂફી વિચારધારા સુગંધની જેમ પ્રસરતી ગઇ હતી.

## ૩. ગુજરાતના સૂફી સંતો અને તેમનું ગુજરાતી સંત સાહિત્યમાં પ્રદાન

### ૩.૧. ભાષા સમૃદ્ધિ

ભારતના મધ્યકાલિન મુસ્લિમ શાસકોના પાંચસો વર્ષના શાસન (૧૨૦૬-૧૫૨૬) દરમિયાન ગુજરાતના સુલતાનોએ પણ સૂફી સંતોને રાજ્યાશ્રય આપ્યો હતો. આ સંતોના જીવન - કવનનો અભ્યાસ કરતાં તેમની કેટલીક વિશિષ્ટતાઓ જાણવા મળે છે. જેમ કે,

૧. તેઓનું જીવન સાદગીપૂર્ણ હતું.
૨. તેઓ શુદ્ધ ચરિત્રના માલિક હતા.
૩. તેમના વિચાર અને આચારમાં ભેદ ન હતો.
૪. સામાજિક-ધાર્મિક ભેદભાવથી પર હતા.
૫. હંમેશા ઇબાદત (ભક્તિ)માં લીન રહેતા.
૬. નિઃસ્વાર્થી અને પરોપકારી હતા.
૭. દરેક ધર્મ અને સંપ્રદાયને માન આપતા. તેના સારા વિચારોને સ્વીકારતા. (પાઠક, જગજીવન કાલિદાસ, મુસ્લિમ મહાત્માઓ, પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૪૦, પુસ્તકમાં આપેલાં સૂફી સંતોનાં જીવનચરિત્રોના અભ્યાસનું તારણ)

સૂફી સંતોનાં આ લક્ષણોએ ગુજરાતના સંત સાહિત્યના સર્જન અને પ્રસારમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. હિંદુ-મુસ્લિમ બન્નેના સંત સાહિત્યમાં તેની સ્પષ્ટ અસર જોવા મળે છે. એ યુગમાં ગુજરાતના મુખ્ય સૂફી સંતોમાં શેખ ખત્તું ગંજબક્ષ (૧૩૩૭-૧૪૪૫), સૈયદ બુરાહુદ્દીન અબુ મુહમ્મદ બુખારી ઉર્ફ કુતુબેઆલમ (મૃ.૧૪૫૨), શેખ મહમુદ ઇરજી (મૃ.૧૪૫૮), સૈયદ મુહંમદ શાહે આલમ (૧૪૧૫-૧૪૭૭), સૈયદ અહેમદ શાહજહાન શાહ (મૃ.૧૫૯૪), શેખ જમાલુદ્દીન અત્તા મોહંમદ (મૃ.૧૫૭૮), પીર મોહંમદ શાહ, હઝરત ઉસ્માન અને હઝરત મહેમુદ શાહ બુખારીનો સમાવેશ કરી શકાય. જ્યારે અર્વાચીન યુગમાં પણ સૂફી સંતોના પ્રભાવનો સિલસિલો યથાવત્ રહ્યો છે. એ સંતોમાં દાસ સત્તાર શાહ ચિશ્તી, હઝરત અશરફખાન અને હઝરત બદરુદ્દીન જેવા સંતોનો સમાવેશ કરી શકાય.

આ તમામ સૂફી સંતો પોતાની સાથે સાદગી, ભક્તિમય જીવન કે ઉદાર ધાર્મિક વિચારો માત્ર નહોતા લાવ્યા. પણ ગઝલ, રૂબાઇ, નાત અને કવ્વાલી જેવી લેખનશૈલી પણ લાવ્યા હતા. પરિણામે છેક ૧૫મી સદીથી ગુજરાતી સંત સાહિત્યનું કલેવર બદલાવા લાગ્યું હતું. અરબી-ફારસી સાહિત્યના પરિચયને કારણે વ્યવહારની ભાષામાં સેંકડો અરબી-ફારસી શબ્દોનો પ્રવેશ થયો હતો. સમય જતાં એ શબ્દો ગુજરાતી ભાષાના પોતીકા શબ્દો બની ગયા. આવા રોજબરોજના વ્યવહારમાં વપરાતા અનેક શબ્દો મધ્યકાલિન અભિલેખો, ખતપત્રો અને અર્વાચીન ગદ્ય-પદ્ય ગુજરાતી સંત સાહિત્યમાં આજે પણ જોવા મળે છે (આચાર્ય, ડો. નવીનચન્દ્ર, ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, અમદાવાદ, ૧૯૮૪ પૃ.૮૪). ગુજરાતના જાણીતા ભક્તિ સાહિત્યના રચયિતા અખો, નરસિંહ મહેતા, મીરાંબાઇ, દયારામ, પ્રીતમદાસ વગેરેની ભક્તિ રચનાઓ અરબી-ફારસી શબ્દોથી શણગારાયેલી જોવા મળે છે. ગુજરાતી સાહિત્યનો ચોટદાર વ્યંગકાર અખો ગુજરાતના સલ્તનત યુગમાં જ થઇ ગયો. તેની રચનાઓમાં ફારસી શબ્દોનો અસરકારક ઉપયોગ થયેલો જોવા મળે છે.

''ગેબી નિપજ થઇ પિંડ તણી,
ત્યારે તું ત્યાં નોતો ધણી''

ફારસી ભાષાના ગેબ (ન દેખાય એવી વસ્તુ) શબ્દ પરથી ગુજરાતીમાં રૂઢ થયેલો ગેબી શબ્દ આપણી અભિવ્યક્તિમાં પોતીકો બની ગયો છે.

લોક સાહિત્યના પ્રખર સંશોધક ઝવેરચંદ મેઘાણી પણ યુગવંદના (પૃ.૩૯)માં લખે છે,

''ગેબી, હિમ, અગાધ ઊંડાણ
ત્યાં યે આજે આગ લાગી છે
ધૂંવાધાર તોપ દાગી છે.''

એ જ રીતે મીરાંબાઇ (૧૪૫૦-૧૫૪૭) લખે છે,

''વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે,
દેજો મીરાંને હાથ
અમૃત બની મીરાં પી ગયાં
જેને સહાય શ્રીવિશ્વની નાથ''

પ્યાલા શબ્દનું મૂળ ફારસીમાં છે. જેના પરથી ગુજરાતીમાં પ્યાલી, પ્યાલો કે પવાલું શબ્દ આવ્યો છે. (નાયક, ડો. છોટુભાઇ રણછોડભાઇ, ફારસી શબ્દનો સાર્થ વ્યુત્પત્તિ કોશ, ભાગ-૩, ગુજરાત વિશ્વ વિદ્યાલય, અમદાવાદ ૧૯૮૦, પૃ.૫૬) મધ્યયુગના પ્રસિદ્ધ ભક્તિ સાહિત્યના સર્જક પ્રીતમદાસ (સંવત ૧૭૮૦-૧૮૫૪) નાં કાવ્યોમાં પ્રભુપ્રેમની પરાકાષ્ઠા જોવા મળે છે.

''જીભલડી રે તું હરિ ગુણ ગાતા,
આવડું આળસ ક્યાંથી રે''
''હરીનો મારગ છે શૂરાનો
નહીં કાયરનું કામ જોને''

જેવાં ભક્તિગીતોના સર્જક કવિ પ્રીતમે પણ પોતાના કાવ્યમાં ફારસી શબ્દોને સ્થાન આપ્યું છે,

''તીરે ઊભો જુવે તમાશો,
તે કોડી નવ પામે જોને''

અહીં વપરાયેલ શબ્દ ''તમાશો'' (ખેલ-ફજેતી-જોણું) ફારસી-ઉર્દૂ ભાષાની દેન છે. આપણી બહુ જાણીતી કહેવતમાં ''તમાશો'' શબ્દ એવી રીતે ગોઠવાઇ ગયો છે, જાણે તે આપણો જ ન હોય (નાયક, ડો. છોટુભાઇ રણછોડભાઇ, ફારસી શબ્દનો સાર્થ વ્યુત્પત્તિ કોશ, ભાગ-૩,, પૃ.૧૦૨).

''તમાશાને તેડું ન હોય'' એમ જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે તેનાં મૂળ છેક મધ્યકાલિન ગુજરાતમાં પડયા છે તેની આપણને કલ્પના સુધ્ધાં નથી હોતી.

ટૂંકમાં, ઇસ્લામના સૂફી સંતોએ ગુજરાતી સંત સાહિત્યને એક નવો શબ્દભંડોળ આપ્યો હતો. આજે પણ એ શબ્દો આપણા સાહિત્યનાં અવિભાજ્ય અંગો બની ગયા છે.

### ૩.૨ સાહિત્યલેખન પર સૂફી વિચારધારાનો પ્રભાવ

ઇસ્લામના સૂફી સંતોના આગમનથી ગુજરાતી સાહિત્યનો શબ્દભંડોળ તો સમૃદ્ધ થયો, પણ તેની સાથે સાહિત્યની લેખનશૈલી ઉપર પણ મોટી અસર થઇ. મધ્યકાલિન ગુજરાતમાં ગુજરાતી સાહિત્ય મોટે ભાગે માનવપ્રેમને કેન્દ્રમાં રાખી રચાયું હતું. જેને સાહિત્યની ભાષામાં ''ઇશ્ક-એ-મિજાજી'' કહે છે. જેમાં માનવપ્રેમ, શૃંગાર અને કુદરતી સૌંદર્ય કેન્દ્રમાં હોય છે. પણ સૂફી સંતોના આગમન અને વૈચારિક સમાગમ પછી માનવપ્રેમના સ્થાને ઇશ્વર-ખુદાના પ્રેમને કેન્દ્રમાં રાખી ગુજરાતી સંત સાહિત્ય રચાવા લાગ્યું. જેને ''ઇશ્ક-એ-ઇલાહી'' કે''ઇશ્ક-એ-હકીકી'' કહે છે. વ્યંગકાર અખો પણ એના પ્રભાવથી મુક્ત નથી રહી શક્યો.

''અખા! ખુદ કો મત મારે
મારા ખુદી મિલે ખુદા''

મીરાંનાં ભક્તિપદોમાં પણ સૂફી પરંપરાનાં લક્ષણો દેખાય છે. સૂફી સાહિત્ય પ્રકૃતિ વર્ણનથી પર છે. મીરાંનાં પદોમાં પણ પ્રકૃતિ વર્ણનનો સંપૂર્ણ અભાવ છે. વળી, સૂફી પરંપરામાં ખુદાની ઇબાદત કેન્દ્રમાં હોય છે. મીરાં પણ માત્ર કૃષ્ણભક્તિમાં રત હતાં. સૂફીઓ જેમ ખુદાના ''જીક્ર'' માટે ગીત-સંગીતને માધ્યમ બનાવે છે, તેમ જ મીરાં પણ ગીત - સંગીત દ્વારા કૃષ્ણની ભક્તિમાં પોતાનું તન-મન ઓગાળી નાખે છે. મધ્યયુગના ગુજરાતી સંતોમાં મીરાં અગ્ર છે. તેમનાં પદો અને ભક્તિની પદ્ધતિ સૂફી વિચારધારાની નજીક લાગે છે. સંભવ છે મીરાંની કૃષ્ણભક્તિમાં ક્યાંક મધ્યયુગની બહુ પ્રચલિત ઇસ્લામની સૂફી ઇબાદત - પદ્ધતિ અને તેના સાહિત્યની છાંટ હોય!

અલબત્ત ખુદા-ઇશ્વરના પ્રેમને કેન્દ્રમાં રાખી રચાયેલ ગદ્ય અને પદ્ય સાહિત્ય મધ્યયુગમાં તુરત લોકભોગ્ય બન્યું ન હતું. પણ જેમ જેમ સૂફી સંતો પ્રજામાં પ્રસરતા ગયા, તેમ તેમ સૂફી વિચારધારા ગુજરાતી ભાષામાં વિસ્તરતી ગઇ. આ પ્રક્રિયા સમય માંગી લે તેવી હતી. કારણ કે સૂફી સંતોની ''માદરે જબાન'' અર્થાત્ માતૃભાષા ફારસી કે અરબી હતી, આમ છતાં સૂફી વિચારધારાના પ્રચાર-પ્રસાર અર્થે સૂફી સંતો ગુજરાતી ભાષા શીખ્યા અને ''ઇશ્ક-એ-ઇલાહી''ના વિચારને ગુજરાતી ભાષામાં લોકભોગ્ય બનાવ્યો. ઇસુની દસમી સદીથી સૂફી પરંપરાના વિવિધ સિલસિલાઓ ગુજરાતમાં પ્રસરવા લાગ્યા હતા, જેમાં મુખ્યત્વે ચિશ્તીયા અને કદારીયા સિલસિલા ગુજરાતમાં જોવા મળે છે. ચિશ્તીયા સિલસિલાના સૂફી સંત પીર કાયમુદ્દીન (૧૬૯૦-૧૭૬૮) અને તેના શિષ્યોનો ગુજરાતના સંત સાહિત્યના સર્જનમાં ખૂબ મોટો ફાળો છે. પીર કાયમુદ્દીન ચિશ્તીએ બે ગ્રંથો લખ્યા છે. ''નૂર-એ-રોશન'' અને ''દિલ-એ-રોશન.'' આ ગ્રંથો ઉર્દુ-હિન્દી-ગુજરાતી મિશ્ર ભાષામાં લખાયા છે. વેદાંત અને કુરાનના વિચારોનો તુલનાત્મક અભ્યાસ આ ગ્રંથોના કેન્દ્રમાં છે. ઇ.સ. ૧૭૦૦માં લખાયેલ આ ગ્રંથોનો અનુવાદ ૧૭૫૫-૫૬માં તેમના શિષ્ય ભગત સુલેમાન મહંમદે કર્યો હતો. તેની એક રચના માણવા જેવી છે-

''ચરણે સત્ગુરુને રમિયે, ઝીણા થઇ મુરશદને નમિયે
ત્યારે તો અલખ ધણીને નમિયે
સુરતા સુનમાંહી લાગી, વાંસળી અગમમાં વાગી,
ખુમારી પ્રેમ તણી જાગી''

ગુજરાતી સંત સાહિત્યમાં રચાતાં પદોમાં શબ્દો સાથે સૂફી વિચારની પણ આગવી શૈલી વિકસતી ચાલી. સૂફી સંતોના શિષ્યો કે મુરીદોએ ગુજરાતના ગામડે ગામડે ભજન, ગીતો, અને રુબાયો દ્વારા ગુજરાતી સંત સાહિત્યને સમૃદ્ધિ બક્ષી. એક માત્ર ચિશ્તીયા પરંપરાના સંત કાયમુદ્દીનની જ વાત કરીએ તો તેમના શિષ્યો ગુજરાતના દરેક પ્રદેશમાં પ્રસરી ગયા હતા. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના સરોદ ગામના વતની સુલેમાન ભગત (ઇ.સ.૧૬૯૯) અને જીવણ મસ્તાન (ઇ.સ. ૧૭૦૦)ની રચનાઓ ગામેગામ ગવાતી હતી. જીવણ મસ્તાન લખે છે,

''ઇશ્વર તો છે સૌનો સરખો રે, એને નથી કોઇ ભેદ
રોકી શકે એને નહીં કોઇ જોઇ લો ચારે વેદ
ખોળિયાને ભુલાવે રે ઊભું થયું એવું ભાન છે
સજનો કસાઇ, સુપચ ભંગી, રોહીતદાસ ચમાર
એવા લોકો મોટા ગણાય, એ ભક્તિનો સાર.''

એ જ રીતે વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના પાછીયાપુરા ગામના રહેવાસી અને પાટીદાર જ્ઞાતિનાં રતનબા (ઇ.સ.૧૭૦૦) અભણ હોવા છતાં તેમનાં ભજનોએ એ યુગમાં લોકોને ઘેલું લગાડયું હતું.

''પ્યાલો મેં તો પીધો રે કાયમુદ્દીન પીરનો રે જી
પીતાં હું તો થઇ ગઇ ગુલતાન
લહેર મને આવે રે અંતરથી ઊછળી રે જી
ટળ્યાં મારાં દેહી તણાં અભિમાન''

ગામડે ગામડે પ્રસરેલ આવા સૂફી સંતોની મોટી હારમાળા મધ્યયુગમાં જોવા મળે છે. ઉમરબાવા (૧૮મી સદી પૂર્વે), સુલેમાન ભગત, પુજાબાવા, નબીમીયા, અભરામબાવા જેવા અનેક સૂફી સંતોએ ગુજરાતી સંત સાહિત્યને લોકકંઠે રમતું કર્યું હતું. (મહેતા મકરંદ અને અન્ય (સંપાદકો), મધ્યકાલિન ગુજરાતમાં ભક્તિ અને સૂફી આંદોલન, દર્શક ઇતિહાસ નિધિ, અમદાવાદ, ૨૦૦૮, પૃ.૪૮ થી ૫૪)

અર્વાચીન યુગમાં પણ સંત સાહિત્યની આ પરંપરા અવિરતપણે ચાલુ રહી હતી. તેનું ઉત્તમ દ્રષ્ટાંત દાસ સત્તારશાહ ચિશ્તી (૧૮૯૨-૧૯૬૨) છે. નાંદોદમાં જન્મેલા સત્તારશાહ ચિશ્તીનાં ગીતો, ભજનો અને દ્રષ્ટાંત કથાઓ ગુજરાત સૌરાષ્ટ્રના તળ પ્રદેશોમાં આજે પણ ભક્તિભાવથી ગવાય છે. અફઘાનિસ્તાનના વતની હોવા છતાં ગુજરાતમાં આવી વસેલા અને જાત મહેનતથી ગુજરાતી શીખેલા સત્તારશાહ હિંદુઓમાં દાસ સત્તારશાહ તરીકે ઓળખાતા. જ્યારે મુસ્લિમોમાં સત્તારશાહ ચિશ્તી તરીકે પ્રસિદ્ધ હતા. સૂફી સંપ્રદાયની ચિશ્તીયા પરંપરાના હિમાયતી સત્તારશાહનાં કોમી એકતાને વાચા આપતાં ભજનો આજે પણ લોકજીભે રમે છે.

''કોઇ બ્રાહ્મણ કોઇ વાણિયો
કોઇ સૈયદ કોઇ શેખ
જ્ઞાન કરીને જોઇ લો
ભાઇ આતમ સૌના એક.''

સૂફી પરંપરા મુજબ ગુરુના શરણ વગર જ્ઞાન શક્ય નથી. એટલે સત્તારશાહ પોતાના ગુરુ અનવર મિયાંને ઇ.સ. ૧૯૧૨માં બાવીસ વર્ષની વયે વડોદરામાં મળ્યા, ત્યારે અનવર મિયાંએ પોતાના હાથમાંના પ્યાલામાંથી કંઇક પીધું અને પછી તે સત્તારને પીવા કહ્યું. સત્તારશાહ તે પી ગયા. પીધા પછી ખુદાના રંગમાં રંગાઇને તેઓ ગાઇ ઊઠયા,

''એવી પ્યાલી પીધી મેં તો
મારા સદ્‌ગુરુના હાથે રે
પીતા મારે પ્રીત બંધાણી મારા પ્રીતમજી સંગાથે''

(મહેતા, ગંગાદાસ પ્રાગજી, સૂફી કાવ્ય પ્રસાદી, પ્ર. કુસુમ પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૯, પૃ.૧૦૨.)

સત્તારશાહના ગુરુ અનવર મિયાં પણ રહસ્યવાદી સૂફી રચનાઓમાં માહિર હતા. તેમનાં ભક્તિગીતો પણ લોકો હોંશે હોંશે ગાતા.

''વ્હાલા પ્રેમ કટારી રે
મને શીદ મારી રે
લાગી લાગી છે હૈડાંની માંહ
ઘાયલ થઇ નારી રે''

હિંદુ સૂફી સંત દીન દરવેશ કુંડલિયા પાલનપુર રાજ્યના એક ગામના નિવાસી હતા. ૧૮મી સદીના મધ્યભાગમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સેનામાં સિપાઇ હતા. જાતે લુહાર, પણ ખમીરવંતા. એક યુદ્ધમાં હાથ કપાઇ ગયો. તેથી નોકરી છોડી દીધી. સૂફી ફકીરો, ઓલિયાઓના સંગમાં રહેવા લાગ્યા. અને પાક્કા સૂફી બની ગયા. ગુજરાતમાં તેઓ દરવેશના નામે જાણીતા થયા. તેમણે પણ પોતાની ભક્તિ રચનાઓમાં હિંદુ-મુસ્લિમ ઐક્યને પ્રાધાન્ય આપ્યું છે.

''કુણ જ્યાદા કુણ કમ
કભી કરના નહીં કજિયા
એક ભક્ત હો રામ
દુજા રહેમાન સો રજિયા''

તેમણે ગુજરાતીમાં ''દિનપ્રકાશ'' અને ''ભજન ભડાકા'' નામે બે પુસ્તકો લખ્યાં હતાં. જો કે આજે તે ઉપલબ્ધ નથી. પણ તેમની રચનાઓ આજે પણ ઉત્તર ગુજરાતનાં ગામડાંઓમાં લોકજીભે જીવંત છે. (મહેતા, ગંગાદાસ પ્રાગજી, સૂફી કાવ્ય પ્રસાદી, પૃ. ૧૦૬)

એક અન્ય સૂફી સંત ગુજરાત અને ગુજરાત બહાર પ્રસિદ્ધ હતા-અશરફ ખાન (૧૮૮૦-૧૯૬૦). તેઓ નાટક અને ફિલ્મોના જાણીતા કલાકાર હતા. છતાં કાદવમાં કમળની જેમ તેઓ એ લપસણી દુનિયામાં રહ્યા. તેમના શિષ્યો તેમનો પડયો બોલ ઝીલતા. તેમના બે ગ્રંથો ''અબ્રે ફયાઝ'' અને ''શમ્મ-એ-હિદાયત''એ મૂલ્યનિષ્ઠ ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરણ કર્યું છે. તેમના શમ્મ-એ-હિદાયત ગ્રન્થનું ૧૯૭૪માં પ્રથમ વાર પ્રકાશન થયું હતું. તેમાંના કેટલાક સુવિચારો ગુજરાતી સાહિત્યમાં આજે પણ વિચારોની અભિવ્યક્તિનું ઉમદા માધ્યમ બને તેવા છે.

''ત્રાજવું તેના કાર્યમાં સોના અને શીશામાં ભેદ નથી કરતું.''
''ઇમાનનો દુશ્મન અસત્ય છે.''
''બુદ્ધિનો દુશ્મન ક્રોધ છે.''
''ઇજ્જતનો દુશ્મન ભીખ છે.''
''દોલતનો દુશ્મન બેઇમાની છે.''
''મોતથી ડરનાર કાયર છે.''

(વધુ વિગતો માટે જુઓ શમ્મ-એ-હિદાયત, પ્ર. ગંજે સોહદા કબ્રસ્તાન, દાણી લીમડા, અમદાવાદ, ૨૦૦૩)

### ૩.૩ ભવાઇ સાહિત્ય પર સૂફી પરંપરાનો પ્રભાવ

ભવાઈ એ ગુજરાતની એવી નાટ્ય પરંપરા છે જે માત્ર પાઠ્યપ્રધાન નથી, પણ નૃત્ય, ગીત અને વાદ્યપ્રધાન પણ છે. ભવાઈ એ અંબામાના ચાચરમાં થતું ભાવન છે. શક્તિની ઉપાસનાનો એક પ્રકાર છે. સામાન્ય રીતે ભવાઈ ગામના દેવસ્થાનના ચોગાન કે ચોરામાં રમાય છે. ભવાઈમાં માત્ર ધાર્મિક કે પૌરાણિક કથા જ રજૂ થતી નથી, પણ તત્કાલીન સમયના સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય પ્રવાહોનું નિરૂપણ પણ થાય છે. મધ્યકાલિન યુગમાં સૂફી સંતોએ પોતાના વિચારોના પ્રસાર-પ્રચાર માટે ગુજરાતનાં ગામડાંઓ ખૂંદ્યાં હતાં. પરિણામે સૂફી વિચારો ગામડાની સંસ્કૃતિ અને સભ્યતા સુધી પહોંચ્યા હતા.

૧૩મી અને ૧૪મી સદી દરમિયાન રચાયેલા ભવાઇ વેશોમાં સૂફી પરંપરાનો ચોખ્ખો પ્રભાવ જોવા મળે છે. સાહિત્યના સંદર્ભમાં જોઇએ તો ''રેખતો'' અને ''ગઝલ'' આ બન્ને સ્વરૂપો ફારસી ભાષાની ગુજરાતી સંત સાહિત્યને દેન છે. ગઝલ શબ્દથી તો આપણે પરિચિત છીએ. પણ રેખતો શબ્દનો પરિચય જરૂરી છે. રેખતો એટલે ગદ્યની એવી ભાષા જેમાં હિન્દી-ગુજરાતી-અરબી-ફારસીના શબ્દો, વિશેષણો અને પ્રતીકોનું મિશ્રણ હોય. તેને આધુનિક ઉર્દુનું પ્રારંભિક રૂપ પણ કહેવામાં આવે છે. (નાયક, ડો. છોટુભાઇ રણછોડભાઇ, ફારસી શબ્દનો સાર્થ વ્યુત્પત્તિ કોશ, ભાગ-૪, ગુજરાત વિશ્વ વિદ્યાલય, અમદાવાદ ૧૯૮૦, પૃ.૩૪) ભવાઇનાં પદોમાં આ બંન્ને સ્વરૂપો જોવા મળે છે. જેમકે ''ઝંડા ઝૂલણ''ના વેશમાં રેખતાનું એક ઉદાહરણ છે.

''નૈન તમરે તીર હૈ મોએ લગે કલેજે બીચ
કંકરી મેં કીયા હોત હૈ સુંદર કાએકુ ખીજ''

એ જ રીતે ઝંડા ઝૂલણ વેશમાં જ એક ગઝલ છે.

''ભલાજી ભેદ પૂછા ખૂબ અબ તું સબદ સુન મહેબૂબ
જો હૈ દીનકા તું દોસ્ત, મનમેં રાખીએ ન રોસ્ત''

''સબકા એક હૈ અલ્લાહ, ભલા મન હોયગા ભલા
જ્ઞાની સોઇ રહે ગંભીર, આડું અમર પીર કાફિર
જિનસે જીકર ન કીજે, દવા દરવેશ કી લીજે
ઓમ સબદ પૈચાન આદો, અગમકી ઓલખાન''

આ ગઝલ માત્ર એક સાહિત્ય સ્વરૂપ તરીકે જ નહીં, પણ ફીલસૂફીની દ્રષ્ટિએ પણ મહત્ત્વની છે. ક્રોધ વિનાનું મન, સાફ હૃદય, જ્ઞાનનું મહત્ત્વ, ઈશ્વર-અલ્લાહ એક અને સૌથી મહત્ત્વની બાબત અલ્લાહ અને ઓમને સાચા અર્થમાં ઓળખવાની વાત - આ તમામ બાબતો સૂફી પરંપરાનો જ આવિર્ભાવ છે.

અલ્લાહ જ જગતનો તારણહાર છે. મનુષ્યે પોતાના ''હું પદ''ને ઓગાળી નાખી અલ્લાહ-ઈશ્વરમાં લીન થઇ જવું જોઇએ. ઝંડા ઝૂલણમાં આ જ વિચારને વાચા આપતો એક દુહો છે.

''બંદા કહેતા મૈં કરું, કરનહાર કિરતાર
તેરા કહા સો ના હોવે, હોસી હોવાનહાર''

(નીલકંઠ, મહીપતરામ રૂપરામ, ભવાઇ સંગ્રહ, પૃ.૬૪)

ગુજરાતની ભવાઇ સંસ્કૃતિ અને સાહિત્ય પર સૂફી વિચારોના પ્રભાવની સાક્ષી પૂરતા આ દુહાઓ આજે પણ ઝંડા ઝૂલણના વેશમાં ગામેગામ ગવાય છે, ભજવાય છે.

### ૩.૪ ગુજરાતીમાં અનુવાદિત સૂફી સંત સાહિત્ય

છેક ૧૫મી સદીથી સૂફી સાહિત્યની મહેક ગુજરાતી ભાષામાં પ્રસરેલી છે. મધ્યકાલિન ગુજરાતમાં આરંભના કાળમાં સૂફી સાહિત્ય ફારસી ભાષામાં રચાયું હતું. એ પછી ધીમે ધીમે ફારસી-ગુજરાતી મિશ્રિત ભાષામાં લખાવા લાગ્યું. એવું સાહિત્ય આમ ગુજરાતી પ્રજાને સમજવું મુશ્કેલ પડતું. પરિણામે તેના અનુવાદ કરવાનો સિલસિલો શરૂ થયો. તેનું ઉત્તમ દ્રષ્ટાંત ગુજરાતના મોટા ગજાના સૂફી સંત પીર મોહંમદ શાહ (જન્મ ૧૬૮૮) છે. તેમણે અનેક સૂફી ગ્રંથો લખ્યા હતા. આજે પણ તેમના હસ્તલિખિત ગ્રંથોની કેટલીક પ્રતો પીર મોહંમદ શાહ ગ્રન્થાલય, અમદાવાદમાં ઉપલબ્ધ છે. તેમનો એક ગ્રન્થ ''ઇશ્કુલ્લાહ'' મધ્યયુગમાં કાફી લોકપ્રિય થયો હતો. ઉર્દુ-ગુજરાતીમાં લખાયેલો આ ગ્રન્થ છેલ્લાં પાંચસો વર્ષોથી ગુજરાતમાં બોલાતી ઉર્દુ-ગુજરાતી મિશ્ર ભાષા પર આધારિત છે. ઉર્દુ-ગુજરાતી મિશ્ર ભાષાનો સંશોધનાત્મક અભ્યાસ કરવા ઇચ્છતા સંશોધકને તે આધારભૂત માહિતી પૂરી પાડે છે. ઇશ્કુલ્લાહનો શુદ્ધ અનુવાદ હઝરત પીર મોહંમદ શાહ ગ્રન્થાલય અને સંશોધન કેન્દ્ર અમદાવાદ દ્વારા ૨૦૦૬માં પ્રકાશિત થયો છે. ''ઇશ્કુલ્લાહ'' એટલે ખુદા કે ઇશ્વર પ્રત્યેનો પ્રેમ. ખુદાનો પ્રેમ પ્રાપ્ત કરવા ખુદામાં એકાકાર થવું પડે. એ માટેના માર્ગો ''ઇશ્કુલ્લાહ''માં આપવામાં આવ્યા છે.

ગ્રન્થના સાતમા સબક (ઉપદેશ)માં પીર મોહંમદ શાહ લખે છે,

> ''સાતમા સબકનો બોધ સ્વચ્છ દૃષ્ટિ છે. સ્વચ્છ દ્રષ્ટિ માટે જરૂરી છે, રુહ (આત્મા)ની શુદ્ધિ અને ખુદી (અહંકાર)નો ત્યાગ. માનવી આરસી સમાન છે. જો આરસી સાફ અને સ્વચ્છ હશે તો આપણો ચહેરો તેમાં સાફ દેખાશે. તેવી રીતે આપણું દિલ સાફ હશે તો તેમાં આપણે ખુદાને જોઇ શકીશું. ખુદી (અહંકાર) ત્યજવાથી ખુદાની પ્રાપ્તિ થાય છે.''

આવા ફારસી ગ્રંથોનો ખજાનો આજે પણ પીર મોહંમદ શાહ ગ્રંથાલયમાં સચવાયેલો પડયો છે. તેમાંના કેટલાક ગ્રંથો ''મિરાતે અહેમદી'', ''મિરાતે સિકન્દરી'' અને '' તારીખ-એ-ઓલિયા-એ- ગુજરાત''નો અનુવાદ શ્રી રત્નમનીરાવ જોટે, મૌલાના સૈયદ અબુ ઝફર નદવી અને ડો. છોટુભાઇ નાયક જેવા વિદ્વાનોએ કર્યો છે.

**૪. તારતમ્ય**

ગજરાતમાં સૂફી સંતોના આગમનને કારણે સૂફી વિચારધારા ગુજરાતના સમાજ જીવનની રગેરગમાં પ્રસરી ગઇ હતી. ધર્મ, સમાજ અને સાહિત્ય તેમાં મુખ્ય હતા. સૂફી સંતો અને સાહિત્ય ગુજરાતની પ્રજામાં એવા સમાઈ ગયા હતા કે સૂફી સંતોની મઝારો પર ગવાતાં ભક્તિ ગીતો કે કવ્વાલીમાં હિંદુ મુસ્લિમ ભેદો ઓગળી જતા. ભારતમાં ખ્વાજા ગરીબ નવાઝની દરગાહ પર આવાં દ્રશ્યો આજે પણ સામાન્ય છે. ગુજરાતમાં એવી દરગાહોની કમી નથી. સરખેજના શાહ-એ-આલમ સાહેબ, ભડીયાદના મહેમુદ શાહ બુખારી, ગોંડલના મુસાબાવા, આમરણના દાવલ શાહ પીર અને પીરાણાના નૂર સ્તગરની મઝાર પર આજે પણ એક બાજુ કવ્વાલીની રમઝટ બોલે છે, તો બીજી બાજુ ભજનોની રંગત જામે છે. આવી સદ્ભાવના જ સૂફી સંતો અને સાહિત્યની સાચી ઓળખ છે અને જયાં સુધી સંતોનું સત્ત્વશીલ સાહિત્ય જીવંત રહેશે ત્યાં સુધી એ જીવંત રહેશે તેમાં બે મત નથી - આમીન. ■

**સાહિત્ય અકાદમી, મુંબઇ દ્વારા ''ગુજરાતી સંત સાહિત્યઃ કુળ અને મૂળ'' વિષયક બે દિવસીય રાષ્ટ્રિય સેમિનાર સોમનાથ મુકામે ૩૦-૩૧ જાન્યુઆરીના રોજ યોજાયો હતો. તેમાં આપેલ વ્યાખ્યાન-શોધપત્ર.**

***સુકૂન, ૪૦૫, પ્રભુદાસ તળાવ, ભાવનગર-૩૬૪૦૦૧***

**'ખોજ'નું લવાજમ નીચેનાં સ્થળોએ પણ સ્વીકારાય છે**

| | |
|---|---|
| **ડો દક્ષાબેન /રશ્મિભાઈ** | : આર્ય દવાખાનું, નગરિયા, ધરમપુર. ફોનઃ ૦૨૬૩૩-૨૯૩૨૩૨. |
| **બરોડા બુક કોર્પોરેશન** | : ૨૦ સ્ટોપ એન્ડ શોપ પ્લાઝા, ઓફટેલ ટાવર, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ફોન ૨૩૫૮૭૩૬. |
| **ડો. મહેન્દ્ર ચોટલિયા** | : એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ફોન ૯૮૭૯૫૨૮૧૨૯. |
| **શ્રી પ્રશાંત ચાવડા** | : ૩૨-૨, બીમાનગર, ઉમિયા વિજય બસ સ્ટેન્ડ પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ફોન ૨૬૩૦૨૩૨૨. |
| **સૌરભ પુસ્તક ભંડાર** | : બી-૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લીંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૫૧૪૦૦. |
| **નવકાર મેગેઝિન એજન્સી** | : બી-૮, અરિહંતનગર, વિશ્રામનગર સામે, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૭૫૦૯૭. |
| **પીયૂષ મેગેઝિન વર્લ્ડ** | : એફ-૮, પ્રથમ માળ, મુલ્કી ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડની પાસે, મહેસાણા ફોન (૦૨૭૬૨) ૨૨૦૩૫૦. |
| **એજયુકેશન એમ્પોરીયમ** | : ૩૬, ઉમીયાનગર, જલ ચોક, સરદારબાગ પાછળ, પાટણ, ૩૮૪૨૬૫ ફોન (૦૨૭૬૬) ૨૨૦૭૦૩ |

# ફતવા કોની કોની સામે બહાર પાડશો ?

**એમ. જે. અકબર**

થોડા સમય પહેલાં લખનૌના એક મૌલવીએ હરિવંશરાય બચ્ચનની 'મધુશાલા' સામે ફતવો બહાર પાડયો, કારણ કે 'મધુશાલા' શરાબ અને પિયક્કડપણાની પ્રશંસા કરે છે. આવો ફતવો બહાર પાડીને એમણે ન તો કોઇ બુદ્ધિમત્તા બતાવી છે, ન કોઇ કવિત્વ. હવે જે કાવ્યમયતાનો 'ક' પણ ન જાણતા હોય એમને રૂપકનો અર્થ કેવી રીતે સમજાવવો ? 'અરસિકેષુ શિરસી કવિત્વ નિવેદનમ્ મા કર, મા કર, મા કર'. બંધ મગજ પોતે જ જાણે બહુ નીતિમાન એમ જ માને !

હવે લખનૌના આ મૌલાનાની કસોટી પર તોલવા જઈએ તો ઉર્દૂનાં મોટાભાગનાં બધાં જ કાવ્યો પર પ્રતિબંધ મૂકી દેવો પડે. ઉર્દૂ કાવ્ય, એ ભાષા જાણનાર સૌને અવર્ણનીય આનંદ આપે છે. કવિતા એવી ચીજ છે જે મુશાયરામાં હજારોની વચ્ચે પણ માણી શકાય છે અને કોઇ ખૂણામાં એકલા બેસીને ચોપડી વાંચતાં વાંચતાં પણ માણી શકાય છે.

આ મૌલવી જો 'મધુશાલા' સામે ફતવો બહાર પાડે તો પછી એમણે ઉર્દૂના દરેક કવિ - ગાલિબ, દાગ, ઝૌકથી લઈને સાવ સામાન્ય શાયર સુધી બધા સામે જ ફતવો બહાર પાડવો પડે, જેઓ શરાબ, સાકી અને મયખાનાનાં પ્રતીક વાપરતા આવ્યા છે.

લખનૌના આ મૌલવીએ આ શાયરી નથી સાંભળી લાગતી, જેમાં ઝૌક લખે છે :

''ઝૌક! જો મદ્રેસે કે બિગડે હુએ હૈ મુલ્લા, ઉનકો મયખાને મેં લે આઓ, સંવર જાયેગે.''

મયખાના અને મુલ્લા વચ્ચેનો તનાવ નવો નથી, એ તો ઉર્દૂ કવિતાનું કાયમી કથાવસ્તુ રહેલું છે.

હઝરત દાગ દહેલવીએ એટલી જ ઉત્કટતાથી લખ્યું છે :

'' લુત્ફ-એ-માઇ તુજસે ક્યા કહું, ઝાહિદ

અય કમબખ્ત તુ ને પી હી નહીં. ''

ગાલિબને ટાંક્યા વગર તો રહેવાય જ નહીં.

''કહાઁ મયખાને કા દરવાજા ગાલિબ ઔર કહાઁ વાઇઝ

પર ઇતના જાનતે હૈં કલ વો જાતા થા કે હમ નિકલે.''

ઘર્ષણ ધર્મ અને નાસ્તિકતા વચ્ચેનું નથી, એ તો છે ધાર્મિકતા અને કવિ વચ્ચેનું. ભગવાનના નામે જેઓ માણસ પર નિયંત્રણ જમાવવા કોશિશ કરે છે એને કવિ સંભળાવે છે :

હર ચંદ હો મુશાહદા-એ-હક કી ગુફતેગુ બનતી નહીં હૈ બડા-ઓ-સાગન કરે બગૈર

(હરેક પળ આપણે દૈવી સત્યની ચર્ચા કરીએ, શરાબની શક્તિ વગર આપણે કરીએ કેવી રીતે?)

ઇસ્લામની સમજની દૃષ્ટિએ જોઇએ તો કોઇ ઈકબાલની તોલે ન આવે. એ કહે છે :

''શરાબ-એ-કુહાન ફિર પીલા સાકિયા

યહી જામ ગર્દીશમેં લા સાકિયા

ઉમ્મીદ-એ-હુરને સબ કુછ સીખા રખા હૈ વાઇઝકો

યેહ હઝરત દેખને મેં સીધે હૈં, સાદે હૈં, ભોલે ભાલે હૈં!''

લખનૌના મૌલાના ઈકબાલની કવિતા સામે ફતવો બહાર પાડશે ?

અને દાગ સામે ? એ કહે છે :

''ઝાહિદ શરાબ પીને દે મસ્જિદ મેં બૈઠ કર

યા

વો જગહ બતા દે જહાઁ પર ખુદા ના હો.''

છેલ્લે એક અનામી કવિના શબ્દોમાં :

''પહુઁચી યહાઁ ભી શેખ વ બ્રાહ્મન કી ગુફતેગુ

અબ મયખાના ભી સૈર કે કાબિલ નહીં રહા'' ■

***(એમ. જે. અકબર ૨૩-૧૧-૦૮ સન્ડે ટાઇમ્સ ઓફ ઇન્ડિયા)***

# સર્વસમાવેશક વિકાસ સામેના અવરોધો

## દિનેશ શુક્લ

એકાદ પેઢી (૩૦ વર્ષ) જેટલા સમયગાળામાં ભારત એક સમૃદ્ધ રાષ્ટ્ર બની શકે? 'ઇમર્જિંગ માર્કેટ્સ ફોરમ' નામની એક સંશોધન સંસ્થાના વિશ્લેષણ અનુસાર જો ભારત આર્થિક કટોકટી પહેલાંનો વૃદ્ધિ દર (૭ થી ૮ ટકા) હાંસલ કરે અને આગામી ૩૦ વર્ષ સુધી તે જાળવી રાખે તો તે સમૃદ્ધ રાષ્ટ્રોની પંક્તિમાં બેસી શકે. નજીકના ભૂતકાળમાં જાપાન, કોરિયા અને તાઇવાન જેવા દેશો આ સિદ્ધ કરી શક્યા છે. પણ કેટલાક દેશો બે-ત્રણ દાયકાઓ દરમિયાન ઝડપથી વિકસીને પછી મિડલ ઇન્કમ ટ્રેપમાં ફસાઇ ગયા જેમાં બ્રાઝિલ, મેક્સિકો જેવા દેશોનો સમાવેશ કરી શકાય.

હવે ભારત, કોરિયા કે તાઇવાનના માર્ગે આગળ વધે છે કે બ્રાઝિલની જેમ મિડલ ઇન્કમ ટ્રેપમાં ફસાઇ જાય છે, તેનો અમુક અંશે આધાર તે વધતી જતી આર્થિક અસમાનતાઓની સમસ્યાને તે કેવી રીતે હલ કરે છે, તેના પર રહેલો છે. ભારતમાં મોટા પ્રમાણમાં અસમાનતાઓ છે અને નેશનલ સેમ્પલ સર્વેમાં મોટાભાગની અસમાનતાઓ પ્રતિબિંબિત થતી નથી.

ભારતમાં જે માળખાગત અસમાનતાઓ છે, તેના મુખ્ય ચાર નિર્દેશાંકો છે. એક, આવક અને સંપત્તિના પિરામિડની ટોચે ઝડપથી વધારો થાય છે, જે આવા સર્વેમાં વ્યક્ત થતો નથી. એનું એક માપ છે. અબજોપતિઓની સંખ્યામાં વધારો અને તેમની સંપત્તિમાં ઊડીને આંખે વળગે એવો મસમોટો વધારો. જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ)ના સંદર્ભમાં આ વધારો બ્રાઝિલ, મેક્સિકો, ખુદ અમેરિકા કરતાં પણ વધારે છે.

બીજું, રાજ્ય (કેન્દ્ર અને રાજ્ય સરકારો)ના સઘન પ્રયાસો છતાં વંચિત સમૂહો જેવા કે અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ અને મુસ્લિમોના સરેરાશ ઘરખર્ચમાં રાષ્ટ્રીય સરેરાશના સંદર્ભમાં ઝાઝો ફરક પડયો નથી. મતલબ કે તેમની આવકોમાં એવો મોટો વધારો થયો નથી, જે થકી તેઓ પોતાની દૈનિક જીવન જરૂરિયાતો સંતોષી શકે. ઉપરાંત, તાજેતરમાં થયેલ ભાવવધારાએ વધેલી આવકોને પણ ધોઇ નાંખી છે.

ત્રીજું, પ્રાદેશિક અસમાનતાઓમાં મોટા પ્રમાણમાં વધારો થયો છે. ૧૯૯૦માં ગુજરાત અને તમિલનાડુ, બિહારથી બેગણા વધુ ધનિક હતા, ૨૦૦૦ દાયકા દરમિયાન તે ચારગણા વધુ ધનિક બન્યા છે. એ જ રીતે ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચેની અસમાનતાઓમાં મોટા પ્રમાણમાં વધારો થયો છે. ચોથું, અસમાનતાઓ વધારવામાં હાલ પ્રવર્તતી શિક્ષણ વ્યવસ્થાનો ફાળો પણ ઘણો મોટો છે. ઉચ્ચ કોટિનું કૌશલ્ય (સ્કીલ્ડ) શિક્ષણ મેળવનારાઓની આવકોમાં ધરખમ વધારો થયો છે. જ્યારે ગ્રામીણ ગરીબોને જે શિક્ષણ મળે છે, તેનાથી તેઓ માંડ પેટિયું રળી શકે છે. એ પણ જો શક્ય ન હોય તો શહેરી વિસ્તારોમાં તેઓ સ્થળાંતર કરે છે. જે માધ્યમ (શિક્ષણ) દ્વારા આપણે અસમાનતાઓ ઘટાડવા ઇચ્છીએ છીએ તે ખુદ અસમાનતાઓનું સર્જક બને છે.

આ અસમાનતાઓમાં નોંધપાત્ર ઘટાડો કર્યા સિવાય આપણે અતિધનિક દેશોની વાત જવા દઇએ, પણ મધ્યમ ધનિક દેશોની હરોળમાં ઊભા રહી શકીએ તેમ નથી.

અત્યારે આપણે કેટલાક ગંભીર પડકારોનો સામનો કરી રહ્યા છીએ.

**૧. વરવો મૂડીવાદ**

મોટાં ઔદ્યોગિક કુટુંબો અને ઔદ્યૌગિક ગૃહો વિકાસશીલ દેશોમાં આરંભિક તબક્કે આર્થિક વૃદ્ધિમાં મહત્ત્વનો ફાળો આપે છે. પણ તેમાં ધીરે ધીરે ઇજારાશાહી વલણો પ્રવેશે છે અને પછી તેઓ રાજ્યને પણ ગાંઠતાં નથી. ૧૯મી સદીમાં અમેરિકામાં 'હોબર બેહન', જપાનમાં 'ઝાઇબત્સુ' ઊભા થયા હતા, તેમણે ઉદ્યોગીકરણનો પાયો નાંખ્યો, પણ તેનું રૂપાંતર છેવટે 'ઓલિગાર્કિક કેપિટાલીઝમ' થયું. ભારતમાં એનાં આરંભિક વલણો દેખાવા લાગ્યાં છે.

**૨. જૂથ આધારિત અથવા સંકીર્ણ ઓળખો આધારિત સંઘર્ષો**

ચૂંટણી આધારિત લોકશાહી રાજકારણ જેમ જેમ વધુ ને વધુ સ્પર્ધાત્મક બનતું જાય છે, તેમ સંકીર્ણ ઓળખો-જ્ઞાતિ-જાતિ-પેટાજાતિ, ભાષા, સંપ્રદાય, વંશીયતા વગેરે પર આધાર રાખવાનું વલણ વધતું જાય છે. રાજ્યના લાભતંત્રનો ઉપયોગ તેઓ પોતાના જૂથના સભ્યોને વધુ હિસ્સો અપાવવામાં કરે છે. એમાંથી જાતજાતના સંઘર્ષો પેદા થાય છે, જે મૂડીરોકાણ માટેના વાતાવરણને કલુષિત કરે છે. ઉત્તરપ્રદેશ અને બિહાર તેનાં ઉદાહરણો છે.

**૩. પ્રાદેશિક અને ઉપપ્રાદેશિક તફાવતો**

રાજ્ય-રાજ્ય વચ્ચેની અસમાનતાઓ ઉપરાંત કોઇ એક રાજ્યમાં જુદા જુદા વિભાગો વચ્ચેની અસમાનતાઓ વધતી જાય છે, તેને

કારણે વિવિધ પ્રકારના તનાવો પેદા થાય છે. દરેક મોટા રાજ્યમાં આવા ઉપપ્રાદેશિક તફાવતો (અસમાનતાઓ) જોવા મળે છે. તેમાંથી અલગ રાજ્યોની માંગણીઓ ઊભી થાય છે, જેને પોલીસ દમનથી દબાવી દેવાના પ્રયાસો થાય છે. આંધ્રપ્રદેશમાંથી અલગ તેલંગાણાની માંગણીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. વિકાસનાં ફળોની અસમાન વહેંચણી એના મૂળમાં છે.

૪. **પરિવર્તન સાથે તાલ મિલાવવામાં નિષ્ફળ ગયેલી શિક્ષણ વ્યવસ્થા** પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીનાં તમામ સ્તરોએ મોટા માળખાકીય ફેરફારો કરવામાં આપણે નિષ્ફળ ગયા. તમામ સ્તરોએ સૌને ગુણવત્તાવાળું અને આધુનિક સમયની જરૂરિયાતો (કૂનેહો-કૌશલ્યોનું શિક્ષણ) સંતોષી શકે એવું શિક્ષણ ઉપલબ્ધ થાય એ આપણી રાષ્ટ્રિય અગ્રીમતા હોવી ઘટે. તાજેતરમાં એ દિશામાં પ્રયાસો થયા છે. મફત-ફરજિયાત શિક્ષણ (૬ થી ૧૪ વર્ષ સુધીનાં બાળકો) નો કાયદો પસાર થયો છે, પહેલી એપ્રિલ, ૨૦૧૦ થી તેનો અમલ પણ શરૂ થયો છે. ઉપરાંત, ઉચ્ચ શિક્ષણમાં પણ ધરખમ ફેરફારોની ચર્ચાઓ ચાલી રહી છે.

આ બધા પડકારો આમ તો એક બીજાથી અલગ લાગે પણ તેમને જોડતી કડી છે, રાજ્ય. જ્યારે રાજ્ય કહીએ છીએ ત્યારે તેનો અર્થ થાય 'સુશાસન'ને વરેલું રાજ્ય અને તેની સરકારો (કેન્દ્ર અને રાજ્યો). જ્યાં સુધી આપણી સમગ્ર શાસન વ્યવસ્થામાં જરૂરી ફેરફારો ન કરીએ ત્યાં સુધી આ પડકારોનો સામનો કરવો મુશ્કેલ છે. ઉત્તરદાયી અને પારદર્શક વહીવટી વ્યવસ્થા, ન્યાયિક વ્યવસ્થા, પોલીસ વ્યવસ્થા વગેરેમાં સુધારા એ આપણો રિફોર્મ એજન્ડા હોવો જોઇએ.

ટૂંકમાં, આપણો વિકાસ (તેના વ્યાપક અર્થમાં) સર્વ સમાવેશક હોવો જોઇએ. સમાજનો ઘણો મોટો હિસ્સો કોઇ ને કોઇ કારણસર વિકાસ પ્રક્રિયામાં સમ્મિલિત ન હોય, તે લાંબા ગાળે નુકસાનકારક પુરવાર થયા વિના રહે નહીં. સમ્મિલિત વિકાસ દ્વારા જ આપણે સૌનો 'સ્ટેઇક' વ્યવસ્થામાં ઊભો કરી શકીએ. વિકાસના પરીઘની બહાર રહેલાઓને વ્યવસ્થામાં કોઇ હોડ હોતી નથી. ■

***'મીમાંસા', ૨૭ મિથિલા સોસાયટી, આંબાવાડી,***
***અમદાવાદ - ૩૮૦૦૧૫***

---

# ''મેરા ભારત મહાન'' ની સંવેદનશીલ તસવીર

**મેમન હાજી અ. રઝાક હાજી દાઉદ (પાકીઝાવાલા)**

જ્યારે પણ રેડિયો, ટેપ, ટી.વી. ઉપર આપણે સૌ આ ગીત સાંભળીએ છીએ. . . 'જહાં ડાલ ડાલ પર સોને કી ચીડીયા કરતી હૈ બસેરા, વો ભારત દેશ હૈ મેરા. . .' ત્યારે ખરેખર શરીરમાં ધ્રુજારી અને નવી ચેતનાનો અહેસાસ થાય છે. સૈકાઓ પહેલાં ભારતની આવી જ રળિયામણી તસવીર હતી અને આ જ રળિયામણા અતિસુંદર એકતાના પ્રતીક ભારતને હાલના આપણા અમીચંદોએ ''મેરા ભારત મહાન''નું બિરુદ આપ્યું જે ખરેખર સોનામાં સુગંધ જેવું છે. પણ અફસોસ! ભારતને ગ્રહણ લાગી ગયું, જાણે કોઇ શૈતાનની બૂરી નજર ન લાગી ગઇ હોય. સૈકાઓથી વખણાયેલું આપણું ભારત ધર્મ, સંસ્કૃતિ, સંસ્કાર, કોમી એકતા, અભ્યાસ અને વિજ્ઞાન ક્ષેત્રે શાંતિપ્રિય દેશની એક આગવી છાપ ધરાવી આખા વિશ્વમાં નામના કમાયેલું હતું અને આજે પણ છે. પણ કોમવાદીઓ, બ્રાહ્મણવાદીઓ અને ખેરખાં બનેલા અમીચંદો એનો રસકસ ચૂસી ચૂક્યા છે.

આર્યોના આગમનથી છેક અંગ્રેજોના આગમન સુધી પઠાણકોટથી કન્યાકુમારી સુધીનું પ્રસિદ્ધ ભારત તેની શાનોશૌકતમાં ચાર ચાંદ ધરાવતું હતું. અહીં વસ્તા હિન્દુ, મુસલમાન, શીખ, ઇસાઇ ઇદ, દિવાળી, નાતાલ જેવા ધાર્મિક ઉત્સવો પણ ખભે ખભા મિલાવીને ખૂબ શાંતિ અને એકતાથી  ઊજવતા અને હળી-મળીને ખુશહાલ રહેતા હતા. આમ ભારત શાંતિપ્રિય એકતાવાળો દેશ હતો. એની આવી આગવી પ્રતિભા જોઇ દુનિયા દંગ રહી જતી હતી.

ભાઇચારો, મહોબત અને માનવતાથી ભરપૂર મારો દેશ આજે કેવો થઇ ગયો છે! સીતા, સકીના, મંદિર, મસ્જિદ, ગુરુદ્વારામાં અહીં કોઇ ફરક કે ભેદભાવ દેખાતો ન હતો. બાળકથી લઇ વડીલોનાં દિલો સુધ્ધાંમાં પ્રેમ અને સમભાવના ભારોભાર છલકાતી હતી. પરંતુ મારા આ દેશમાં હવે હિંસા, કોમવાદ, વૈમનસ્ય, શંકા-કુશંકા અને આ હિન્દુ, આ મુસલમાન, મારો-કાપોની ઘૃણાઓએ સ્થાન લઇ લીધું છે. સત્તાની સાઠમારી, ખુરશી અને નેતાગીરીના કાવાદાવાથી અને અજબ-ગજબનાં કરતૂતોથી ભારતના આ પ્રેમાળ, નિસ્વાર્થ અને કરુણાભર્યા જીગરમાં આજના આ અમીચંદ નેતાઓએ કોમવાદ, ભાષાવાદ, વાડાબંધી અને અલગતાવાદનું ઝેરીલું તીર ઘોંચી દીધું છે. જેના કારણે દરેક આદમીના દિલમાં પ્રેમ-એકતા,

માનવતાના બદલે કોમવાદ અને હિંસાનું ઝેર ફેલાઇ ગયું છે. ગજબની આ રાજરમત છે! આ જ શતરંજના ખેલાડીઓ જે દરેક કોમના લીડર નેતા, આગેવાનો છે તેમણે જાહેર જીવનમાં ખતરનાક આડેધડ ભાષણો કરી દેશમાં આંતરવિગ્રહ પ્રસારી દીધો છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં જેટલાં પણ રાજ્યો છે ત્યાંના તમામ પક્ષોના ગોડફાધરો, લીડરો અને નેતાઓ જ્ઞાતિ પ્રમાણે પોતાના રાજમાં સત્તાની લગામ ખેંચી આક્ષેપ, આરોપ, પ્રતિઆરોપ અને ભડકાવનારાં ભાષણો, બેહૂદી ભાષામાં કરી પ્રજાને બાનમાં લઇ ગેરમાર્ગે દોરી રહ્યા છે. ખોટાં વચનો આપી સમાચારપત્રો કે ટી.વી. માધ્યમો દ્વારા ઝેર ઓકતાં ભાષણો ઝીંકી એક ખતરનાક સાજીશને અંજામ આપી દેશની શાંતિ, ધાર્મિકતા, સંસ્કૃતિને નષ્ટ કરી રહ્યા છે. જનતા મરે કે જીવે તેમને કાંઇ પડી નથી. અફસોસ! આપણે જ ચૂંટેલા અને આપણે જ બનાવેલા આપણા જ નેતાઓ નાનીનાની વાતોને મોટું રૂપ આપી નિર્દોષ પ્રજા અને દેશને પરેશાન કરી રહ્યા છે. આ દેશને પોતાના બાપની જાગીર, મિલકત સમજી જિયાફતો ઉડાવી રહ્યા છે. જ્યારે બીજી તરફ ભારતની ગરીબ, અભણ, અંધશ્રદ્ધાળુ જનતા ભયંકર મોંઘવારી, આંદોલન, હડતાલ, કોમવાદ, આતંકવાદનો શિકાર બની ચૂપચાપ ભારતની બેહાલી જોઇ ખૂનના આંસુ રડી રહી છે. પણ આની ફિકર જનતાના બનાવેલ નેતાઓને નથી. એમનો તો મકસદ મારો પક્ષ, મારી ખુરશીનો છે. ટી.વી.ના પરદે બહુરૂપી મહોરાં પહેરી જનતાને ફક્ત મૂરખ બનાવવામાં જ આનંદ મેળવે છે. બસ 'ભાગલા કરો અને રાજ કરો!' રોજેરોજ નવા નવા ટાઇટલ બનાવી અંગ્રેજો કરતાં બદતર જિંદગી ભારતની પ્રજાને આપી છે. અંગ્રેજોએ ભારતની પ્રજાને માત્ર ગુલામ જ બનાવી હતી. પણ આઝાદ ભારતના આપણ । આ નેતાઓએ મારા ભારતને લાચાર, દુઃખી, મઝલૂમ અને હિંસક બનાવી દીધો છે. ''બાપુના અહિંસાવાદી આ દેશમાં સાપ ગયા અને લિસોટા રહી ગયા'' એવું માલૂમ પડે છે. દેશના શાસનકર્તા નેતા, લીડરો ભારતની પ્રજાને સારી રીતે ઓળખી ગયા છે કે ભોળી પ્રજાને ફક્ત સ્વપ્નાં જોવાનો અને તાળીઓ પાડવાનો શોખ છે. આથી નેતાઓને પણ સારી ફાવટ આવી ગઇ છે. બહુરૂપી જેવાં વસ્ત્રો પરાધીન કરી, ભાડૂતી માણસો ભેગાં કરી મંચ ઉપર માઇકના સથવારે પોતાની વાક્છટાથી ભારતને સ્વર્ગસમું અને સ્વીટ્ઝરલેન્ડ, જાપાન જેવું બનાવવાની જાહેરાત કરી દે છે, જેથી ભોળી જનતા ખુશ થઇને સ્વપ્નાઓમાં રાચતી થઇ જાય છે.

પછી ભલે અનાજ, ખાંડ, દાળ, તેલ, ગેસ, ડુંગળી, બટાકા, લાઇટબીલો કે ગેસ મોંઘાં થઇ જાય - જે હર એક આદમીને સ્પર્શ કરતો સળગતો પ્રશ્ન છે. છતાં નથી પ્રજાને ફિકર કે નથી નેતાને, કારણ કે હવે અહીં નથી રહ્યા ગાંધી, સરદાર કે જવાહર જેવા પ્રજાપ્રેમી નેતા. તેથી જ વર્ષો પહેલાં કવિ પ્રદિપે લખેલ ગીત અક્ષરશઃ સાચું પડી રહ્યું છેઃ ''દેખ તેરે સંસાર કી હાલત ક્યા હો ગઇ ભગવાન, કિતના બદલ ગયા ઇન્સાન...!'' પ્રેમ, આદર્શ, સંસ્કૃતિ, સંસ્કાર, શરમ, ઇજ્જત, માનવતા ને ભાઇચારામાં લહેરાતો આપણો ''ત્રિરંગો ઝંડો'' પણ એમના હાથે ફરકતાં ધ્રૂજી ઊઠે છે. ''ઝંડા ઊંચા રહે હમારા'' જેવા દેશપ્રમથી ભરપૂર નારા લગાડનારા આપણા નેતાઓએ ભારતની પ્રજાને ઊંધા ચશ્માં પહેરાવી કેટલી મૂરખ અને લાચાર બનાવી દીધી છે! સદીઓ પહેલાં ભારત એક શાંતિ પ્રિય અને રળિયામણો દેશ હતો. સૂફી-સંતો, મંદિર, મકબરા, ગુરુદ્વારા, રાજા-મહારાજા, સૂબાઓનો સમૃદ્ધ દેશ ગણાતો હતો. અહીં ઘી, દૂધ, દહીંની નદીઓ વહેતી હતી. સુવર્ણકાળ ધરાવતો ભારત વિશ્વમાં ચાર ચાંદ ધરાવતો હતો. અહીંના રીત-રિવાજ, પહેરવેશ, ભાષા, ઉત્સવ, તહેવાર અને ખુશીઓમાં અલગતા હોવા છતાં એકતાનો ભરપૂર ખજાનો હતો. ધાર્મિક જુલુસો, ધર્મગુરુઓના આચરણ, તપ, ઇબાદત, પ્રાર્થનાથી તરબતર રહેતો મારો દેશ અને તેની ભલી ભોળી જનતાની મીઠી અને વિવેકી બોલીથી આખા વિશ્વને એ મંત્રમુગ્ધ કરી દેતો હતો. અહીંનો હિમાલય જમ્મુ-કાશ્મીર, દાર્જીલીંગ, શીમલા, મસૂરી જેવાં પર્યટક સ્થાનો તેમજ તાજમહલ, લાલ કિલ્લો, વિશાળ મંદિરો, મસ્જિદો, અને સ્થાપત્યકળાથી ખીલેલો દેશ સજી ધજીને સુહાનો મનમોહક લાગતો હતો. અહીંથી વહેતી ગંગા, બ્રહ્મપુત્રા, નર્મદા, તાપી, ગોદાવરી જેવી જળભંડારથી છલોછલ નદીઓનાં નીર ભારતને મજબૂત અને લીલીછમ ચાદરોથી લીલોતરી બક્ષીને અતિસુંદર ઓપ આપતાં હતાં. દેશને સદા યૌવન રાખતી આ નદીઓ ફળદ્રુપતા અને સમૃદ્ધતા લાવતી હતી. અફસોસ! આ મારા વતનને ''મેરા ભારત મહાન''નું ખાલીખમ બિરુદ આપનારા અને સૂકાભઠ નારા લગાડનારા આજના આ ભ્રષ્ટાચારી, ખુરશીચીપકુ, - તકસાધુ નેતાઓએ કોમવાદી અને આતંકવાદીઓની ઓળખ આપતો દેશ બનાવી દીધો છે.

અફસોસ! હવે તો ઘેર-ઘેર, ગલી-ગલી, નુક્કડમાં સસ્તી લોકપ્રિયતાના આશીક એવા લીડરો, આગેવાનો, નેતાઓ ભટકી રહ્યા છે, જેઓ પક્ષો પર પક્ષો બદલી રહ્યા છે અને ઠાકરે જેવા એકબીજા પર આરોપ-પ્રતિઆરોપ ગલીચ ભાષામાં કરી આ દેશની સંસ્કૃતિને પાયમાલ કરી રહ્યા છે. દેશમાં જરૂર છે સાચી નીતિ-રીતિની, સાચાં સંગઠનોની, સાચા રાહબર અને રખેવાળની, જે દેશમાં વધતી જતી હાડમારી, તેમજ કોમવાદી તાકાતની જડોને જડમૂળથી સાફ કરે અને એક તંદુરસ્ત ભારત માટે નવો ઇતિહાસ બનાવે, જે ભારતને સાચા અર્થમાં ''મેરા ભારત મહાન'' બનાવે. ■

***અંજુમન વોઇસ, માર્ચ ૨૦૧૦માંથી સાભાર.***

**(મુ. શિનોર, જિ. વડોદરા ૩૯૧૧૧૫, મો. ૭૯૯૨૭૯૮૦)**

# સેવાભાવી સંસ્થાઓ અને કરવેરા

## કાકુલાલ છ. મહેતા

જેને આપણે સામાન્ય રૂપે નોન ગવર્ન્મેન્ટ ઓર્ગેનીઝેશન તરીકે ઓળખીએ છીએ તેને હું સેવાભાવી સંસ્થા તરીકે સંબોધું છું, જેનો કોઇ પણ વ્યાપારી એકમ સાથે ભેદ અહીં પ્રસ્તુત છે. કેમ કે સેવાભાવી સંસ્થાઓનો ઇરાદો કમાવાનો નહીં પણ સમાજના કોઇપણ પ્રકારના હિતાર્થે હોય છે.

ગરીબોના લાભાર્થે સાર્વજનિક કે સમાજિક વિતરણ વ્યવસ્થાની આવશ્યકતા છે પરંતુ જો પૂરતું અનાજ સક્ષમ રીતે પ્રાપ્ત કરવામાં અને એના વિતરણમાં, જે વંચિત વર્ગ માટે એ વ્યવસ્થા કરવામાં આવી છે તેને તે ન પહોંચે અને વચગાળિયા એમાંથી આર્થિક લાભ ઉઠાવે તો તે ગળામાં ઘંટીનું પડ બંધાયા જેવું બની જાય છે. . .જેના માટે સસ્તું અનાજ પહોંચાડવાની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે તેમાંથી અંદાજે ૫૮ ટકા એમને પહોંચતું જ નથી. એમાંથી ૩૬ ટકાથી વધારે અનાજ રસ્તામાં જ ગાયબ થઇ જાય છે. (નેશનલ ડેવલપમેંટ કાઉન્સિલની ૫૪મી કોન્ફરન્સમાં શ્રી પી. ચિદમ્બરમ્નું એ સમયના ફાયનાન્સ મિનિસ્ટરનું વક્તવ્ય - ઇંડીઅન એક્સ્પ્રેસ ૨૧-૧૨-૦૭)

ગરીબો માટે સસ્તા અનાજના વિતરણ અર્થે સરકારે એક રૂપિયો પહોંચાડવા માટે ૩.૬૫ રૂપિયાનો ખર્ચ કરેલ છે. આ તપાસ અંગે લાગતા-વળગતા ખાતા સાથે અને પાર્લમેંટમાં પણ ચર્ચા વિચારણા થઇ છે. પણ એની પાછળ રહેલ કાર્યક્ષમતાના અભાવ અને ભ્રષ્ટાચારને દૂર કરવાનો કોઇ ઉપાય સૂઝયો નથી. કદાચ એ કારણોસર કે જે અનુચિત લાભ ઉઠાવે છે તેની અને વિતરણ વ્યવસ્થાની એજન્સીની દબાવ લાવી શકાય એવી રાજકીય લાગવગ. આ વાત સરકારની બધી જ પ્રવૃત્તિઓને લાગુ પડે, છે જેમાં ઉચ્ચતમ શિક્ષણ સંસ્થાઓથી લઇને પ્રાથમિક શાળાઓ સુધી, રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિપ્રાપ્ત સંશોધન કરતી હોસ્પિટલથી લઇને ગામડાની પ્રાથમિક સ્વાસ્થ્ય સેવાના એકમ સુધી અને શહેરો માટેના વીજળીના પ્રસારણથી લઇને ગામડા કે જ્યાં વીજળી પહોંચી જ નથી એ બધાને લાગુ પડે છે. (રીઝર્વ બેંક ઓફ ઇંડીઆના માજી ગવર્નર શ્રી બિમલ જાલાનના પુસ્તક ઇંડીઆઝ પોલિટીકસમાંનો ઉતારો)

એમ લાગે છે કે શ્રી ચિદમ્બરમ્ અને શ્રી જાલાન બબ્બે છે. એક એ કે જે સરકારના સંચાલનના જાત અનુભવ અને હકીકતના આધારે અંતરના ઊંડાણમાંથી બોલે છે અને બીજા એ કે જે પક્ષ અને સત્તાના રાજકારણ આગળ પોતાને લાચાર અનુભવે છે. રાજકીય સ્વતંત્રતાની હિલચાલ એ તો એક સાધન હતું. ધ્યેય તો હતું આર્થિક સ્વતંત્રતાનું, આર્થિક ઉત્થાનનું. આ બન્ને મહાનુભવોની આતુર અને સહૃદય ભાવના છતાં આજે છ દાયકા પછી પણ સરકાર ગરીબી દૂર કરવામાં નિષ્ફળ રહી છે એ નર્યુ સત્ય છે. એક સમયે ડો. મનમોહનસિંહે કહેલું કે દોષ સિસ્ટમનો છે. પ્રશ્ન એ છે કે સિસ્ટમનો દોષ દૂર કરવાની જવાબદારી કોની? સરકારની ખરી કે નહિ?

જગજાહેર છે કે ગરીબો માટેની અનાજ વિતરણ વ્યવસ્થા કે પછી શિક્ષણ કે સ્વાસ્થ્ય સેવાનાં કે બીજાં એવાં ક્ષેત્રોમાં સંતોષ કે ગૌરવ લેવા જેવું કશુંય સરકાર કરી શકી નથી જ્યારે આર્થિક દુર્વ્યયનો કોઇ હિસાબ નથી. પ્રજા કરવેરા એટલા માટે ભરે છે કે સરકાર પ્રજાના હિતનાં કાર્યો કરે અને દેશની આર્થિક અને રાજકીય સ્વતંત્રતાનું રક્ષણ કરે. સરકાર જ્યારે આ પ્રાથમિક જવાબદારીમાં નિષ્ફળ જતી હોય તો પ્રજા કરવેરા શા માટે ભરે?

સરકાર શું કરી શકે? એક સુઝાવ આ છે. કોઇ દાતાને બે લાખ રૂપિયાનો કર ભરવાનો હોય અને રૂપિયા એક લાખ કોઇ પ્રસિદ્ધ અને પરોપકારી સેવાભાવી સંસ્થાને દાન આપે તો સરકાર કરની રકમ રૂપિયા બે લાખમાંથી એક લાખ બાદ આપે. અલબત્ત, સરકાર આવી કરમુક્તિ આપવા માટે સંસ્થાનું ઐતિહાસિક કાર્ય, વિશ્વસનીયતા અને લાયકાતના આધાર પર યોગ્ય નીતિ નિયમો ઘડી શકે. સેવાભાવી સંસ્થાઓની સાથે આ બાબત ચર્ચા કરવી આવશ્યક અને હિતાવહ ગણાય.

આમ કરવાથી શું લાભ? પ્રથમ દ્રષ્ટિએ સરકાર રૂપિયા એક લાખની આવક જતી કરે છે પરંતુ સાથે સાથે જ ગરીબોના હિતાર્થે મુક્ત કરે છે. એટલે સરકારને નથી કોઇ લાભ થતો કે નથી કોઇ નુકસાન થતું અને સરકારનું કામ સેવાભાવી સંસ્થા કરી આપે છે. પરંતુ આમ કરવાથી સરકારને ગરીબો માટે રૂપિયો એક પહોંચાડવામાં જે રૂપિયા ૩.૬૫ વ્યર્થ ખર્ચ થાય છે તે બચી જશે જે સરકારને માટે મોટો લાભ હશે અને બીજાં સારાં કાર્યો કરવામાં ઉપયોગી થશે. બીજો લાભ એ થશે કે જે વચગાળિયા અનુચિત લાભ ઉઠાવે છે તેની સામે કાર્યવાહી કરવાની આવશ્યકતા પણ નહિ રહે. ત્રીજો લાભ એ થશે કે સરકારની સ્વચ્છ કાર્યપ્રણાલીની છાપ ઊપસી આવશે. ચોથો લાભ એ થશે કે બંધારણમાં વિકેંદ્રીકરણની જે ભાવના છે તેને મૂર્ત સ્વરૂપ મળશે, જે એક મહત્ત્વનો આર્થિક સુધારો બની રહેશે અને સાચા અર્થમાં સરકાર અને પ્રજા વચ્ચેની ભાગીદારીનું અને સહકારનું સ્વરૂપ ધારણ કરશે. આટલું તો

સ્વીકારી શકાશે કે ભ્રષ્ટાચારના કળણમાંથી બહાર નીકળવાનો આ એક સરળ માર્ગ બની જશે. સરકારની આવકને નુકસાન પહોંચાડ્યા વગર સક્ષમ રીતે સામાજિક-આર્થિક આશયોને પહોંચી શકાશે. દલિત અને મધ્યમવર્ગી પ્રજાની અપેક્ષા છે કે આ રીતે સામાજિક-આર્થિક કાર્યાર્થે દાતાને આવકવેરામાં કરરાહત આપવાથી વંચિત કે ઓછી આવકવાળાને વિકાસ સાધવામાં સહાય મળશે અને ડો. મનમોહનસિંહ જેને આઉટ ઓફ બોક્સ કહે છે તેનું ઉદાહરણ બની રહેશે.

ઐતિહાસિક દ્રષ્ટિએ એ એક સત્ય છે કે માનવસર્જિત કે કુદરતી આફત વેળાએ જ્યારે તાત્કાલિક મદદની જરૂર હોય છે ત્યારે સરકારની, એની વિલંબિત કાર્યપ્રણાલીને કારણે જે મદદ પહોંચી શકે છે તેના કરતાં સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિગત રૂપે જરૂરિયાતમંદને ત્વરિત અને પૂરતી સહાય મળે છે. આ વાત સર્વ સ્વીકૃત છે. એક વાર સરકાર આવી પ્રામાણિક અને નિખાલસ સહૃદય સંસ્થાઓને માન્ય કરે ત્યારે સરકાર અને પ્રજાની સાચી ભાગીદારીની શરૂઆતનો પાયો નખાશે.

સેવાભાવી સંસ્થાને રોકડેથી અપાતી રૂા.૫૦,૦૦૦/- કે વધુ રકમ પર સરકારે કર નાખ્યો છે એની પાછળ માન્યતા એ છે કે કર ચૂકવ્યા વગરની એ રકમ છે. એ વાત સત્ય હોય તો પણ જ્યારે એ રકમ વંચિતોના લાભાર્થે વપરાતી હોય છે અને સરકારની ગરીબો માટેની યોજનાને અનુરૂપ હોય છે, ત્યારે રોકડ દાન ઉપર કર લેવો એ ન્યાયોચિત તો નથી જ નથી. એટલે આ કર અવશ્ય નાબૂદ થવો જોઇએ.

આ રજૂઆતના અંતે ફરી એક વાર ડો. બિમલ જાલાનનું મંતવ્ય વિચારીએ. તેઓ એમના પુસ્તકના અંતમાં લખે છે : ''મને એ વાતમાં જરી કે ય શંકા નથી કે જ્યારે સામાજિક સંસ્થાઓ અને પરોપકારી વ્યક્તિઓ ભારતના વિકાસ અને ઉત્કર્ષમાં પૂરી આવડત સાથે આગળ આવશે ત્યારે દુનિયાની કોઇ તાકાત નથી કે ભારતના આર્થિક વિકાસને કે એની સમર્થતાને રોકી શકે.'' આપણે આ માગણી કરીએ - આપણે આવું કામ કરીએ ! ■ **૧૭૦૪, ગ્રીનરીજ ટાવર ૨, ૧૨૦ ન્યુ લીંક રોડ, ચીકુવાડી, બોરીવલી (પશ્ચિમ), મુંબઇ ૪૦૦૦૯૨**

## જગદીપ સ્માર્તનું પુસ્તક - રંગ રેખા અક્ષર



૧૫ નવે. ૨૦૦૯ અમદાવાદની ગુફામાં મારા સૂર્ય સંવેદનાઓના ચિત્ર-પ્રદર્શનના ઉદ્ઘાટને ડાયસ પરથી બોલવું પડયું, ''ઈશ્વરને જગદીપ સ્માર્તે મોકલાવેલ ચિત્ર- પ્રદર્શનનું આમંત્રણ મંજૂર નહીં હોય એટલે જ પ્રદર્શનના આગલા ગોઝારા દિવસો જગદીપને ભરખી ગયા.''

ઈ.સ. ૧૯૭૩ થી ૧૯૭૭ દરમિયાન વડોદરાની કલા મહાવિદ્યાલયમાં જગદીપ મારો સહપાઠી હતો, ત્યારે તે વાસુદેવદાદાની ચિત્ર-પ્રણાલીથી વછૂટીને પોતાની આગવી ઈમેજ ઊભી કરવા માંગતો હતો. તે પછી તો ઘરમાં જ ઘેઘૂર વડલા હેઠળ તણખલા જગદીપે પ્રગાઢ પ્રયત્નો કર્યા. દ્રઢ આત્મબળે, છાતીએ અનોખી અગન-લગન લઈ ચિત્રકલાનાં અનેક રેશમિયા ચીરો કલાદેવીને પૂર્યાનો હું સાક્ષી છું. વામન કદના આ વિરાટ વ્યક્તિત્વની ઉત્તરાવસ્થાનાં ચિત્રો વિષે આજે અનેક વિવેચકો વિચારતા થઈ ગયા છે. તેમની ચિત્રશૈલી કેટલાક અંશે ભારતીય લઘુ-ચિત્રો (મિનિએચર)ની અસર હેઠળ ઉત્તરોતર વિકસતી મેં જોઈ છે. કેન્વાસ પર કલાત્મકતાનો તસુભાર અવકાશ છોડયા વગર તેની પીંછીએ સચરાચર અચર વિહાર કર્યો છે. લઘુ-ચિત્ર અનુસંધાને તેનો વિષયાંતર વૈભવ પણ કેવો ભભકાદાર ને સચોટ છે, તેનો તુલનાત્મક મનોવ્યવહાર અહીં આલેખવાનો મોહ જતો નથી કરી શકતો. લઘુ-ચિત્ર નાયક શ્રીકૃષ્ણની જગ્યાએ સૂત્રધાર. નાયિકા-અભિસારિકાની જગ્યાએ કઠપૂતળીઓ. મોરલી-મોરપીંછની જગ્યાએ ફફડાટ કરતી શિખરોની ધ્વજા-પતાકાઓ. મથુરા-દ્વારકાની જગ્યાએ સુરતપુરી. યમુનાની જગ્યાએ તાપીની પવિત્રતા તેના રંગચિત્રોમાં મેં પિછાણી છે. અલબત્ત ફાનસ, છત્રી, ચાડિયો, જોકર, કાગડો, વરાહ, વૃક્ષ તથા માછલીનાં પ્રતીકો સકારણ તેનાં ચિત્રોમાં તરવરે છે. તેના જલ-રંગોમાં સૂરજ-સુરતના ભૂખરા-પીળા-નારંગી રંગો તથા સભ્ય સમાજના શુભ તરલ રંગો પ્રતીકાત્મક પ્રયોજાયા છે. તો તેનાં એક્રેલિક રંગ-ચિત્રોમાં માતૃત્વ, પિતૃતર્પણ તથા આવાસ-સહવાસનાં આંસુઓ છલોછલ ભર્યાં પડયાં છે. છત્રી, ફાનસ, ચારસો, ઘોડિયું, આરામખુરસી વગેરે સભ્ય સમાજના છેતરામણાં સ્વરૂપો પ્રયોજાયાં છે. તેના દ્વારા તેની આગવી શૈલીનો વણથંભ્યો વિકાસ થતો રહ્યો.

તાજેતરમાં પ્રકાશિત પુસ્તક 'રંગ રેખા અક્ષર'ની સુચારુ છાપણીમાં જગદીપ સ્માર્તની ગદ્ય-પદ્ય રચનાઓ જળરંગો, એક્રેલિક રંગ ચિત્રો તથા છબીકલાનાં મીઠાં સંભારણાઓ બની અવતર્યાં છે. તેમના અંગત મિત્ર મા. અનિલ રેલિયાની ભાવભીની અંજલિ સ્વરૂપે આ પુસ્તક મારા હાથમાં આવતાં જ સ્મરણો ઝબકી ઊઠયાં ને સ્વયં બોલી જવાયું ''જગદીપ તો સમરથ હતો, તે નિખલાસ અને સાલસ હતો, હાજર જવાબી હતો.'' ■

***-સવજી છાયા, જગત મંદિર સામે, ધનેશ્વરી શેરી, દ્વારકા, જિ. જામનગર ૩૬૧૩૩૫, મો. ૯૮૭૯૯૩૨૧૦૩***

# 'હરિશ્ચંદ્ર'ના હરવિલાસબેન



આદિવાસીઓની કારમી ગરીબાઇ સૌથી પહેલી રૂબરૂમાં મેં જોઇ પિંડવળમાં. લગભગ ૧૯૭૮-૭૯ની સાલ હતી. સુરતના અમે બધા છાત્ર યુવા સંઘર્ષ વાહિનીના મિત્રો - હું, અંબરીષ, કમલ પાઠક વગેરેએ પિંડવળમાં શિબિર કરેલો, એ ઊંડાણના ગામમાં વર્ષોથી ધૂણી ધખાવીને બેઠેલાં સર્વોદય પરિવારનાં કાંતાબેન-હરવિલાસબેન, કાંતિભાઇ-નવનીતભાઇના સાંનિધ્યમાં. રોજ સાંજે આજુબાજુનાં કુટુંબોને મળવા એમનાં નાનાં ઘરો - તૂટીફૂટી ઝૂંપડીઓમાં જતાં. ત્યારે પહેલવહેલી વાર દારૂણ ગરીબી એટલે શું એનો અહેસાસ મને થયેલો. માન્યામાં ન આવે પણ કોઇપણ ઝૂંપડીમાં દાખલ થઇએ, ત્યારે ખ્યાલ આવે કે બાજુના અંધારિયા ખૂણામાં ઠરેલા ચુલા પાસે બે-ત્રણ માટીનાં અને એક-બે ટીનનાં વાસણો, બાજુમાં બે બાજુ ભેરવેલી દોરી પર લટકતાં બે-ત્રણ કપડાં, માટલું અને જવલ્લે જ જોવા મળતો કાથીનો ખાટલો- એ સિવાય સમ ખાવા પૂરતી યે કશી ઘરવખરી ના હોય, દાણાં ભરવાની કોઇ કોઠી ના હોય. ગરીબીનું એ ચિત્ર આજે પણ મારા દિલ પર જેવું ને તેવું કોતરાયેલું છે! ત્યારે લાગ્યા વગર ન રહ્યું કે આ ચારે જણની ટુકડીએ ખરેખર યોગ્ય અને જરૂરી સ્થળે ધૂણી ધખાવી છે.

હરવિલાસબેનના એક સ્વભાવે જે મારા પર ઊંડી છાપ પાડી છે, એ એમનો સૌ સાથે પ્રેમથી હળવા-મળવાનો સ્વભાવ. કાંતાબેન - હરવિલાસબેન - બન્ને બહેનોની ગરીબો, આદિવાસીઓનાં કામો માટે ફંડ એકઠું કરવાની નિષ્ઠા, સાતત્ય અને કટિબદ્ધતા અચંબો પમાડી દે તેવાં તો હતાં જ. જેમણે મદદ કરી હોય એમને બીજે વર્ષે એમનો પત્ર અચૂક મળે જ, સત્કાર્યમાં યથાશક્તિ ભાગીદાર થવાનું ઇજન મળે જ. પણ એ નાતો માત્ર ફંડ-ફાળો ઉઘરાવવા પૂરતો જ ન રહે. હરવિલાસબેનના લાગણીભર્યા સ્વભાવનો પરિચય તો મને ૨૦૦૩માં થયો, જ્યારે મારાં મમ્મી સુરતમાં મારા ભાઇ કમલેશની હોસ્પિટલમાં કેન્સરની સારવાર લેતાં હતાં. એ દિવસોમાં એ સુરત હતાં અને એમને જાણ થઇ કે તરત જ તેઓ (અને મુ. કાંતિભાઇ) મમ્મીની ખબર લેવા હોસ્પિટલ આવી પહોંચ્યાં. અને ખૂબ દિલથી તેઓ મમ્મી-પપ્પા પાસે ખાસ્સો સમય બેઠાં. એમના સંબંધોનો નાતો કેટલો ઊંડો હતો એનો ખ્યાલ આવ્યો. મને યાદ છે કે જ્યારે પણ મળતાં, ત્યારે મમ્મી-પપ્પા (જીવતાં હતાં ત્યાં સુધી) અને મારી બહેન ભાવિનીના અને ભાઇ-ભાભીના ખબરઅંતર અચૂક પૂછતાં. એમને તો કેટલીયે વ્યક્તિઓ જોડે સંબંધ હતો, પરંતુ બધાની સાથે જે સંબંધ બાંધતાં એ દિલથી બાંધતાં અને એ નાતો કાયમ ટકાવી રાખતાં.

આમ તો, કાંતાબેન-હરવિલાસબેનને રૂબરૂ મળવાનું તો અલપઝલપ થતું. પણ, જે આડકતરું, પણ નિયમિત મળવાનું થતું તે હરિશ્ચંદ્રની વાર્તાઓ દ્વારા. હું કાંતિભાઇને કોઇ વાર હસવામાં કહેતી પણ ખરી કે ભૂ.પુ.નું મારું તો મુખ્ય આકર્ષણ છેલ્લું પાનું. ભૂ.પુ. આવે કે સૌથી પહેલું એનું રેપર તોડીને છેલ્લું પાનું જ વાંચવાનું, પછી બીજું બધું. અને એમાંય જો એ વાંચતાં ઝળઝળિયાં આવી ગયાં હોય, કે ગુમસુમ થઇ જવાયું હોય કે સમાજ જીવનની કોઇ ખાસિયત પર વિચારે ચડી જવાયું હોય કે માનવસંબંધોની ઊંડી ભાવનાઓ હૃદયને સ્પર્શી ગઇ હોય, ત્યારે થોડો પોરો ખાવો જ પડે. દર પખવાડિયે નવા રંગ સાથે, નવા ભાવ સાથે વાર્તા આવતી રહેતી. ઘણી વાર વિચાર આવી જતો - આ બહેનોની બેલડી કેટલી નીતનવી, હૃદયસ્પર્શી વાર્તાઓ આટલી નિયમિત રીતે લાવીને, મઠારીને આપણી સામે મૂકી દે છે! ખરેખર કાબિલેદાદ છે. કાંતાબેનની વિદાય પછી થોડો ધ્રાસ્કો પડેલો કે હરિશ્ચંદ્રની વાર્તાઓનું શું થશે? પરંતુ, હરવિલાસબેને કોઇ જ રસભંગ વગર એ દોર અકબંધ રાખ્યો. પણ, હવે શું થશે? બેલડીમાંથી કાંતાબેન જતાં હરવિલાસબેને ચાલુ રાખ્યું, હરવિલાસબેન જતાં હવે શું? 'ગતે મુંજે યશઃપુંજે...' એ સવાલ તો છે જ. ૧૬-૪-૧૦ના હરવિલાસબેનને શ્રદ્ધાંજલિ આપતા ભૂ.પુ.ના અંકમાં હરિશ્ચંદ્રનો અને હરવિલાસબેનનો વધુ ઊંડો પરિચય થયો. એમાં વલસાડના બકુલાબેન ઘાસવાલાને યોગ્ય રીતે જ ટાંક્યાં છે કે ''હવે 'હરિશ્ચંદ્ર'ની ફોરમ 'વીણેલાં ફૂલ'માં. હરવિલાસબેન એમની વાર્તાઓના સંપુટ વીણેલાં ફૂલો દ્વારા આપણી વચ્ચે હંમેશાં મહેકતાં રહેશે.'' ■ **તૃપ્તિ**

# ગણિતના ભેખધારી પ્રા.પ્ર.ચુ.વૈદ્ય

**પ્રા. રેખા મહેતા**

વીસમી સદીની બે વિશ્વવિખ્યાત વ્યક્તિ : ગાંધીજી અને આઇનસ્ટાઇન. આ બંને વિભૂતિઓ સાથે જોડાયેલ વ્યક્તિ તે તાજેતરમાં (૧૨ માર્ચ, ૨૦૧૦) જેમનો દેહવિલય થયો તે પ્રા. પ્ર. ચુ. વૈદ્ય (પ્રહ્‌લાદ ચુનીલાલ વૈદ્ય ગુજરાતીમાં પ્ર. ચુ. વૈદ્ય લખવું તે તેમની આગવી રીત હતી. તેઓ કહેતા કે અંગ્રેજીમાં પ્રથમ અક્ષર મુજબ પી.સી.વૈદ્ય બરાબર છે, પરંતુ ગુજરાતીમાં નામના આદ્યાક્ષરો લેતાં આ મુજબ લખાવું જોઇએ).

કાકા કાલેલકરે ગંગા વિષે લખ્યું છે કે 'ગંગા કશું જ ન કરત, માત્ર ભીષ્મને જન્મ આપત તો પણ આજે આર્યજાતિની માતા તરીકે પ્રખ્યાત હોત' એવું જ કંઇક વૈદ્યસાહેબ માટે કહી શકાય કે તેઓએ બીજું કશું ન કર્યું હોત, માત્ર તેમની અદ્‌ભુત શૈલીથી ગણિતનું અધ્યાપન કર્યું હોત તો પણ ગુજરાતના ગણિતના પિતામહ તરીકે પ્રખ્યાત હોત.



'સ્રોત' એપ્રિલ ૨૦૧૦માંથી સાભાર

આદરણીય વૈદ્ય સાહેબનો જન્મ ૨૧ મે, ૧૯૧૮ના જૂનાગઢ નજીક શાપુર ગામે થયો હતો. માત્ર ચાર વર્ષની વયે માતાનું અને તેરમા વર્ષે પિતાનું છત્ર ગુમાવ્યું. શરૂઆતનો શાળા અભ્યાસ ભાવનગર કર્યો. (પિતાની નબળી આંખોને કારણે તેઓ પિતાજીને વાંચી સંભળાવતા, જેમાં ગાંધીજીના 'સત્યના પ્રયોગો' પોતાની ૯ વર્ષની વયે વાંચી સંભળાવેલ તેમ નોંધેલું છે. જીવનભરની ગાંધીનિષ્ઠાનાં બીજ કદાચ અહીં હતાં). પિતાના અવસાન બાદ મુંબઇ મોટાભાઇ સાથે રહેવા ગયા (મોટાભાઇ મધુસૂદનભાઇ ગણિતના શિક્ષક હતા). મુંબઇમાં મેટ્રિક પાસ થઇ કુટુંબની કપરી આર્થિક સ્થિતિ છતાં સ્કોલરશિપ, ટ્યુશન અને મોટાભાઇની હૂંફથી કોલેજમાં પ્રવેશ લીધો. ગણિતશાસ્ત્ર મુખ્ય વિષય લઇ બી. એસ. સી. અને એમ. એસ. સી. થયા (૧૯૪૦). અભ્યાસકાળ દરમ્યાન સરદાર પૃથ્વીસિંહના અહિંસક વ્યાયામ સંઘમાં જઇ મગજ સાથે શરીર પણ કસ્યું.

એમ. એસ. સી. થયા બાદ એકાદ વર્ષ રાજકોટની કોલેજમાં અધ્યાપન કર્યું, પરંતુ એમની અંતરેચ્છા સંશોધનની હતી. એમ. એસ. સી.ના અભ્યાસકાળ દરમ્યાન બનારસ હિંદુ યુનિવર્સિટીના પ્રા.વી.વી નારલીકરના સાપેક્ષવાદ વિષેનાં વ્યાખ્યાનોમાં તેમને ખૂબ રસ પડેલો એટલે તેમને પત્ર લખી સંશોધન માટે તેમની પાસે કામ કરવાની મંજૂરી માગી અને એક વર્ષની કમાણીમાંથી થયેલી બચત અને કુટુંબ સાથે ૧૯૪૨માં બનારસ ગયા.

બનારસમાં પ્રા. નારલીકર પાસે રહીને એકાદ વર્ષ સંશોધન કાર્ય કર્યું, જેમાં તેમને આંતરરાષ્ટ્રિય ખ્યાતિ અપાવનાર 'વૈદ્ય મેટ્રિક'નો સમાવેશ થાય છે. આઇનસ્ટાઇનના સાપેક્ષતાવાદ સિદ્ધાંતના સમીકરણોનો એક ઉકેલ શ્વાર્ઝશિલ્ડે આપેલ જે માનાંક (Metric) નામની ગોલક ભૂમિતિ પર આધારિત છે. તેના ઉકેલમાં તારાના બહિર્ભાગમાં રિક્તતા છે તેવી ધારણા હતી. વૈદ્ય સાહેબે ઉકેલમાં તારામાંથી નીકળતા વિકિરણોને પણ લક્ષમાં લીધાં અને નવો માનાંક આપ્યો, જે હવે આંતરરાષ્ટ્રિય સ્તરે 'વૈદ્ય મેટ્રિક'થી જાણીતો છે. ઇન્ટરનેટ ગુગલ પર સર્ચ કરતાં 'વૈદ્ય મેટ્રિક'ના ૩૪૦૦૦ થી પણ વધુ સંદર્ભો મળે છે.

૧૯૪૩ થી ૪૭ સુરતની એમ ટી બી કોલેજમાં અધ્યાપન કર્યું. ફરી ૧૯૪૭-૪૮ દરમ્યાન મુંબઇ ટાટા ઇન્સ્ટીટ્યુટ ઓફ ફંડામેન્ટલ રીસર્ચમાં જઇ ડો. હોમી ભાભા સાથે સંશોધન કર્યું અને ડોક્ટરેટ પૂરું કર્યું. અહીં વધારે સમય રહીને કામ કરવાની તેમને ઇચ્છા હતી પરંતુ મકાન ન મળવાને કારણે (હા, એ વખતે મુંબઇમાં એ પરિસ્થિતિ હતી) ૧૯૪૮માં વલ્લભ વિદ્યાનગરની વી.પી. સાયન્સ કોલેજમાં જોડાયા, જ્યાં તેમણે ૧૯૫૫ સુધી સેવાઓ આપી. તેમની અધ્યાપકીય કારકિર્દીનો આ લાંબો સ્થિર ગાળો હતો. તેમણે વર્ગમાં તેમ જ રમતના મેદાનમાં પણ વિદ્યાર્થીઓ પર ઊંડી અસર ઊભી કરી, એટલું જ નહિ સંશોધનની ગાડી પણ પૂરપાટ ચાલતી રહી. તેમના સંશોધનપત્રોથી તેઓ સાપેક્ષતાવાદના આંતરરાષ્ટ્રિય નિષ્ણાતોમાં પ્રખ્યાત થઇ ગયા.

ઇ.સ. ૧૯૫૫માં તેઓ ગુજરાત કોલેજમાં પ્રાધ્યાપક બન્યા અને ૧૯૫૮માં વીસનગર એમ એન સાયન્સ કોલેજમાં આચાર્ય પદે નિયુક્ત

થયા અને ૧૯૫૪માં ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક ગણિત વિભાગમાં પ્રાધ્યાપક તરીકે નિમણૂક પામ્યા.

આ પછીનો, ખાસ કરીને ૧૯૬૦નો દાયકો રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય સ્તરે ગણિત શિક્ષણમાં ધરખમ પરિવર્તન લાવનારો હતો. એક વાત સર્વસ્વીકૃત થઇ કે વિજ્ઞાન ક્ષેત્રે સર્વોચ્ચ શિખરો સર કરવા ગણિતના અભ્યાસક્રમમાં આમૂલ પરિવર્તનની જરૂર છે. જેના પરિપાકરૂપે નવા ગણિતનો જુવાળ આવ્યો. આ જુવાળને ઝીલવા માટે વૈદ્યસાહેબે અનેક મોરચા ખોલ્યા. ગુજરાત ગણિત મંડળની સ્થાપના, 'સુગણિતમ્' સામયિકની શરૂઆત (૧૯૬૩-૬૪), વિદ્યાર્થીઓ માટે ગણિત સ્પર્ધાઓ અને શિક્ષકો અને અધ્યાપકોની સજ્જતા માટે શિબિરોનું આયોજન. આ બધાની સાથે ગણિત અને વિજ્ઞાનના ચીલાચાલુ અભ્યાસક્રમો બદલવા સરકારને યોગદાન પણ આપ્યું. ખરે જ, એમણે ગણિતનો ભેખ ધરી લીધો. વળી, 'ગુજરાતી આરંભે શૂરો' એમ નહીં; છેલ્લાં ૪૫ કરતાં વધારે વર્ષોથી ગણિત મંડળ અને 'સુગણિતમ્' તેમના સક્રિય માર્ગદર્શનથી ફૂલતાં-ફાલતાં રહ્યા છે, જે રાજ્યકક્ષાના મંડળ કે સામયિક માટે અનન્ય ઘટના કહી શકાય. વિજ્ઞાનમાં સક્રિય રસ જાગૃત કરવા ડૉ. વિક્રમ સારાભાઇ સાથે મળી તેમણે 'કોમ્યુનીટી સાયન્સ સેન્ટર' શરૂ કરવામાં પણ અગત્યની ભૂમિકા ભજવી. આ સાથે એ પણ નોંધવું જોઇએ કે Indian Association of General Relativity and Gravitation (IAGRG) ના વૈદ્યસાહેબ સ્થાપક સભ્ય અને પ્રણેતા હતા.

તેઓ ગાંધી વિચારમાં શ્રદ્ધા ધરાવતા હતા અને તે જ રીતે જીવતા. તેમની મૂલ્યનિષ્ઠાથી તેઓ વિદ્યાર્થીઓ અને સહઅધ્યાપકોમાં જ નહિ પરંતુ સમાજના અન્ય લોકોમાં પણ માનભર્યું સ્થાન પામ્યા. ૧૯૭૧માં તેઓ ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ નિયુક્ત થયા, જે સ્થાન તેમણે ૧૯૭૭ સુધી પોતાની આગવી રીતે શોભાવ્યું. ત્યારબાદ તેમની નિયુક્તિ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના સભ્યપદે પણ થઇ. ૧૯૭૮માં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિના હોદ્દા પર તેઓ નિયુક્ત થયા, જે પદ તેમણે ૧૯૮૦માં છોડ્યું. ત્યાર બાદ તેમણે કોઇ પણ હોદ્દો સ્વીકાર્યો નહિ. ફક્ત ગણિતનું સંશોધન, અધ્યાપન, લેખન અને ગણિત શિક્ષણના વિકાસ પર જ સમગ્ર શક્તિ કેન્દ્રિત કરી.
સામાન્યતઃ ગણિત-વિજ્ઞાન નિરસ વિષયો ગણાય છે, પણ વૈદ્યસાહેબનું એક જ વ્યાખ્યાન સાંભળો તો આ અભિપ્રાય બદલવો પડે. વિષયનું ઊંડાણ, રસપ્રદ રજૂઆત અને જબરદસ્ત ભાષાપ્રભુત્વ (અંગ્રેજી ગુજરાતી તેમજ હિંદી). ગણિતના સંશોધનપત્રો ઉપરાંત તેમણે 'સુગણિતમ્'માં અત્યંત રોચક શૈલીમાં વર્ષો સુધી લેખો લખ્યા છે. તેમની અધ્યાપન યાત્રાના પુસ્તક 'ચોક અને ડસ્ટર'ને તો ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળેલ છે (જેમાં ઠેર ઠેર તેમની હળવી રમૂજી શૈલી પ્રત્યુત્તપન્નમતિ જોવા મળે છે). તો કુમાર જેવા લબ્ધપ્રતિષ્ઠ સામયિકમાં તેમની લેખમાળા 'પસ્તીનાં પાનાં' શીર્ષક હેઠળ પ્રકાશિત થઇ છે, જે પણ ગુજરાતી સાહિત્યનું ઉત્તમ નજરાણું છે.

અખાડાનું કસાયેલ શરીર અને સાદગીને વરેલ વૈદ્યસાહેબે જીવનનાં મોટાભાગનાં વર્ષો સાયકલ સવારી કરી. આયુષ્યના ૮૦મા વર્ષે પણ તેમને સાઇકલ પર ગણિત વિભાગમાં આવતા જોવા એ એક લ્હાવો હતો.

આવું માતબર આંતરવિદ્ ધરાવતા વૈદ્ય સાહેબનું બાહ્ય વ્યક્તિત્વ પણ એટલું જ પ્રભાવક હતું. સફેદ ખાદીનાં કફની- પાયજામો- બંડી અને ટોપી ધારણ કરેલ ઊંચી ટટ્ટાર વ્યક્તિ, પ્રસન્ન ચહેરો અને ચમકતી આંખો. એક વખત તેમને જોનાર ભૂલી ન શકે તેવું વ્યક્તિત્વ.

ગણિતના આ ભેખધારીને નમ્રતાપૂર્વક શ્રદ્ધાંજલિ! ■

**(લેખિકા સરદાર પટેલ યુનિવર્સિટીના ગણિત વિભાગમાં પ્રાધ્યાપિકા છે. ગણિત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર. ૦૨૬૯૨-૨૨૬૮૬૯)**

**દલિત સમાજની વ્યથાના ઉદ્‌ગાતા જોસેફ મેકવાન**

વાસ્તવ અને વેદનાથી રસાયેલી અને તળપદી ગુજરાતીમાં અવતરેલી, જેના 'થકી આપણો પોતીકા જણો હલબલી ઊઠે, આપણા જ કાળજામાં ઊહાપોહ મચે, આપણું નીંભર એદીપણું આળસ મરડે, આપણો જણ જાગે - જગ જાગે' એવી 'વ્યથાનાં વીતક', 'આંગળિયાત', 'પન્નાભાભી' કે 'મારી પરણેતર' 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' જેવી કલાકૃતિઓ દ્વારા ગરીબો અને દલિત સમાજ - ખાસ કરીને દલિત સ્ત્રીઓની, રઘુવીર ચૌધરીના શબ્દોમાં કહીએ તો, વેદનાનો વહીવંચો આપણી સામે જેમણે ખુલ્લો કર્યો છે, એ શ્રમજીવી સમાજની વ્યથાના ઉદ્‌ગાતા જોસેફ મેકવાનને હાર્દિક શ્રદ્ધાંજલિ !

*Life, Liberty, Property - that is what Man is. Of these three things one may say, without any demagogic quibbling, that they are anterior and superior to all human legislation.*
*It is not because men have passed laws that life, liberty and property exist. On the contrary, it is because life, liberty and property already exist that men make laws.*


***Frederic Bastiat, The Law, 1850***

*...(T)he conception of the Rule of the Law is sometimes confused with the requirement of mere legality in all government action. The Rule of the Law, of course, presupposes complete legality, but this is not enough: if a law gave the government unlimited power to act as it pleased, all its actions would be legal, but it would certainly not be under the Rule of the Law. The Rule of the Law ...requires that all laws conform to certain principles.*

***F. A. Hayek, The Constitution of Liberty, 1960***

*The future is very open and depends upon us, on all of us. It depends on what you and I and many other people do, today, tomorrow and the day after tomorrow. And what we do depends in turn on our ideas and wishes, on our hopes and fears. It depends on how we see the world, and how we assess the open possibilities of the future.*
*This means we have a great responsibility, which becomes even greater when we realize the following truth: we know nothing, or rather, we know so little that we can safely define that little as 'nothing', because it is nothing in comparison with what we would need to know to make the right decisions.*

***Karl Popper, The Lesson of this Century, 1997***



RNI No. GUJMUL/2007/21517

Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

- Rabindranath Tagore - Gitanjali

Khoj - Jeevan Ek Avirat Khoj March-April 2010 Volume 4 Issues 2
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development, E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara